કુમાર

૨૪૧



સુવર્ણમૃગનું શરસંધાન (નૃત્યાભિનયનું રેખાલેખન) ચિત્રકાર · વિષ્ણુકુમાર ભટ્ટ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનાં ઘરોનું અદ્યતન માસિક

આદ્યતંત્રી · રવિશંકર રાવળ

સંપાદક · બચુભાઈ રાવત

વર્ષ એકવીસમું · અંક પહેલો · જાન્યુઆરી ૧૯૪૪



પ્રકાશન તારીખ ૨૩-૨-૪૪

મુદ્રક-બચુભાઈ રાવત; પ્રકાશક - રવિશંકર મહાશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, પરદેશના ૧૨ શિ., છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ: મુંબાઇમાં: આર. આર. શેઠની કં., એન. એમ. ત્રિપાઠી લિ., અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં : પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ. તથા નૂતન ફોટો સ્ટુડિયો, રાવપુરા. કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યુરો, મહેતા બિલ્ડિંગ. મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ–૧; અમદાવાદમાં શ્રી પુષ્પવદન ઠાકોર, આનંદનગર.




મનની વાત (પેન્સિલનું આલેખન) કલાકાર : શ્રી ગનાપી




ટપાલની ટિકિટો પર (ફળો સિવાયની) ખેતીની ઉત્પત્તિ (શ્રી હરિલાલ બૅંકરનો સંગ્રહ

ઉપલી હારઃ (૧) આર્જેન્ટિના (દક્ષિણ આફ્રિકા)ની ટિકિટ ઉપર પાકથી લચેલું ખેતર; (૨) ઇજિપ્તની ટિકિટ ઉપર કપાસનાં કાલાં; (૩) ફીજી ટાપુઓની ટિકિટ ઉપર શેરડી. નીચલી હારઃ (૧) મોઝાંબિક (પૂર્વ આફ્રિકાના પોર્ચુગીઝ સંસ્થાન)ની ટિકિટ ઉપર કૉફીનાં ઝાડ; (૨) એ જ પ્રદેશની ટિકિટ પર તમાકુનાં ઝાડ; (૩) સીલોનની ટિકિટ પર ચોખાના ક્યારા; (૪) મોઝામ્બિકની ટિકિટ પર મકાઈનું ખેતર



ફોટોગ્રાફી હરીફાઈ

શ્રી. ઓના(કોચીન)નાં ઉપરનાં બે ચિત્રો 'વહાણનો આધાર' નોંધપાત્ર; 'બંદરમાં આરામ' ત્રીજું ઈનામ.



વિદાય

ચિત્રકાર - શ્યાવક્ષ ચાવડા

ભારતની મૂળ ચિત્રપ્રણાલિની ધ્યાનકલ્પિત રીતે ચિત્રો આલેખનાર આ ચિત્રકાર (અને ઉપરાંત સંગીતકળા, ફોટોગ્રાફી, તસ્વીરકલા, નેપથ્યવિધાન, ભિત્તીશિલ્પ આદિ અનેકવિધ અન્ય કલાઓના જ્ઞાતા કલાકાર)ના તથા તેના ચિત્રના પરિચય માટે અંદર જુઓ.

ભારતીને

ધાત્રી હતી
દાત્રી હતી
તું તો અહા જગસંસ્કૃતિ કેરી વિધાત્રી યે હતી!
પણ આજ સંસ્કૃતિધ્વંસમાં
ને સકલ સ્વપ્ન વિભ્રંશમાં
ક્યાં જાડ્યદાહક જ્યોત તારી ધર્મશાસન સ્થાપતી?

ત્યારે ય શું ન્હોતાં હિમાલયનાં ઉશીકાં?
ત્યારે ન'તાં જળ જાહ્નવી સિંધુ તણાં?
શું એ જ ખેતર, એ જ પાદર, અન્ન યે એવું ન'તું?
ઉષ્માભરી એ ગોદની
હેતેભર્યા આમોદની
મીઠી ન'તી પસવાર?—પૌરુષનાં પછી કાં રૂસણાં?
ને દૈન્યનાં જ ઉછેરણાં?

એને ય છે ઇતિહાસ,
ને ઇતિહાસપ્રેર્યો ક્યાસ;
તારા તો ભુંસાતા ચાસ કાં ઇતિહાસના ઓ ભાસ્વતી?
ઓ ભારતી! જગતારિણી ઓ શાશ્વતી?

જો ભૂત સંચી વર્તમાન ઉજાળવા
આવે ન તાકત ભાવિને પડકારવા
તો ભ્રષ્ટ આ જીવન તણી ચાલુ રહે છો કારવાં
નવ લેશ ઓછું આણતાં
અમને ન તનુજો માનતાં
માની રહેજે માવડી! અહ ધૂળ, ઢેફાં ઝાડવાં.

પરતંત્રતા લજ્જાસ્પદા
દારિદ્રય કેરી આપદા
જેની ન પાંપણ ભીંજવે એ ભીરુઓની અન્નદા?
કર્તવ્યથી દિઙ્મૂઢ મુર્દાંઓ તણી તું મોક્ષદા?
'**સ્વ**ર્ગથી ય ગરીયસી'–
'મહતો મહીં ય મહીયસી'–
સંમોહવશ એવાં બિરુદે છો ઉતારે આરતી.
તું વિસ્મરી તારીફ-ગાણું
કિંકરો કેરી પ્રજાનાં
ચિત્તમાં તુજ પુણ્યસ્મૃતિનો યે પ્રવેશ ન પાડતી.
વીરસૂ ઓ રે અનન્યા
ભારતી મુજ ભોમ ધન્યા
આજનું આ ક્લૈબ્ય ના વાત્સલ્યથી સંતાડતી.

અશોક હર્ષ

નાવના નાવિક!

હે મારી નાવના નાવિક
હવે ના નાવ નાંગરતો.
જવા દે સડસડાટે
ભલે સઢ ફડફડાટે.(૨)
ભલેને ઘોર અંધારે
વીજ કડૂકે, મેઘ ગડૂડે,
વરસે ચારે ધાર...હે મારી૦
જે જન વીજમાં ગાજે
જે જન તેજમાં રાજે (૨)
તે જન આંહી બેઠા છે
આજ સંગાથે, એમ માનીને
જવા દે મઝધાર... હે મારી૦
આઘગાળે મધગાળે
કોઇ ના પાછું વાળે (૨)
તું તારે ભવસાગરે
દુઃખ હસીને, કેડ કસીને
પાર હલેસાં માર... હે મારી૦

પ્રેમશંકર ન. ભટ્ટ

આહવ ત્રાસ

·હરિણી·

ગગન ગગડે, પૃથ્વી કંપે, સમુદ્ર હિલોલ લે.
સુખ સુલહના બંધો રૂડા તડાતડ તૂટતા:
અરિપદતણા ગેબી ગોળા બધેબધ ફૂટતા,
નગર પડતાં, કિલ્લા થાતા નિરસ્ત ધરાતલે.
ક્ષય મહીં મળે રાષ્ટ્રો નાનાં ખમી કપરી વલે!
નિઘૃણ ખટતંત્રોના ખીલા ખપે નહિ ખૂટતા,
કડક હુકમો રાજ્યો કેરા પ્રજા પર છૂટતા;
વાગ્જ વાગ્સે વેગો ધ્વંસે, સુસંસ્કૃતિઓ જલે.
આહ!પ્રભુ,શું આ નિર્મ્યું આંખે અમારી નિહાળવા,
નહિ જન ભલો ઇચ્છે જેની કથા સુણવા કદી?
હદ થકી વધારે છે બૂરી ચરાચરની સ્થિતિ.
પુરુષ ન થયો પેદા એકે અમંગળ ટાળવા
અખિલ જગનું, ફેલી જ્યારે વિનાશતણી બદી?
જન ફન વડે આણી જાતિ તણી શી અધોગતિ!

'પતીલ'

જિંદગી

યુક્તિ,ધીરજ, શાન્ત માનસબળે સ્હેલાઈથી કે ક્લે,
ને વણસે ઉલટી અધિકઅધિકી કુતાવળે સિદ્ધિની,
લાખો યત્ન થકી ય પાછળ થકી જે ના કદિ સુધરે,
દોરાની ગુંચ શી મને જરૂરથી દેખાય છે જિંદગી.

सनातन

ભાવના

અસીમ જીવનાર્ણવે હું મર સ્વલ્પ બિન્દુ સમો
રહો, મુજ ઉરે છતાં અફર ભવ્ય આ ભાવના:
પયોદ ઉરબુન્દ થૈ વસું, સુરમ્ય ધારી રહું
રવિકરણ સ્પર્શથી ભભક ઇન્દ્રના ચાપની.

જયન્ત પાઠક



શ્રી કનુ દેસાઈ

વડોદરાના (૧૫મા) સાહિત્ય સંમેલનના કલાવિભાગના પ્રમુખસ્થાનેથી એમણે આપેલા વ્યાખ્યાનમાંથી

★ સામયિક ચિંતન

સાહિત્ય અને કલાની

હિંદુસ્તાન પાસે અનેક સૈકાઓથી કલાકૃતિની એક મહાન કસોટી ચાલી આવે છે, અને તે છે કલાના સંસ્પર્શ દ્વારા જીવનનું કલાતિકરણ; આત્માની રસસમાધિ. હૃદયની સંસ્કૃતિ કઇ કૃતિઓમાંથી તમને મળી રહી છે એ જાણી શકો, એટલે એ કૃતિઓને તમારા જીવનની તમારી આરાધ્ય પ્રતિમાઓ બનાવવા તમે જરાયે સંકોચ માનતા નહિ. આજના યુરોપે તો આ બાબતમાં હિંદુસ્તાનને શીખવવાને બદલે તેની પાસેથી શીખવાનું રહ્યું છે. હિંદની કલામાં સૌન્દર્યભાવના ઉપરાંત એક પ્રકારનું ધર્મબળ છે, તે આજે કોઇ સમજતું નથી. દરેક દેશની કલાનો પાયો એ દેશના ચારિત્ર્યબળમાં નંખાએલો છે; એટલે જ્યારે આપણે આજની બજારૂ કલા હિંદની સુપ્રસિદ્ધ શિલ્પસમૃદ્ધિ સાથે સરખાવીએ છીએ ત્યારે એમાં કયાંથી એ ભાવ અને દિવ્ય દૃષ્ટિ ઊતરી આવ્યાં તેનું આશ્ચર્ય માત્ર થાય છે. હિંદી દૃષ્ટિ મેળવ્યા વિના હિંદી કલા ગ્રીસ-રોમનો ઉતાર છે, છાયા કે પડઘો છે, એવું માનનારને શી રીતે સમજાય કે હિંદની સૌન્દર્યદૃષ્ટિ કાવ્ય, નાટક અને કલાઓમાં સાવ અનોખી છે; અને જીવનના ગૂઢતમ રસાસ્વાદ અર્પનારી હોવાથી પશ્ચિમના કલાકારોને પણ અભ્યાસપાઠ રૂપ છે. ગુપ્ત યુગની સાહિત્યસમૃદ્ધિ, ભરતનાટ્ય, કથકલી કે મણિપુરી નૃત્યવૈવિધ્યના પડઘો હિંદનાં વિરાટ શિલ્પો અને રૂપવિસ્તારમાં નથી શું?

મુઘલ સમયના મહાલયો જોઈ આપણે મુગ્ધ થઈએ છીએ; ઇલોરાનાં પ્રચંડ શિલ્પ મુગ્ધ ભાવે નીરખીએ છીએ; તેનું ખંડેરપણું વિસારી તેમાં અહોભાવ ધરીએ છીએ. છતાં દેશના બુદ્ધિમાનો, રાજ્ય ને શિક્ષાના તંત્રવાહકો તેની અસર વિસ્તારવાને શું કરે છે? મૅકોલેના ચેલાઓ ભલે માને કે હિંદી કલા માલ વગરની છે, પણ યુરોપિયન કલા કદી જ નહિ આપી શકે એવું આપનારી અમૂલ્ય પ્રતિભા હિંદીવાનને ફાળે તો રહેશે જ. ભલે આજના મૅકોલે-વિદ્યાર્થીઓ આ મહામૂલા વારસાથી વંચિત રહ્યા, પણ હવે તેમની પ્રજા ન રહી જાય તે જ જોવાનું છે. આપણે તો હવે ઊગતી પ્રજા તરફ જ આશાથી જોવાનું રહ્યું છે. તેઓ પોતાના દેશની મહામૂલી કલાસંપત્તિનો આદર કરતાં શીખે, સાચા કલાકારને પિછાની સમાજમાં તેની પ્રતિષ્ઠા સ્વીકારે અને સંસારના વ્યવહારમાત્રમાં કલાની સૌરભ અનુભવે.

બીજી તરફ કલાકારનો પરમ ધર્મ રહેશે કે તેણે પોતાની કલાકૃતિને, જીવનને હીન કે અધોમુખ કરનારાં તત્ત્વોથી મુક્ત રાખી સમાજને સંજીવન અને નવપ્રફુલ્લતા આપે એવાં સર્જનો કરી બતાવવાં. એવા કલાસંસ્કારથી, એમર્સન કહે છે તેમ (Function of Art is to give pots and pans the grace of Romanec) આપણા રોજિંદા વ્યવહારનાં રાચરચીલાં ને પદાર્થોમાં અદ્ભુત આકર્ષણ ઉત્પન્ન કરે એવું લાવણ્ય આવશે, અને કલા પ્રત્યેક માણસના ઘરમાં રાજરાણી થઇને મહાલશે. એટલેકે મનુષ્યમાં રહેલો કલાવંત આત્મા સચેત બની જીવનને અનેકવિધ દિશામાં તેજસ્વી અને સંસ્કારી બનાવી શકશે.

ઘણા કલાકારોનો પોકાર છે કે તેમની કદર થતી નથી. તેમનું યોગ્ય મૂલ્યાંકન થતું નથી. તેમને આશ્વાસન રૂપે એટલું જ કહેવાનું કે ભાઇઓ! હિંદમાં કળાનું ક્ષેત્ર તો બહુ બહોળું પડ્યું છે, પણ એ ક્ષેત્રમાં ઊભા રહેવાનો પૂર્ણ અધિકાર મેળવવા જેટલું આપણું તપ થયું નથી. રાજકોટમાં જ્યુબિલિ હૉલમાં કૅન્ક બૂકરની રાજવીઓની તસ્વીરો જુઓ, ના૦ જામસાહેબના સંગ્રહ જુઓ, વડોદરા શહેરના મહેલો અને મ્યૂઝિયમો જુઓ, તો હિંદી કળાકાર ક્યાં ખૂણે છે તે શોધવું મુશ્કેલ પડશે. અને હવે તો યુદ્ધનિવૃત્તિ થતાં જ યુરોપિયન, અમેરિકન કે ગમે તે મુલ્ક'ના નિષ્ણાતો હિંદના સુન્દર રજવાડાને શ્રીમંત આશ્રયે હાથ કરવા આકાશ-પાતાળ એક કરશે. એક જર્મન આવીને કાશ્મીરથી કન્યાકુમારી સુધીના રાજ્યમહેલોનાં સુશોભનો ને ચિત્રકામ હાથ કરી શક્યો હતો તે સુવિદિત છે. બજારની આ ખુલ્લી હરીફાઈમાં કામ આપવાની શક્તિ આપણા કલાકારો કેળવી શક્યા નહિ હોવાથી જ રોદણાં રોવાનાં રહે છે. જેઓ પોતાના ધંધાની તાલીમ અને શિસ્ત મેળવી કામની બરદાસ્ત કરી શક્યા છે તેમને વિજય મળ્યો જ છે.

બંગાળી અને મહારાષ્ટ્રીય કલાકાર બંધુઓનો આ બાબતમાં સદ્યોગ પ્રશંસનીય છે. ગુજરાતી ભાઈઓ કરતાં તેઓ વધુ ચીવટવાળા, ચીકટ તથા ધૂનભરત હોઇ પોતાના ધંધાની સફળતા માટે ગમે તેવાં દુઃખો વેઠી, દેશમાં મળતો અભ્યાસ પૂર્ણ કરી, યુરોપ અમેરિકા અને અન્ય દેશોમાંથી વિદ્યાની પૂર્ણતા સાધી આવ્યા છે ને હિંદની કલાસંસ્થાઓમાં પોતાના હક્કોનો દાવો કરી શક્યા છે. બંગાળના કલાકારો તો બે કે ત્રણ પ્રાંતોમાં સરકારી કલાશાળાઓનાં મુખ્ય પદો પણ હાથ કરી શક્યા છે; અને મુંબઈમાં પણ એવી યોગ્યતા ધરાવનાર ઘણા કલાકારો મહારાષ્ટ્રમાંથી તૈયાર થઇ ગયા છે, એટલું જ નહિ પણ સારી કાર્યસિદ્ધિ ધરાવે છે. એ બધા વચ્ચે ગુજરાતી કલાકારોએ કંઈક વિશેષતા સિદ્ધ કરી બતાવવી જોઇએ.

હું ગુજરાતી કલાકાર મિત્રોને હિતભાવે એટલું પૂછીશ કે હિંદી કલામાં બંગાળના કલાસ્વામીઓએ જે કંઈ આગેકદમ કરી બતાવ્યું છે તેના હિસાબે આપણે કેટલું કરી શક્યા છીએ? અને છતાં તેમની તરફ કટાક્ષ કરવામાં કે વખત પડતાં ઉતારીને બોલવામાં પાછા નથી રહેતા. શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર અને શ્રી નન્દલાલ બસુની કલાસાધના અને તપશ્ચર્યા આપણે માટે હજુ યે આદર્શ રૂપ રહ્યાં છે. શ્રી મુકુલચન્દ્ર દે, રમેન્દ્ર ચક્રવર્તી, યામિની રૉય, બી. સેન વગેરેની કલાનિષ્પત્તિની આપણે સ્પર્ધા કરી જ શક્યા નથી.

યુરોપીય શૈલીએ શીખેલા કલાકારોએ પણ શું કરી બતાવ્યું છે? સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં અદૃશ્ય થતાં માનવીપાત્રોની તસવીરો લેવાને ઑસ્ટ્રિયાની યૂનર બાઇઓ નીકળી પડી, પણ કયો તરુણ ગીરમાં, ભીલોમાં કે રાનીપરજમાં રખડ્યો? કામ કરી બતાવે તેનું મૂલ્યાંકન થાય, માલ વગરનાની શાની કદર થાય? ગિરનાર, આબુ કે શત્રું-

આજની આકાંક્ષાઓ

સામયિક ચિંતન ★

જયનાં દશ્યો કોઈ સમર્થ ગુજરાતપ્રેમી કલાકારની રાહ જોઈ રહ્યાં છે. ભીલો, ધારાળા, કોળીઓ, કાબુલીઓ ને રાનીપરજનાં નૃત્યો, ગરબા અને વ્રજના નૃત્યો ચિત્રકારની પીંછી માટે અખૂટ સાધન છે. ક્ષેત્ર બહોળું અને ખુલ્લું છે. જૈન સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય અને રાસમાળાઓ પર નવી કલમ ચાલવી જોઈએ. આપણે તો કામ કરનારા જોઈએ. દક્ષિણના ચિત્રકાર મિ. કાચાહોરિયાં એકલો આવીને હિંદની બધી ગુફાઓનાં ભીંતચિત્રો કોઈના આશ્રય વિના કરી ચાલ્યો ગયો. અને એમ કરીને પણ આપણાં અંડેરોની કલામાંથી એ હજારો રૂપિયા રળી શકે છે.

આજની ગુજરાતી સંસ્કૃતિનું દર્શન, સાહિત્યના સચોટ આકર્ષક પ્રસંગોનું ચિત્રનિરૂપણ, કવિ દયારામ ને પ્રેમાનંદનાં પાત્રો અને કૃતિઓનું રૂપકરણ ગુજરાતી કલાકારની રાહ જુએ છે. આજના યુગનાં મનોમંથનો ને સિદ્ધિઓ, આપણાં રાષ્ટ્રવિધાનો ને વિકટ વિગ્રહોનો ઇતિહાસ કલાકારની પીંછીએ નહિ ચડે ત્યાં સુધી કલાકારને પિછાનશે કોણ? રાષ્ટ્રનાં અને પ્રજાનાં સુખદુઃખ અને ભાવનાનો ચિતારો તે ન બની શકે ત્યાં સુધી તેના રંગ અને પીંછીનું સાર્થક શું?

આજની ચિત્રપટ-સૃષ્ટિએ પણ ઘણા થોડા સમયમાં કલાકારો માટે નવાં સંસ્થાનો ઉઘાડ્યાં છે. ત્યાં કુશળ કાવ્યકલાધરો, પંડિતો, ચિત્રસ્રષ્ટાઓ, સંગીતકારો. અભિનયકારો ને નૃત્યકારોને એમની સર્વોચ્ચ શક્તિ વિકસાવવાની, પ્રગતિ સાધવાની અનેરી તક મળી શકે તેમ છે. અને જેઓ એવી કસોટીઓમાંથી પાર ઊતરી શક્યા છે, તેમની પ્રતિષ્ઠા અને મૂલ્યાંકનો પણ અગાઉ નહિ જાણેલા એવા આંક પર પહોંચતાં જાય છે. માત્ર રંગ અને પીંછીના ચાપલ્યથી આજે કલાકારની છાપ પડતી નથી. અપૂર્વતાનું સર્જન અને આકર્ષણની પ્રગાઢ શક્તિ જેઓ સાધી શક્યા હશે તેમને જ ત્યાં આગેકદમ મળે છે. પણ જેઓ કાચી પીંછીની શક્તિઓ ચોરી અથવા નકલના પ્રકારો ધપાવી દઈને પોતાનો સિક્કો ચલાવવા ધારે છે તેમને ફિક્કા પડી જતાં વાર લાગતી નથી. સર્જક કલાકારનો માર્ગ કોઈ રોકી શકતું નથી, એ આજે વૉલ્ટ ડીઝનીની ચિત્રરેખાઓએ સિદ્ધ કરી દેખાડ્યું છે. પાત્રો, મકાનો, અભિનયો, મુદ્રાઓ, રંગો અને રૂપો કલાકારના સર્જનસાગરમાંથી નીકળવા માંડે છે ત્યારે દુનિયાનાં ચેતનવંતાં પૂતળાંઓ કરતાં પણ તેમને વધારે પ્રસિદ્ધિ અને વધારે સંપત્તિ પ્રાપ્ત થાય છે; અને એ રીતે કલાકાર સંપત્તિ અને સમૃદ્ધિનો સાચો નિર્માતા ઠરે છે.

આપણે ઇચ્છીશું કે, પ્રત્યેક કલાકાર ગુજરાતની કલાનો, ગુજરાતી સંસ્કારિતાનો, ગુજરાતની અસ્મિતાનો પ્રતિનિધિ બની, પ્રત્યેક રાજતંત્રમાં, સંસ્થામાં અને ઉદ્યોગકેન્દ્રમાં મુખ્ય પદે વિરાજી, ગુજરાતનું નવવિધાન કરનારો સમર્થ સેનાની બની રહે, અને કલાની રોશનીથી સંસારના બધા વ્યવહારોમાં નવીન દીપ્તિ, નવું સૌજન્ય અને નવીન પ્રતિભા પ્રકટાવી મનુષ્યમાત્રને જીવનનાં ઉલ્લાસ અને પ્રેરણા યથેષ્ટ ભોગવતા કરે. —કનુ દેસાઈ



શ્રી 'ધૂમકેતુ'

←વડોદરાના (૧૫મા) સાહિત્ય સંમેલનના સાહિત્યવિભાગના પ્રમુખસ્થાનેથી એમણે આપેલા વ્યાખ્યાનમાંથી

કવિતા, કલા, તત્ત્વજ્ઞાન કે વિજ્ઞાન એ સઘળાં, માનવને માનવની વધારે નજીક લાવવા માટે છે. સાહિત્યકાર પોતાની શબ્દસૃષ્ટિથી એક એવા પ્રકારનો રસ અનુભવાવે છે કે કોઈ પણ સહૃદય કે ભાવુક માણસ પ્રેમની સૃષ્ટિનું નવું જ દર્શન પામે છે. સાહિત્યકારના શબ્દમાં રહેલા આ રસધ્વનિની ખૂબી એ છે કે આપણા ચિત્તના જે અમુક સ્થાયી ભાવ છે તે ભાવને એ જાગ્રત કરે છે; ને તેથી એ માત્ર સાહિત્યકૃતિ છે, એક કવિની કલ્પના છે, તે વાત ભૂલી જઈને એક માનવ જાણે બીજા માનવની વાત સાંભળતો હોય તેમ સહૃદયતાથી એ સાંભળે છે, અને એના મનુષ્યત્વમાં રહેલા જે સ્થાયી ભાવોએ પડઘો આપવો જોઈએ એ પડઘો એ આપે છે.

ધારો કે રામચંદ્રે સીતાનો ત્યાગ કર્યો એ નાટક ભજવાય છે. સીતાના देहि मे विवरम् એ શબ્દો બોલાય છે અને પ્રેક્ષકોના ચિત્તમાં રહેલો સ્થાયી ભાવ કલ્પનાના વ્યાપાર વડે રસત્વ પામે છે. એટલેકે જે રસ સીતાએ અનુભવ્યો હતો તે જ રસ પ્રેક્ષક અનુભવે છે. દુઃખ સીતાનેછે તે એ ભૂલી જાયછે ને એ દુઃખ પોતાને પડ્યું એમ તેને લાગે છે. માણસ એ રસની સમાધિ પામે છે. આ રસ સમાધિથી માનવ માનવની વધારે નજીક આવે છે. કોઈ પણ સાહિત્યકૃતિનો એ વિજય છે.

આપણું આધુનિક જીવન ભલે 'સુધરેલું' હોય, પણ એ 'સંસ્કારી' નથી. જીવનનાં અતલ ઊંડાણના પ્રવાહો સાથે આપણા જીવનનો મેળ નથી. આવા જીવનપ્રવાહોને વ્યક્ત કરવા માટે સાહિત્ય એ એક મુખ્ય સાધન છે. મનુષ્ય પોતાના જીવનમાં જેટલો રસ લેતો હોય તેટલો જ રસ બીજાના જીવનમાં પણ તે લે તો એવા મનુષ્યને આપણે સંસ્કારી કહી શકીએ. સમાજમાં આવી સંસ્કારિતા પ્રસરાવવી એ સાહિત્યનાં પ્રયોજન અને હેતુ છે. પોતે જે વેદના અનુભવી, પોતાને જે સત્ય મળ્યું, પોતાને મનોમંથન દ્વારા જે સૌન્દર્યદર્શન થયું તે સૌને માટે હોય એમ ઈચ્છવું ને સર્વસાધારણ જનતાના હૃદયમાં એની પ્રતિષ્ઠા સ્થાપી જીવનની સાંત્વના મેળવવી એ સર્વ સાહિત્યપ્રકારના સર્જનનો હેતુ છે.

આ પ્રમાણે સાહિત્ય, એ સાહિત્યકાર ને સમાજ વચ્ચેનો એક એવો સેતુ છે, જેના ઉપર યથેચ્છ વિચરીને એક બીજાનો વિકાસ સાધી શકે. સામાજિકોએ સમજવું જોઈએ કે કેવળ અયત્નથી(વિના પ્રયત્ને)જે સમજાય એ જ સાહિત્ય એ એમની માન્યતા અરધી સાચી છે. અને સાહિત્યકારે એ સમજવું જોઈએ કે જો એની પાસે વૈભવ ન હોય તો સમાજ એની પાસે શી આશાથી આવે? એ વૈભવ એટલે, ટાગોર કહે છે તેમ Abundance of an artist—કલાકારની વિપુલતા. જીવનનાં એટએટલાં રહસ્યો, પ્રકારો, ચિત્રો, વર્ણનો, વર્ણનાતીત વિષયો, દ્રવ્યો ને આકારો સાહિત્યકાર પાસે હોવાં જોઈએ કે જેમ એને પોતાના સર્જનની અનિવાર્યતા સમજાય છે તેમ સમાજને એ સર્જનના દર્શનની અનિવાર્યતા સમજાવી જોઈએ.

આ દૃષ્ટિએ આપણો આજનો ગુજરાતી સાહિત્યકાર ક્યાં છે? એ જુદી જ પરિસ્થિતિ-

માં જોઈએ છે. જૂના જમાનાના ઋષિની એની પાસે દૃષ્ટિ નથી ને એવી શક્તિ પણ નથી. એ ક્રાન્તદર્શી કવિ પણ રહ્યા નથી.

ગુજરાતી સાહિત્યને શી રીતે વેગ આપવો, એને શી રીતે વધારે વિસ્તૃત કરવું ને શી રીતે લોકોની સમક્ષ એને લઈ જવું એ પ્રશ્ન અત્યારે સૌથી વધુ અગત્યનો છે. એ પ્રશ્નના બે ઉકેલ દેખાડાય છે. એક એ કે લોકોને સારું સાહિત્ય તો ધીમેધીમે જ સમજાય; માટે લોકોની રસવૃત્તિ ન કેળવાય ત્યાં સુધી નિરાશ ન થતાં વિદ્વાનોએ તો પોતાની શૈલી પ્રમાણે કામ કર્યે રાખવું. બીજો માર્ગ લોકોને ધીમે ધીમે ઉપર લાવવા માટે થોડુંથોડું નીચે ઊતરવું એ છે. ખરીરીતે આ બંને માર્ગ સ્વીકાર્યે છૂટકો છે. સાહિત્યના અધિકારની લેશ પણ ગૌરવહાનિ કર્યા વિના સાહિત્યકારોએ સમાજ ને સાહિત્ય વચ્ચે સેતુ બનવાનો સમય આવી લાગ્યો છે.

કામ ઘણું વિકટ છે. જન-અભિરુચિને

ક્ષમાયાચના

કાબૂ બહારનાં કારણોને લીધે આ અંક, જોકે અક્ષમ્ય ગણાય એટલો મોડો થયો છે; છતાં વાચકો અમારી મુશ્કેલીઓ ધ્યાનમાં લઈ તે માટે ક્ષમા કરશે એવી આશા છે. હવેના અંકો ઝડપથી બહાર પડવા માંડશે.

ઓળખવી, એને કેળવવી, એના દાસ ન થવું ને સર્જનાત્મક લખાણોની શ્રેષ્ઠતા જાળવી રાખવી,—આ ચારે વસ્તુઓનો સુયોગ મેળવવો, એ કલા સિદ્ધ કરવી લગભગ અશક્ય છે.

પણ જેને માટે આપણે સાહિત્યકૃતિઓ રચીએ છીએ એ જનતાનો મોટો ભાગ તો હજી અક્ષર પણ ઓળખી શકતો નથી. અને છતાં દરેક માનવહૃદયમાં હોય છે તેમ એનામાં પણ જ્ઞાનદીપક માટે લેહલાગી છે. એની એ અભિરુચિને યોગ્યરીતે કેમ જગાડવી, પરિશુદ્ધ કરવી, ઊંચે લેવી, ને ઉદ્ધ્વન કરતી કરવી એ કામ ઘણું વિકટ છે. એ વિકટ કામ સિદ્ધ ત્યારે જ થશે જ્યારે પહેલાં પૂર્વભૂમિકા રચાવા માંડશે, ને સાહિત્યકારો સંઘબળ સ્થાપીને પોતપોતાનામાં પોતે ધરી લીધેલી વિદ્વત્તાથી પોતાની જાતને બચાવશે.

કલામાત્રનો નિયમ છે કે એનો ઉપયોગ ન થાય તો એ નાશ પામે. માનવહૃદયમાં પડેલ અથોક સામર્થ્યને એના શારીરિક બંધનમાંથી મુક્ત કરીને એના ખરા સ્થાનનો પરિચય આપવાનું કામ કલા કે સાહિત્યનું છે. એ કાર્ય સિદ્ધ કરવા માટે જે જે વસ્તુની જે જે વખતે જરૂર પડે તે તે વખતે તેનો સ્વીકાર કરી લેવો એમાં કોઈ જાતની હીનતા નથી. પ્રેમનું, સત્યનું ને શાન્તિનું જીવન જ્ઞાન દ્વારા જ શક્ય છે. એ જ્ઞાન હરેકનું હોવું જોઈએ, હરેક માટે હોવું જોઈએ. —ધૂમકેતુ



જન્મ : શ્રાવણ સુદ ૨ સં. ૧૯૨૧
અવસાન : માઘ સુદ ૬ સં. ૨૦૦૦

'કુમાર'ના આદ્ય સહાયક અને પરમ શુભેચ્છક

સ્વ. રા. સા. મહાશંકર છગનલાલ રાવળ

મારા પૂજ્ય પિતાશ્રી રાવ સાહેબ મહાશંકર છગનલાલ રાવળ, ગઈ તા. ૩૧મી જાન્યુઆરી ૧૯૪૪ ને સોમવારના રોજ મધ્યાહ્ને અઠ્ઠોતેર વર્ષ અને છ માસની જીવનમર્યાદા પૂરી કરી વિદેહ થયા છે, એ સમાચાર 'કુમાર'ના વાચકો સમક્ષ રજૂ કરવાની દુઃખદ ફરજ મારા ઉપર ઉપસ્થિત થઈ છે.

તેઓશ્રીએ 'કુમાર'ના આરંભથી જ તેના સર્વ વ્યવહારોમાં, સુખદુઃખમાં ને આપત્તિઓમાં સતત ચિંતા ને સહકાર સેવ્યાં હતાં; અને 'કુમાર'નાં વીસ વર્ષ પૂરાં થએલાં જોવાનું ભાગ્ય ભોગવી, તેને દેશની જાહેર સંસ્થા કરવાની યોજનામાં પણ છેવટ સુધી સલાહ આપતા રહ્યા હતા. એ રીતે, 'કુમાર'માં અનન્યપણે આજીવન રસ લેનાર સમર્થ વિભૂતિની ખોટ પડી છે.

કુલીન પણ નિર્ધન બ્રાહ્મણ કુટુંબમાં જન્મ લઈ તેઓ દારિદ્ર્યનાં દુઃખ-સંકટો ખમ્યા અને જેવોતેવો વિદ્યાભ્યાસ પામ્યા; પણ ચારિત્ર્ય, બુદ્ધિ અને સ્વાશ્રયના બળે શરીર તથા શક્તિનો કસ આપી, અનેક નાનાં પગથિયાં ચડી તેઓ સમાજમાં ઉપર આવ્યા હતા, અને કુટુંબપરિવારને ઉચિત યોગક્ષેમ કરી આપ્યાં હતાં. લગભગ ૧૬મા વર્ષથી તે છેક ૭૫મા વર્ષ સુધી તાર, રેલવે અને ટપાલની નોકરી બજાવી અમદાવાદના હેડ પોસ્ટ માસ્તરના પદે પહોંચ્યા બાદ છેવટનાં ૨૧ વર્ષ ભાવનગર રાજ્યના વિશ્વાસુ અમલદાર તરીકે ત્યાંની બેંકના મુખ્ય અધિકારી બની રહ્યા હતા. તેમના અનુભવ અને કાર્યક્ષમતાને લીધે એ બેંકની શાખ કરોડો સુધી પહોંચી છે, એ તેમનાં ચારિત્ર્યબળ અને કર્મનિષ્ઠાનું સ્મરણ બનશે. સ્વ. સર પ્રભાશંકર પટ્ટણીએ તેમને એક પ્રસંગે લખેલું કે 'તમારો સ્પિરિટ બધામાં નજરે પડે છે.'

એમના વિશાળ જીવનપટમાં અનેક બોધપ્રદ પ્રસંગો અને ચારિત્ર્યદ્યોતક સામગ્રી ભરેલી હતી; એમનો સ્મૃતિભંડાર વિપુલ હતો. તેની વિવિધ પ્રસાદી 'કુમાર'ના વાચકોને યથાનુકૂળ સમયે સમર્પી મારું ઋણ અદા કરવા આશા સેવું છું. એમનો આજન્મ ઋણી

રવિશંકર રાવળ



જે જે સ્નેહીઓ, શુભેચ્છકો અને પત્રકાર મિત્રોએ સ્વર્ગસ્થના અવસાન બદલ સહાનુભૂતિ દર્શાવી છે તે સર્વનો હું મારાં કુટુંબીજનો સહિત, આભાર માનું છું. —ર. મ. રા.

સાર્વજનિક કાકા

★ ગાંધીજીએ ખાદી ને સ્વદેશીનો ઉગમ કર્યો તેની યે પહેલાં પચાસ વર્ષે પોતાને હેર હાથે કાંતી-વણીને ખાદી પહેરી સ્વદેશીધર્મના સૌ પહેલા શ્રીગણેશ માંડનાર અને લગભગ બધાં ક્ષેત્રોમાં અમલી કાર્ય વડે રાજકીય ચળવળનો આપણા દેશમાં આરંભ કરનાર

ગણેશ વાસુદેવ જોશી

બીજા અનેક રાજકારણી પુરુષોની માફક 'સાર્વજનિક કાકા' આજે નામરૂપ બન્યા છે. એમના સમયમાં બધા એમને ઓળખતા, એટલું જ નહિ પણ સમાજકાર્યમાં તેઓ એટલો બધો રસ લેતા કે મહારાષ્ટ્રમાં—અને ઘણીવાર હિંદુસ્તાનમાં—એવું એકે કાર્ય થયું નહિ હોય જેમાં એમનો ફાળો ન હોય. એમના કાર્યની કદર જનતાએ એમને 'સાર્વજનિક કાકા' જેવું બિરુદ આપી કરી. આજે પૂનામાં એમનાં સ્મારકો 'સાર્વજનિક સભા' છે, 'જોશી હૉલ' છે, એમણે બંધાવેલું 'વિષ્ણુમંદિર' છે. પણ ભણેલા લોકો એમને વિષે કશું જ જાણતા નથી એવી જે ફરિયાદ એમના ચરિત્રકારે ઈ ૧૯૨૪માં કરી હતી તે આજ વીસ વરસે પણ સાચી જ છે. મહારાષ્ટ્રમાં જ જ્યાં આ પરિસ્થિતિ છે ત્યાં ગુજરાતમ તેઓ અજાણ્યા રહ્યા હોય તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ પણ નથી.

'સાર્વજનિક કાકા' મહારાષ્ટ્રની રાષ્ટ્રીય જાગૃતિના જનક ગણાય છે. ઓગણીસમા સૈકામાં રાનડે અને લોકહિતવાદી જેવા અનેક મહાપુરુષોએ મહારાષ્ટ્રમાં ચેતન ફેલાવ્યું. લોકહિતવાદી અને રાનડે સરકારના નોકર હતા એટલે તેઓ પ્રત્યક્ષ કાર્ય કરી શક્યા નહિ. માત્ર લેખન દ્વારા એમણે લોકોને જાગ્રત કર્યા. પણ સાર્વજનિક કાકાએ તો અમલી કાર્ય વડે રાજકીય ચળવળની શરૂઆત કરી; અને તેમાં તે સમયમાં તેઓ અગ્રેસર ગણાયા. સ્વદેશી વસ્તુઓ વાપરવા માટેની ચળવળમાં તેઓ આદ્ય અગ્રણી હતા. લોકહિતવાદીએ (ગોપાળ હરિ દેશમુખે) પોતાના લેખોમાં સ્વદેશીની જરૂર સમજાવી; સાર્વજનિક કાકાએ સ્વદેશીનો પ્રત્યક્ષ પ્રચાર કર્યો. મહાકાર્યોનો પ્રારંભ કેવી નાની બાબતોથી થોડા પ્રમાણમાં થાય છે એ કાકાના ચરિત્રમાંથી સ્પષ્ટ દેખાય છે.

અઢારમા સૈકાના અંતમાં વાસુદેવ શિવરામ જોશી નામના એક બ્રાહ્મણ પોતાના વતન રત્નાગિરિનો ત્યાગ કરી નસીબ અજમાવવા પૂને આવ્યા. તેમના સંબંધીઓના વંશજો આજે પણ રત્નાગિરિમાં હોવા જોઇએ. પૂનામાં એમણે સરદાર દેશમુખને ત્યાં નોકરી લીધી. પેશ્વાઇમાં તે વખતે જાણીતા સરદારોમાં 'દેશમુખ' એક જ હતા, અને તે લોકહિતવાદીના પિતા સરદાર હરિપંત દેશમુખ. એટલે એમને ત્યાં જ વાસુદેવ શિવરામ રહ્યા હશે એમ મનાય છે. ટીપુ સુલતાન સામે અંગ્રેજોને મદદ કરવા પેશ્વાએ જે સૈન્ય મોકલ્યું એમાં વાસુદેવ શિવરામ એક અધિકારી હતા. પછી એમણે વસઇ તાલુકાની મામલતનો ઇજારો લીધો. કેટલાંક વર્ષ ત્યાં રહી પેશ્વાઈના અસ્ત પછી તેઓ પૂના પાછા આવ્યા. 'તમારી પ્રત્યે સારીરીતે વર્તીશું' એવું અંગ્રેજોએ એમને આશ્વાસન આપવાથી પંચાવન વર્ષની વયે તેઓ સરકારી નોકરીમાં 'સદર અમીન' તરીકે જોડાયા અને આઠ વર્ષ નોકરી કરી ૧૮૩૦માં મૃત્યુ પામ્યા. વાસુદેવ શિવરામ બે વાર પરણ્યા હતા. પહેલા સંબંધનો એક અને બીજાના ત્રણ એમ એમને ચાર પુત્ર હતા. એમાં સૌથી નાનો જે ગણેશ અથવા ગણપતરાવ, એ જ આપણા સાર્વજનિક કાકા.

ગણેશનો જન્મ ૧૮૨૮ના એપ્રિલમાં સતારા શહેરમાં થયો. વાસુદેવરાવનું પૂનામાં પોતાનું ઘર હતું, છતાં એમના પુત્રનો જન્મ સતારામાં થયો એ જોઇ સાર્વજનિક કાકાના મરાઠી ચરિત્રકારને નવાઇ લાગે છે અને વાસુદેવરાવને સાસરે ગણેશનો જન્મ થયો હશે એ રીતે એ આ ઘટના સમજાવે છે. પિતાના મૃત્યુ સમયે ગણેશની ઉમર બેએક વર્ષની હશે.

પતિના મરણ પછી માતા સાવિત્રીબાઇએ સતારામાં જ વસવાટ કર્યો અને ત્યાં જ ગણેશને નિશાળે મૂકવામાં આવ્યો. એને ભણાવવાની બધી જવાબદારી સાવિત્રીબાઇને માથે જ હતી. છોકરાઓ ઉમરલાયક થઈ જાય ત્યાં સુધી સરકાર તરફથી દર છોકરા દીઠ એમને માસિક સોળ રૂપિયા અને પોતાને માટે સાડી સાડત્રીસ રૂપિયા પેન્શન મળતું હતું. નિશાળે જવામાં અને ખાસ તો ગોઠિયાઓ જોડે મસ્તી કરવામાં ગણેશને ખૂબ મજા પડતી. બાળપણમાં એનો સ્વભાવ બહુ જ ચંચલ હતો. એ કદિ શાંત તો બેસી શકતો જ નહિ. પાછલા જીવનમાં પણ એનો સ્વભાવ એવો જ રહ્યો. પણ બુદ્ધિ સારી, એટલે દર વરસે પરીક્ષામાં પાસ થતો. સતારાનો મુલક એ વખતે સ્વતંત્ર હતો. લૉર્ડ ડેલહાઉસીના વખતમાં એને અંગ્રેજી રાજ્ય જોડે જોડી દેવામાં આવ્યો. ખુદ પૂનામાં જ પહેલી અંગ્રેજી નિશાળ છેક ૧૮૪૨માં શરૂ થઇ, એટલે એ વખતે સતારામાં તો ગણેશને બહુ શિક્ષણ મળે એવું હતું જ નહિ. આમ, હતું તેટલું ભણતર પૂરું થયું એટલે એને નોકરી શોધવાની ફરજ પડી.

૧૮૪૮માં, એટલે વીસ વર્ષની વયે, પૂનામાં આવેલી ન્યાયખાતાની કચેરીમાં કારકુન તરીકે ગણેશની નિમણૂક થઇ. નોકરી માટે પૂના આવ્યા પછી એ પૂનાનો રહીશ થઇ ગયો. સાતઆઠ વર્ષ નોકરી



મહારાષ્ટ્રની રાષ્ટ્રીય જાગૃતિના જનક

કરી હશે, ત્યાં લાંચરુશ્વત લેવાનું તહોમત એના પર મૂકવામાં આવ્યું અને તપાસ થાય ત્યાં સુધી એને નોકરીમાંથી 'સસ્પેન્ડ' કરવામાં આવ્યો! અંગ્રેજી અમલની એ વખતે શરૂઆત જ થતી હતી. આજે જેવી છે એવી વિપુલ નોકરીઓ એ વખતમાં હતી નહિ. સરકારી ખાતાં બે જ—મુલકી અને ન્યાય. પણ સરકારી નોકરી તો એને મળવાની હવે આશા હતી જ નહિ. પહેલાંની કાંઈ મિલકત ન હતી; વેપાર થાય એમ પણ ન હતું; ચંચળ સ્વભાવ એને નવરો બેસવા દેતો ન હતો; ઘરમાં યે ગરીબાઇ હતી; એટલે કામ કર્યાં વગર છુટકો ન હતો.

ગણપતરાવે વિચાર કર્યો કે સરકારી નોકરીમાં તો હવે આપણે દાખલ થઇ શકવાના નથી, તોપણ બીજી રીતે ન્યાયખાતામાં આપણને પ્રવેશ મળી શકે. વકીલાત કરીએ તો? બસ, નિશ્ચય થઇ ગયો, અભ્યાસ શરૂ થયો અને ૧૮૫૫-૫૬માં તેઓ પરીક્ષામાં પાસ પણ થઇ ગયા. યાદ રાખવા જેવું છે કે એમને એ વખતે અંગ્રેજી બિલકુલ આવડતું ન હતું અને તેઓ માત્ર મરાઠી વકીલ હતા. અંગ્રેજી તો તેઓ કેટલાંક વરસ બાદ શીખ્યા. એ વખતની વકીલની પરીક્ષા કેવી હશે એનો રમૂજી ખ્યાલ શ્રી કેળકરના 'ટિળક ચરિત્ર' પરથી મળી શકે છે. ૧૮૬૫માં પૂનાની અદાલતમાં વકીલોની લેખી પરીક્ષા થઇ. ૩૨ ઉમેદવાર હતા. ચોપડીઓમાં જોઇને સવાલોના જવાબ લખવાની છૂટ હતી. એક નાની ઓરડીમાં આ બધા લોકો બેઠા હતા અને એકબીજાને પૂછી જવાબ લખ્યે જતા હતા! પરીક્ષાનું પરિણામ તરતજ જણાયું. મુખ્ય પરીક્ષક એક આસિસ્ટંટ જજ હતા. એમને મરાઠી આવડતું ન હતું, છતાં પણ એક બે મદદનીશોની સલાહ લઇ એકાદ કલાકમાં પેપર તપાસી નાખી એમણે પરિણામ પણ સંભળાવી દીધું. આ પરીક્ષા તો મોડી ૧૮૬૫માં, -જ્યારે ગણપતરાવ તો વકીલ થયા છેક ૧૮૫૫-૫૬માં, એટલે એનાથી યે દસ વરસ અગાઉની એ પરીક્ષા કેવી હશે એનો કંઇક તો ખ્યાલ આ પરથી આવશે.

ગણપતરાવ પરના તહોમતની તપાસ થઈ. એમાં તેઓ પૂર્ણ નિર્દોષ જણાયા. નોકરીમાં ફરીથી દાખલ થવા માટેનો એમના ઉપરીનો કાગળ પણ એમને મળ્યો. પણ સરકારી નોકરીનું સુખ વધારે ભોગવવાની એમને હવે ઇચ્છા ન હતી. એટલે ગણપતરાવે વકીલાત કરવા માંડી. નસીબ તેજ, એટલે સારા મુકદ્દમા પણ એમને ઠીકઠીક મળ્યા. થોડા જ વખતમાં પૂનાના આગેવાન વકીલોમાં એમની ગણના થવા માંડી અને કમાણી પણ સારી થવા માંડી. કમાણીનો મોટો ભાગ તેઓ દાનધર્મમાં અને લોકસેવા માટે વાપરી નાખતા. સારાં કપડાં પહેરવા અને દાનધર્મ કરી કીર્તિ મેળવવી એ જ એ વખતે એમની મુરાદ હતી. તેઓ ચુસ્ત માતૃભક્ત હતા, એટલે માનો તો પડ્યો બોલ ઉપાડતા. માતાના જ કહેવાથી ૧૮૬૮માં એમણે એક મંદિર બંધાવ્યું.

આમ જિંદગીનાં ચાળીસ વર્ષ સુધી તો ગણપતરાવ કોઇ પણ સાર્વજનિક કાર્યમાં ભાગ લેતા જણાતા નથી; પોતાના સંસારમાં જ એ મગ્ન રહે છે.

ઈ. ૧૮૫૮થી ૧૮૬૦ સુધીનો સમય અંગ્રેજ સરકારને પોતાની સત્તા સ્થિર કરવામાં ગાળવો પડ્યો. એટલે જનહિતનું કોઈ પણ કામ તેનાથી થઈ શક્યું નહિ. અહીંના લોકો પર તો તેઓ વિશ્વાસ રાખે એવું હતું જ નહિ. ૧૮૫૭માં ઉત્તર હિંદુસ્તાનમાં વિપ્લવ ફાટ્યો. મહારાષ્ટ્રમાં પણ એ ફાટશે એવી બીક સરકારને હતી. ઠેઠ એવું કંઈ થયું નહિ અને અંગ્રેજી સત્તાનાં મૂળ કાયમને માટે નંખાયાં. મહારાષ્ટ્રમાં બળવો ફાટ્યો નહિ તે પરથી એ પ્રજા રાજનિષ્ઠ છે એમ સરકારને લાગ્યું અને ભણેલા લોકોને કામ સોંપવાનું શરૂ થયું. એ વખતે અંગ્રેજી ભણેલા લોકોની સંખ્યા અલ્પ હતી અને જેઓ ભણતા તેઓ સંપૂર્ણ અંગ્રેજીમય બની જતા. આપણે મૂરખા અને અંગ્રેજો ડાહ્યા, આપણું બધું ખરાબ અને અંગ્રેજોનું એટલું સારું, એમ તેઓ માનતા. અંગ્રેજો તો અહીં વેપાર એટલે નફા માટે આવેલા. એમને જનતાની કંઇ પડી ન હતી. જૂના શાસ્ત્રી પંડિતોનો ભાવ કોઈ પૂછતું નહિ, કારણકે એમની વિદ્યા નવા જમાના માટે નકામી હતી. એટલે લોકોને સાચે રસ્તે દોરે એવા માણસની જરૂર હતી. આ સ્થિતિ જોઇ ગણપતરાવને ખૂબ દુઃખ થતું. પણ શું કરવું એ સમજાતું ન હતું. પોતાના મિત્રો જોડે આ વિષે ઘણીવાર ચર્ચાઓ કરી આમાંથી કોઈ માર્ગ શોધવામાં એ વ્યગ્ર રહેતા.

એટલામાં એક બનાવ બન્યો અને એમનું કામ સરળ થયું. પૂનાના પર્વતી સંસ્થાનની વ્યવસ્થામાં પંચોએ કરેલા ગોટાળા લોકોની નજરે આવ્યા. પંચ પૈસા ખાઈ જતા હતા અને કારભારમાં અંધાધૂંધી પ્રવર્તી રહી હતી. પંચ પર ફરિયાદ કરી એમને ઠેકાણે લાવવા જોઇએ એવું લોકોને લાગ્યું. પણ એ કાર્ય કોઇ પ્રતિનિધિક (representative) મંડળ કરે તો સારું એવી માન્યતા હતી. એ વિષે વિચાર કરવા એક ખાનગી સભા બોલાવવામાં આવી અને માત્ર આ કામ માટે જ નહિ પણ બીજાં લોકોપયોગી કાર્યો માટે એક સભા સ્થાપવી એવો ઠરાવ થયો. આ સભા ગરીબ અને શ્રીમંતોની પ્રતિનિધિ થાય એ હેતુથી સંસ્થાનોના અધિપતિઓને એના પ્રમુખ-ઉપપ્રમુખ તરીકે નીમવામાં આવ્યા. ઔંધ સંસ્થાનના અધિપતિના હસ્તે તા. ૨૦ એપ્રિલ ૧૮૭૦ ને દિને આ 'સાર્વજનિક સભા'ની સ્થાપના થઈ. આ સ્થાપનામાં ગણપતરાવે મોટો ભાગ ભજવ્યો હતો. સભાનું બંધારણ તેમજ નિયમો એમના બનાવેલાં હતાં. સરકારી નોકરો પણ આ સભામાં જોડાયા. આ પછી ગણપતરાવે પોતાનો બધો જ સમય રાષ્ટ્રજાગૃતિ કરવામાં ગાળ્યો અને લોકો પણ એમને 'સાર્વજનિક કાકા' તરીકે ઓળખતા થયા.

૧૮૭૧માં સાર્વજનિક સભાને બીજા એક મહાન કાર્યકર્તા સાંપડ્યા. એમને કોણ ઓળખતું નથી? એમનું નામ મહાદેવ ગોવિંદ રાનડે. સભાનું બધું કામ કાકા કરતા અને રાનડે એની એકેએક બાબતમાં ખૂબ ઝીણવટપૂર્વક દેખરેખ રાખતા, છતાં પણ સભાના હોદ્દેદારોમાં એમનું નામ ન હતું એ યાદ રાખવા જેવું છે.

મહારાષ્ટ્રમાં લોકજાગૃતિનું કાર્ય મોટેભાગે સરકારી નોકરોએ જ કર્યું છે. રાનડે-લોકહિતવાદી જેવા લોકોએ સ્વાતંત્ર્યની આવશ્યકતા પ્રતિપાદિત કરી છે એ આશ્ચર્ય પમાડે એવું તો ખરું જ. રાજનિષ્ઠ લોકોના આ કાર્યમાંથી જ આગળ જતાં લોકમાન્ય ટિળક જેવા જહાલ કાર્યકર પેદા થયા.

ઈ. ૧૮૭૧ના નવેમ્બરમાં રાનડે પૂના આવ્યા. એક દિવસ ગણપતરાવે વાતવાતમાં ત્યાંના ભીષણ દારિદ્રયનું ચિત્ર રજૂ કર્યું અને કોઈ ઉપાય સૂચવવા વિનતિ કરી. 'સ્વદેશી વસ્તુઓને ઉત્તેજન આપવું' એ એક જ રસ્તો ચર્ચાને અંતે દેખાયો. કાકાએ તરત જ 'દેશી વ્યાપારોત્તેજક મંડળ'ની સ્થાપના કરી સ્વદેશી વસ્તુઓના વેચાણની વ્યવસ્થા કરી. પણ આ પગલાં કરવાથી ખાસ લાભ થવાનો નથી, લોકોને સારો દાખલો બેસાડવો જોઇએ એવું લાગવાથી ૧૮૭૨ના જાન્યુઆરીની ૧૨મી તારીખે કાકાએ આમરણ સ્વદેશી ખાદી વાપરવાની પ્રતિજ્ઞા કરી.

તે સમયના રિવાજ મુજબ કાકા આજ સુધી રેશમી કિનારનાં

નાગપુરી ધોતિયાં વાપરતા, માથે રેશમી પાઘડી રહેતી ને અંગરખાં પણ મુલાયમ કાપડનાં પહેરતા. હવે બધું બદલાયું. કાકાએ ઘેર હાથે કાંતવાની શરૂઆત કરી. રેશમી પાઘડી કાયમને માટે ગઈ; એની જગ્યાએ સાદો ખાદીનો ફેંટો આવ્યો. અને કિંમતી કપડાં જઈ એમને બદલે ખાદીનાં ધોતિયાં અને પહેરણ આવ્યાં. કાકાનું સુંદર વણાતું પણ એમને ઘેર જ. ઉપરાંત પોતાના ઘરમાં એમણે દીવાસળીઓ અને છત્રીઓનાં કારખાનાં સ્થાપી ઘણું નુકસાન વેઠ્યું. લોકોમાં આ અશાસ્ત્રીય યોજનાની હાંસી થવા માંડી. કેટલાકે કહ્યું, 'આ જાડું કાપડ પહેરવાથી દેશની ઉન્નતિ થવાની નથી. બધા લોકો ખાદી પહેરે તો યે શું થવાનું છે? દેશનો વેપાર જ્યાં સુધી વધવાનો નથી ત્યાં સુધી ઉન્નતિ થવાની નથી.' પણ કેટલાક તો આથી-યે આગળ ગયા. કાકાનું 'ચસકી ગયું છે' એવી વાત એમણે વહેતી કરી અને રસ્તામાં હેકડી, અપમાન જેવું પણ કર્યું. પરંતુ કાકા કશાથી ડગે એવા ન હતા. માધવરાવ રાનડેને કાને આ વાત ગઇ. એટલે કાકાની આ કાર્યમાં લેશમાત્ર દિશાભૂલ નથી એવું બતાવવા એમણે 'સ્વદેશી' વિષે બે સુંદર વ્યાખ્યાનો આપ્યાં, જે પાછળથી ખૂબ જાણીતાં થયાં. એ ભાષણોની અસર એટલી બધી થઇ કે એ સભામાં જ કેટલાક લોકોએ ઊભા થઈ 'આમરણ સ્વદેશી વાપરીશું, કરકસર કરીશું, કારખાનાં કાઢી દેશબાંધવોને મદદ કરીશું' એવા સોગંદ લીધા. આમ, કાકાએ સ્વદેશી વ્રતનું આચરણ કર્યું અને રાનડેએ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ એની મહત્તા સમજાવી ત્યારથી મહારાષ્ટ્રમાં 'સ્વદેશી'ના શ્રીગણેશ મંડાયા. હવે કાકાની વકીલાત લગભગ બંધ થઈ હતી. એમનું આખું ધ્યાન સ્વદેશી ચળવળમાં અને સાર્વજનિક સભાના ઉત્કર્ષમાં જ રોકાએલું હતું.

ઈ.સ. ૧૮૭૭માં સભાએ મહારાષ્ટ્રના કેટલાક જિલ્લાઓની સાંપત્તિક તપાસ કરવાનું કામ માથે લીધું. કામ પૂરું કરીને સભાએ સરકાર તેમજ જનતાને પોતાનો જે રીપોર્ટ આપ્યો તેમાં સોલાપુર, અહમદનગર ઈત્યાદિ પ્રદેશોમાં ખેડૂતો કેવી કંગાલ હાલતમાં હતા તેનું અસરકારક વર્ણન છે; સાથેસાથે સરકાર તરફથી કાંઈ પણ મદદ મળવાની આશા નહિ રાખવી એવી લોકોને ચેતવણી પણ આપી છે. અને સ્વાવલંબનને રસ્તે જઈ ઉન્નતિ કેમ સધાશે એનું વિવરણ સવિસ્તર કરવામાં આવ્યું છે. એ જ વરસમાં પાર્લામેંટે નીમેલી કમિટી આગળ સાક્ષી આપવા માટે 'બોમ્બે એસોસી-એશન' તરફથી ઇંગ્લંડ ગએલા મિ. નવરોજી ફરદુનજીને સભાએ પોતાના પ્રતિનિધિ નીમ્યા.

૧૮૭૫માં કાકાની કાર્યનિષ્ઠા ફરી એકવાર પ્રકાશી. વડોદરાના ગાયકવાડ મહારાજ મલ્હારરાવને ત્યાંના રેસિડન્ટને ઝેર આપવાના આરોપસર ગાદીત્યાગ કરવો પડ્યો. મહારાજ પાસે પૈસા બિલકુલ ન હતા એટલે તેઓ પોતાના બચાવ માટે વકીલ રાખી શકે એ પણ અસંભવિત હતું. એમાંય વળી ચાર શઇ સરકાર પાસે બે લાખ રૂપિયા માગ્યા. આ ખબર મળતાંવેંત જ કાકાએ તાર કરી એક લાખ રૂપિયાની મદદનું આશ્વાસન મહારાજને આપ્યું. કાકાએ એ વચન હદ કરી. પૂનામાં વિરાટ સભા મળી. સર્વ પંથના તેમજ ધર્મોના લોકો એમાં હાજર હતા. પ્રમુખ મહેરબાન અલી-મરદાખાન હતા. આરોપની તપાસ કરવા કમિશન નીમવું અને એમાં દેશી સભ્યો પણ નીમવા એવા અર્થની અરજ વાઇસરૉય પર કરવામાં આવી. આ અરજ રાનડેએ લખી આપી. આ આખી ચળવળના સૂત્રધાર કાકા જ હતા. મુંબાઇ હાઇકોર્ટમાં હિંદી ન્યાયાધીશ નીમાય એ માટે પણ સભાએ પુષ્કળ મથામણ કરી અને આખરે

રણકતો રૂપિયો

રાત આખી વાવાઝોડા સાથે વરસાદે ઝીંકયે રાખ્યું હતું. પરોઢ થતાંમાં થોડો ઉઘાડ થયો. પણ ઝીણી ફરફર અને ગોરંભ હજી હતાં. બગીચામાં તેયું તો ક્યારા પાણીથી છલકાતા હતા; કંપાઉન્ડ લસબસતું હતું; ભીનાશથી ઢીલાં થએલા કેટલાયે સુંદર છોડ વાવાઝોડાએ સુવાડી દીધા હતા; ઝાડ પરથી પડેલાં ડાંખળાં-પાંદડાંથી ક્યારા અને લૉન છવાઇ ગયાં હતાં અને વચ્ચેવચ્ચે ભરાઈ ગએલાં ખાબોચિયાં ઉપર તરતાં હતાં.

રોજની માફક બરોબર આઠને ટકોરે માળી આવ્યો. સાઠ વર્ષની વયની કાઠી છતાં એ જ સ્થિર સૌમ્ય આંખો, મહેનતના ઘસારાથી ચમકતી ચામડી, એ જ સરળ સમજુ ચહેરો, જમીન ઉપર ઊંડી છાપ પાડતાં એ જ દૃઢ પગલાં.

આવા આકરા દિવસમાં એના જઇફ દેહને તકલીફ લેતો જોઇ મેં કહ્યું, 'આજ તો કાંઇ કામ થઇ શકે તેવું લાગતું નથી.'

રોજનું નિખાલસ હાસ્ય મોં પર લાવી એની બિહારી હલકવાળી હિંદી ભાષામાં તે બોલ્યો: 'આજ ભી તો કુચ્છ હો સકે, કર લેવેં'

આવા નિરાશાથી નીંગળતા દિવસે પણ એ જ સૌમ્ય, મક્કમ ઉત્સાહ! 'આજ ભી....'

હું વિચારે ચડ્યો. લાગ્યું કે આપણામાંના ઘણા જણ 'આજ'ની અસલ સમજતા જ નથી. પણ સાઠ દિવાળી દેખેલાને તો ખચિત એક એક દિવસ અણમોલ જ હોય ને?

કેવો રણકતો એ શબ્દ 'આજ?' એનો રણકો આપણને—મને, તમને સૌને—તત્ક્ષણ, કાંઇ ને કાંઇ કરી નાખવાની તાલાવેલી નથી લગાડતો?

'આજ!' એમાં ગઇ કાલના અસંતોષનો બળાપો નથી, કે નથી એમાં આવતી કાલની ઉધારિયા આશાઓ. પણ 'આજ' તો ખડી છે નજર સામે, નક્કર નગદ રૂપિયાની માફક રણકતી. એનો એકેએક કલાક, મિનિટ, સેકંડ આપણી છે, આપણા અધિકારની છે. ચાલો એની પ્રત્યેક પળને કામમાં વટાવીએ, પળેપળ જીવનનો ધબકાર અનુભવીએ, ક્ષણે ક્ષણ ધરાઇ ધરાઇને ભોગવી લઇએ.

અને એમાં કેટકેટલું કરવાનું છે? કોઇની પાસેથી શીખવાનું છે, કોઇને ટેકારૂપ થવાનું છે, કોઇના સંસર્ગ સાધવાના છે. માનવ હૃદયનો પ્રેમ અને જગતનું સૌન્દર્ય માણવાનાં છે. ઘણાં સૌંદર્યપુષ્પો હજી અણચૂંટયાં છે, ઘણા માર્ગ હજી વણખેડયા પડયા છે; એ ચૂંટવાનો ને ખૂંદવાનો રોમાંચ માણવો હજી બાકી છે.......

એ નીંગળતી નિરાશાની સામે ઉચ્ચારાએલા 'આજ ભી તો કુચ્છ હો સકે, કર લેવેં' એ ચાર શબ્દોનો રણકો મારા મનમાં સદા રણકયા જ કરે છે. મને તો એ ત્યાર પછી હંમેશાં પ્રેરણા અને રોમાંચ રેડનારો બન્યો છે.

અને, તમને પણ બને એ આશાએ એ નાનો પ્રસંગ અહીં ઉતાર્યો છે.

કેમકે એ રણકો નગદ નક્કર રણકતા રૂપિયાનો છે. એમાં કોઈ વીતેલાં વર્ષોના નથી, કે ઉધારિયા આશાઓ નથી. એ તો નજર સામે નગદરૂપ રણકો રહે છે; આજ—આજ—આજ. . . .

(સૂચિત) 'શલિઆસ'

શ્રી નાનાભાઈ હરિદાસ હાઈકોર્ટમાં પહેલા હિંદી જજ નીમાયા.

વડોદરાની ધમાલ પૂરી થઈ ત્યાં મહારાષ્ટ્રમાં કંગાલ ખેડુતોએ રમખાણ મચાવ્યું. જે પાછળથી 'ડેક્કન રાયટ્સ' તરીકે ઓળખાયું. મારવાડીઓની દુકાનો લૂંટાઈ, દસ્તાવેજો બાળી નાખવામાં આવ્યા ને શાહુકારોનાં નાક-કાન કાપવામાં આવ્યાં. કાકાએ આ બધાંની સાચી તપાસ કરી તેનાં કારણોની છણાવટ કરતી એક લાંબી અરજી સરકાર પર મોકલી. એની બહુ જ સચોટ અસર થઈ અને એમની એ મહેનતનાં ફલ રૂપે જ 'દક્ષિણના ખેડુતોનો કાયદો' નામનો જાણીતો કાયદો રચાયો.

૧૮૭૬–૭૭માં મહારાષ્ટ્રમાં ભયંકર દુકાળ પડ્યો. ફેમિન-કોડ (દુકાળ કાયદો) હજી અસ્તિત્વમાં આવ્યો ન હતો, સર રિચર્ડ ટેમ્પલ જેવો દુરાગ્રહી ગવર્નર હતો, લોકોને મદદ કરવામાં સરકારની જવાબદારી કેટલી એ નક્કી ન હતું, એટલે લોકોની ભારે અવદશા થઈ. એ આપત્તિને પ્રસંગે કાકા દુકાળપીડિત પ્રદેશોમાં જાતે ફર્યા અને લોકોને પુષ્કળ મદદ કરી. રાનડેએ સરકાર પર અરજીઓ વગેરે મોકલવાનું કામ કર્યું. સરકારે સભાના આ કામ માટે પાછળથી ઘણો આભાર માન્યો. કાકા, માત્ર મહારાષ્ટ્રમાં જ રાહત ફંડ ઉઘરાવી સંતોષ પામ્યા નહિ. રાણી વિક્ટોરિયા પણ અહીંના લોકોના આક્રંદ સાંભળે એ ખાતર એમણે ઈંગ્લંડનાં અખબારોમાં અહીંની પરિસ્થિતિનાં વર્ણન છપાવી ત્યાં રાહતફંડ ભેગું કરવાના પ્રયત્ન પણ કર્યા.

હિંદુસ્તાનના ગરીબ લોકોને ન્યાય મેળવવામાં મુશ્કેલીઓ નડે છે, પૈસાનો વ્યય કરવો પડે છે, એ કાકાથી જોવાતું ન હતું. આમ-પંચાયતો ફરી સ્થપાય તો બહુ સારું એમ એમને થયું, અને એમણે સરકારમાં ઘણી અરજીઓ કરી. સરકારે કાકાનો આભાર માની કેટલીક સૂચનાઓ સ્વીકારી પણ ખરી. પૂના અને અહમદનગરમાં 'લવાદ-મંડળો' સ્થાપી એમાં જાતે કામ કરી કાકાએ લોકોના હજારો રૂપિયા બચાવ્યા. બીજાં પણ ઘણાં કામ કાકાએ કર્યાં. એમાંથી મહત્ત્વનાં એકબે જ અહીં ગણાવીશું.

લૉર્ડ લિટનને લાગતું હતું કે દેશી અખબારો ગમે તેવું છાપે છે; અને પરિણામે લોકોમાં અસંતોષ વધે છે અને રાજદ્રોહને ઉત્તેજન મળે છે. આને માટે એક નવો કાયદો ઘડવાની એની ઇચ્છા છે એવા સમાચાર બહાર આવ્યા. પ્રજાના અવાજ ઉપર કૂચો દેતી આ યોજનાનો પ્રતિકાર તો કરવો જ જોઈએ એમ કાકા અને રાનડે બંનેને લાગ્યું. એમણે અખબારનવીશોની પરિષદ બોલાવવાનું નક્કી કર્યું. એ પરિષદ જે સ્થળે એ કાયદો પાસ થવાનો હતો ત્યાં જ ભરાય તો વધારે અસરકારક નીવડે એવું લાગવાથી કાકાએ કલકત્તામાં ૧૮૭૮ના જાન્યુઆરીમાં કૉન્ફરન્સ બોલાવી. વર્તમાનપત્રકારોની એ પહેલી પરિષદ. જોકે એની અસર ખાસ થઈ નહિ, કારણ કે વાઈસરૉયની કાઉન્સિલના એક સભ્ય સર ઍલેક્ઝાંડર આર્બથનૉટે બે જ માસ પછી માર્ચમાં એક બિલ પાસ કરાવ્યું, જે 'ગૅગિંગ ઍક્ટ' નામે જાણીતું થયું.

હવે કાકાની જિંદગીની એક હાસ્યકારક ઘટના પર આવીએ.

અફઘાનિસ્તાનના દરબારમાં રશિયાએ પોતાનો એલચી મોકલ્યો હતો. એ વખતના અમીર શેરઅલીએ એને સારો આવકાર આપ્યો. એ જોઈ અંગ્રેજ સરકારના પેટમાં ફાળ પડી. એને ત્યાંથી કાઢી મૂકી પોતાનો એલચી ત્યાં રખાવવાની ખટપટ એમણે શરૂ કરી. પણ શેરઅલી માનતો ન હતો. ૧૮૭૮ના નવેમ્બરમાં અંગ્રેજ એલચી પેશાવરથી ઊપડ્યો. સરહદ પર એને અફઘાન અધિકારીઓએ તિરસ્કાર કર્યો! અંગ્રેજોએ આ અપમાનનો બદલો લેવા ચડાઈ કરવાનો નિશ્ચય કર્યો. નિષ્કારણ લડાઈ થાય અને લોકોનું લોહી રેડાય એ કાકાને ગમ્યું નહિ. એટલે કાકાએ સરકારને જણાવ્યું કે અમીરના દરબારમાં એકલો જઈ હું એને સમજાવીશ! સરકારે એમની રાજનિષ્ઠાનાં વખાણ કર્યાં, પણ કદાચ કાકાના ડહાપણ કરતાં પોતાની શક્તિમાં એમને વધારે વિશ્વાસ હતો એટલે કાકાની વિનતિ સ્વીકારી નહિ!

૧૮૭૮માં કાકાએ બીજું એક મોટું કામ કર્યું. મહારાષ્ટ્રના પહેલા સશસ્ત્ર ક્રાંતિકારક વીર વાસુદેવ બળવંત ફડકે (એમનો પરિચય પછી કોઈ વાર) એ અંગ્રેજ સરકાર સામે બળવો જાહેર કરી સરકારને હેરાન કરવાના પ્રયાસ આદર્યા. આખરે ફડકે પકડાયા. એમનો બચાવ કરવા એકે વકીલ તૈયાર ન હતો. ફડકે માટે કાકાને ખૂબ આદર હતો, એટલે તેઓ ફડકેનો બચાવ કરવા તૈયાર થયા. લોકોએ ઘણું કહ્યું, પણ કાકા એકના બે ન થયા. એમણે કહ્યું, 'ફડકેએ જે કર્યું છે એમનો બચાવ કરવામાં વાંધો શો? તમે માનો છો કે સરકાર મારી પર ચીડાશે. પણ ચીડાઈને કરશે શું? ફડકેને ફાંસીએ લટકાવશે તેમ જ મને પણ લટકાવશે એટલું જ ને?' કાકાએ ફડકેનો સારો બચાવ કર્યો. પરિણામે ફડકે ફાંસીની સજામાંથી બચીને દેશનિકાલી પામ્યા.

૧૮૮૦માં કાકાને હૃદયનો વિકાર થયો. છાતીનો બચાવ કરવા ફ્લૅનેલની બંડી પહેરવી એમ ડૉક્ટરે કહ્યું. પણ 'આપણા દેશમાં ફ્લૅનેલ બનતી નથી એટલે મારાથી એ ન પહેરાય' એમ કાકાએ કહ્યું. એમને પાંચ છ દિવસ તાવ આવ્યો અને ૨૫મી જુલાઈ ૧૮૮૦ના રોજ તેઓ અવસાન પામ્યા.

શરીરે કાકા ઊંચા, પાતળા અને જરા શ્યામ રંગના હતા. એમના બધા કામમાં ખૂબ ઝડપ રહેતી. ધીમે ચાલવું પણ એમને ગમતું નહિ. મન તો હમેશાં ત્વરિત વિચાર કરતું જ હોય. કોઈ વાતની ધૂન લાગે એટલે એ જ વાતનો વિચાર કર્યા કરે. વિચારમાં એકલા જ બબડતા, માથું ધુણાવતા, તાળીઓ પાડતા. જમવા બેસે તો યે વિચાર ચાલતા જ હોય, એટલે માતા હમેશાં એમની પાસે બેસીને એ જમે છે કે નહિ એ જોતી; નહિ તો કાકા એમ ને એમ જ ઊઠી જતા! જાણે કોઈ મોટા કાર્યની કાળજીમાં મન વ્યગ્ર થયું છે, બીજી વાત માટે સમય જ નથી, એવી હમેશા સીકલ રાખી જાણે દોડતા હોય એવી ઝડપથી જે જતા હોય તે 'સાર્વજનિક કાકા' જ, એમ લોકો કહેતા અને ઘણે ભાગે એમાં ભૂલ થતી નહિ!

સાર્વજનિક કાકાના ચરિત્રમાં આપણે જોયું તેમ રોમહર્ષણ પ્રસંગો નથી. દુનિયાના મહાપુરુષોમાં એમની ગણના કદાચ નહિ થઈ શકે. તોપણ આધુનિક નેતાઓમાંના પ્રથમ અને સ્વદેશીના આદ્ય મંત્રદ્રષ્ટા તરીકે તો મહારાષ્ટ્ર એમને સર્વદા ઓળખશે અને એમનું ઋણી રહેશે. અને જ્યારે આંતરપ્રાંતીય સખ્ય કે ઓળખાણ વધશે ત્યારે હિંદુસ્તાન આખું પણ સ્વદેશી મંત્રના આ દ્રષ્ટાને પોતાની અંજલિ અર્પશે.

વસન્ત જોષી

વકીલ–(સાક્ષીને) જો; હું પૂછું તેનો તારે બરોબર સાચો જવાબ આપવાનો છે. એક અંશ પણ જૂઠું બોલવાનું નથી.

સાક્ષી–જી સાહેબ.

વકીલ–વારુ; તું ગાડી હાંકવાનો ધંધો કરે છે ને?

સાક્ષી–ના જી.

વકીલ–કેમ? મેં જ તને ગાડી હાંકતો જોયો છે ને?

સાક્ષી–ના જી, હું તો ઘોડો જ હાંકું છું, ગાડીને તો ઘોડો ખેંચે છે.

લોખંડી બરૂ

અદ્ભુત રસની એક વૈજ્ઞાનિક કલ્પનાકથા

પૃથ્વી પર અકસ્માત એક અપાર્થિવ સર્વભક્ષી શક્તિ આવી પડી. અને એણે સર્વનાશનો એવો તો ભીષણ ઉત્પાત મચાવ્યો કે ન કોઈ તેને રોકી શકતું, ન કોઈ તેનો નાશ કરી શકતું. . . . . .

પચીસ વરસ પછીની આ વાત છે. ઈ. ૧૯૬૮ની સાલમાં પશ્ચિમ ગોળાર્ધના આકાશમાં દેખાએલા એ અગ્નિગોલે આખી દુનિયામાં સનસનાટી ફેલાવી દીધી હતી. પહેલવહેલો એ આરીઝોનાના વેરાન પર દેખાએલો, અને ત્યાંથી પુર ઝડપે આગળ ધસતો જઈ એ પાસિફિક મહાસાગરમાં ક્યાંક અદૃશ્ય થઈ ગયો. દસબાર દિવસ સુધી એનો કશો જ પત્તો ન લાગતાં વિજ્ઞાનીઓએ માની લીધું કે તે સાગરને તળિયે જઈ બેઠો હશે. છાપાંઓમાં એ પ્રસંગ પર અવનવીન ઊહાપોહ થવા માંડ્યા, ને જૂના ઇતિહાસો તપાસી ખગોળશાસ્ત્રીઓએ પણ જાહેર કર્યું કે આવો જ પ્રસંગ ઇ.પૂ.૪૬૦માં ગ્રીસમાં બનેલો પ્લુટાર્કે નોંધ્યો છે.

એ વખતે દુનિયાના બંને ગોળાર્ધો વચ્ચે જબરૂં યુદ્ધ ચાલતું હતું. એને અંગે કિલફટન હૅરિક નામનો એક વિમાની દરિયાકાંઠે બહુ જ નીચે ઊડી રહ્યો હતો, ત્યાં કિનારા પરના એક સ્થળે જમીનમાં એણે કોઇ દાહક પદાર્થથી થવા પામ્યો હોય એવો એક જંગી ખાડો (ભૂમિગર્તા) જોયો. એની તપાસ માટે એ કુતૂહલથી આગળ વધવા ગયો, પણ એમાંથી નીકળતી બાફે એને લાચાર બનાવ્યો. આ બીનાની એણે તરત લશ્કરી મથકે જાણ કરી જોઈ, પણ લશ્કરી અફસરોએ એના પર ખાસ ધ્યાન આપ્યું નહિ. અને પ્રજાનું યુદ્ધમાનસ પણ ત્યારે એટલું બધું ઉત્તેજિત બની ગયું હતું કે યુદ્ધ સિવાયના ખબરો પર એમની નજર પણ ન ઠરતી.

પરંતુ આ ઉપેક્ષા આગળ જતાં એમને યુદ્ધના કરતાં યે મોટા ખતરામાં ઉતારવાની હતી એનો એમને ખ્યાલ પણ ક્યાંથી આવે?

પણ વિજ્ઞાનીઓ કાંઈ આવા પ્રસંગની ઉપેક્ષા કરે એમ ન હતા. એ ભૂમિગર્તામાં પડેલો પેલો અગ્નિગોલ અથવા ઉલ્કા (ખરતો તારો) સહેજ ઠરતાં જ એ લોકોએ તો પોતાનું સંશોધનકાર્ય શરૂ કર્યું. ડાઇનેમાઇટ વડે એને તોડીફોડીને એનું પૃથક્કરણ પણ એમણે કરી જોયું. પરંતુ એમાં, બીજા સામાન્ય ઉલ્કાઓની જેમ, નિકલ અને લોઢાની મિશ્ર ધાતુઓ જ માલુમ પડી. પણ જ્યાં ચાળીસેક ફૂટ ઊંડું ખોદ્યું ત્યાં એક વિચિત્ર પદાર્થ એમને હાથ લાગ્યો. એ ચકમકના જેવો કાચમણિ (quartz) હતો. એની રાસાયનિક રચના પણ કાચમણિ જેવી હતી, છતાં પૃથ્વી પરના કાચમણિ કરતાં દેખાવે તે જુદો હતો.

પરંતુ આટલી તપાસ છતાં એક બારીક વિગત તરફ ધ્યાન આપવું આ વિજ્ઞાનીઓ યે ભૂલી ગયા. અને તે, એ કાચમણિના ગર્ભમાં રાઇના દાણા જેવડાં દેખાતાં કાળાં ટપકાં!

દિવસો જવા લાગ્યા. જગતે નહિ અનુભવેલું એવું પ્રચંડ યુદ્ધ પુર ઝડપે આગળ વધી રહ્યું હતું. પાસિફિક પારનું આક્રમણ ગંભીર થતાં હિંદ અને ચીનમાં લાખોના જાનમાલની ખુવારી થતી જતી હતી અને કાંઠા પરની સમૃદ્ધિ બરબાદ થતી જતી હતી; જ્યારે બીજી બાજુ વિષારી વાયુઓ (ઝેરી ગૅસ) વડે ઑસ્ટ્રેલિયા અને પશ્ચિમ યુરોપના કચ્ચરઘાણ વળ્યે જતા હતા. અરધી ગોરી અને બાકી અરધી પીળી પ્રજા એક બાજુ અને અરધી વિરુદ્ધ બાજુ રહી, હયાતીના જીવલેણ જંગ ખેલી રહી હતી. પણ એમને ખબર નહોતી કે એમના હજારો ટનના વિનાશક સરંજામ કરતાં યે વધુ ખતરનાક એવા પેલા અગ્નિગોલના ગર્ભમાંના શ્યામ કણો પોતાની કામગીરી કરી રહ્યા હતા.

એકાદ મહિનો પણ નહિ ગયો હોય ત્યાં તો એ કણોની કામગીરીનો પહેલો ચમત્કાર જગતને ચાખવા મળ્યો. ઘણા દિવસ થઇ ગયા હોવાથી વળી પાછા કુતૂહલને વશ થઈ કેટલાક વિજ્ઞાનીઓ પેલા અગ્નિગોલની મુલાકાતે ગયા. પણ આ શું?! એ ચુનંદા વિજ્ઞાનીઓ પણ આંખો ચોળવા મંડી ગયા! આજુબાજુનો દરિયો, એનો રેતાળ કિનારો, અને ખુદ અગ્નિગોલ અદૃશ્ય થઈ ગયાં હતાં અને તેને ઠેકાણે બરૂ જેવા સાંઠીદાર છોડોની ગીચ ઝાડી, ત્યાં, આફ્રિકાના કોઈ વિસ્તીર્ણ જંગલની જેમ જામી ગઈ હતી. વીસવીસ ફૂટ ઊંચા એના સાંઠા દરિયાની અંદર પણ પાએક માઇલ સુધી પથરાઈ ગયા હતા!

નવાઇની વાત એ હતી કે એ સાંઠાઓને એકે પાંદડું ન હતું, પણ એમાંથી કોઇ હિંસક પ્રાણીના આગલા પંજા જેવી સાંઠીઓ ફૂટતી હતી અને એ સાંઠીઓને છેડે માણસના માથાના કદનું કંઇક દેખાતું હતું. ગોળ આકારની ને જાંબુડા રંગની એ વસ્તુ, તેના પર આવેલા રેસાઓ વડે, આબેહૂબ ધડ વગરના માથાને મળતી આવતી. વિજ્ઞાનીઓએ એને જ એ વનસ્પતિનું વૃદ્ધિકેન્દ્ર (બીજ) માન્યું. જોકે આજે ઘણા માને છે કે એ મોટે ભાગે વનસ્પતિ અને પ્રાણીજીવન વચ્ચેનું કોઈ મધ્યમ સર્જન હોવું જોઇએ.

વિજ્ઞાનીઓ વિશેષ તપાસ માટે આગળ વધવા લાગ્યા. એ ઝાડથી સોએક વાર દૂર રહ્યા હશે ત્યાં આકાશદ્રવ્ય (ઈથર–ether) જેવી ખટમધુરી વાસ એમને આવવા લાગી. ખાસ કંઇ ભય જેવું ન જણાતાં તેઓ એથી યે આગળ વધતા લગભગ વીસેક યાર્ડ સુધી પહોંચી ગયા.

પરંતુ અચાનક આ શું? એ છોડવામાંથી પોપટી રંગનો ફિક્કો ગૅસ આપમેળે છૂટવા માંડ્યો. એની તીવ્રતા વધતી ગઈ અને વિજ્ઞાનીઓ એની સામે કશાં પ્રતિકારક પગલાં લેવાનો વિચાર પણ કરે તે પહેલાં તો તેમાંનો સૌથી આગળનો એક વિજ્ઞાની ઊંડા નિસાસા સાથે જમીન પર ઢળી પડ્યો!

બાકીના બધા બાઘા બની આ કૌતક જોઇ રહ્યા. થોડી વારમાં જ બીજા બે પણ નિશાનબંધ ગોળી વાગી હોય એ રીતે અમળાતા જમીન પર ઢળી પડ્યા! બાકીના પાંચ જણનું પણ મગજ ફરવા માંડ્યું હતું, પણ હજુ બેહોશ નહોતા થયા, એટલે પોતાના જોડીદારોને ઉઠાવી શીઘ્ર પલાયન કરવાનો પ્રયત્ન એમણે કર્યો. ત્યાં તો ગૅસનું એક નવું મોજું તેમના પર ફરી વળ્યું.

આ નવું મોજું પસાર થઇ ગયું ત્યારે સાત જણ તો બિલકુલ નિશ્ચેષ્ટ થઈ જમીન પર પડ્યા હતા, પણ આઠમો જણ હજુ, પગ નીચે કચરાઇ ગએલા કોઈ વંદાની જેમ, તરફડિયાં મારી રહ્યો હતો. એ તરફડિયાં ધીમેધીમે વધુ શક્તિમાન થતાં ગયાં. આખરે એનામાં પૂરા હોશ આવ્યા, અને એ આવતાંની સાથે જ આવેશ, આશ્ચર્ય અને ભયની લાગણી સાથે એણે પોતાના વિમાન તરફ દોટ મૂકી. અને એણે જ મરતાંમરતાં બચી યુદ્ધકચેરીને આ બીના કહી.

પરંતુ એના દીદાર અને શિથિલતા જોઇ કચેરીને એનામાં દિવાના-

પણું આવેલું દેખાયું. છતાં એ આઠમો વિમાની, શેરમાંન ક્રાસ, જગતભરમાં પ્રખ્યાત રસાયણશાસ્ત્રી હોઇ એની વાતની ઉપેક્ષા તો એ લોકો ન કરી શકયા ને એક નાની ટુકડીને ત્યાં તપાસ માટે મોકલી. ત્રણ દિવસ થયા છતાં એ ટુકડી પાછી ન ફરી ત્યારે કંઈક ગંભીરતાપૂર્વક યુદ્ધકચેરીએ આ પ્રશ્ન હાથ ધર્યો અને બીજી ટુકડી મોકલી. પણ એ બીજી ટુકડી યે પાછી ન ફરી ત્યારે યુદ્ધકચેરી પણ ભયભીત બની ગઇ અને ક્રાસના કથનમાં રહેલા સત્યની તેને ખાતરી થઇ.

પણ છતાં યે ક્રાસની વિચિત્ર વાત માનવાને બદલે એણે તો, દુશ્મનોએ ઝેરી વાયુનું મથક ત્યાં ખડું કરી દીધેલું જ માન્યું અને ગૅસના બુરખા, દારૂગોળા વગેરેના સરંજામ સાથે આઠ હવાઇ રેકાર્ટો (વિમાનો)ને ત્યાં રવાના કર્યાં.

ક્રાસે તો એ સાંઠા વીસ ફૂટ ઊંચા કહ્યા હતા, પણ આ હવાઇ વીરોએ જઇને જોયું તો ચાળીસ ફૂટથી પણ એ ઊંચા વધી ગયા હતા. અને પેલાં માથાં પણ એકના બદલે છ માથાં જેવડા મોટાં થઈ ગયાં હતાં! વિમાનો સુરક્ષિત સ્થળે ઉતારી, એમાંના બારેક જણ આગળ વધ્યા, પણ થોડાક યાર્ડ જતાં જ એમાંથી પોપટિયા રંગની વરાળ ઝરવા માંડી. થોડી જ પળોમાં એ આગલી હરોળ બેહોશ બની ગઈ.

અફસરે હવે બીજી ટુકડીને મજબૂત ગૅસમાસ્ક સાથે મોકલી. એ સફળ થતી લાગી. બુરખા પહેરીને એ ઠેઠ પેલા બરૂઓ સુધી પહોંચી ગઇ. બુરખા એવા તો અભેદ્ય બનાવટના હતા કે છેલ્લામાં છેલ્લો વિષવાયુ સલ્ફોસાયેનાઇડ પણ તે ભેદવા અશક્ત હતો. છતાં એ ટુકડી પણ અભેદ્ય ન રહી શકી. બરૂઓની બરાબર સામે આવી લાગતાં જ તેમાંથી ખંજર જેવા ફણાએટલી ઝડપે ફેંકાવા લાગ્યા કે એને પોતાનો બચાવ કરવાની પણ તક ના'મળી, ને જખમોથી વીંધાઈ, ઠંડી ધ્રુજારી અનુભવતા એ બારે બાર જણ જમીન પર ઢળી પડ્યા!

સ્તબ્ધ બની ગએલો એનો અફસર એક ઠંડો શ્વાસ પાડતો બાકી બચેલાને લઇને નાઠો. નક્કી, દુશ્મનોએ આ કોઇ અજબ યોજના લડાવી છે! એ વનસ્પતિના આવરણ નીચે દુશ્મનો જ છુપાઈ બેઠા હોવા જોઇએ.

યુદ્ધકચેરીએથી એ અફસરે હજારોની સંખ્યામાં બુરખા બખ્તરધારી સૈનિકો અને હવાઇ તથા મેદાની શસ્ત્રસરંજામ મંગાવ્યો. પરંતુ દેખીતીરીતે કુમાશદાર લાગતી એ વનસ્પતિ તો અશ્રકથી યે વધુ દુર્ભેદ્ય જણાઈ. કેમ જાણે પોલાદની જ બનેલી ન હોય! ઉપરથી થતો બૉમ્બમારો પણ એની સામે લાચાર નીવડતો લાગ્યો. બૉમ્બશેલ પડતાં જમીનમાં નહિ જેવો ખાડો પડતો, પણ જરાવારમાં જ એ પાછો પુરાઇ જતો!

અને કોઇ માનવ દુશ્મનનો તો કશો પત્તો જ ન હતો! એ મગરૂબ અફસરને આખરે પોતાની હાર કબૂલ કરવી પડી. એણે મથકે જઈને રીપોર્ટ કર્યો કે દુશ્મનોએ આપણે જ કાંઠે કોઈ અમાનુષી અને સંપૂર્ણ કાર્યસાધક યોજના ઊભી કરેલી છે.

ભયત્રસ્ત બનેલી અમેરિકન સરકારે પોતાની તીજોરી ખુલ્લી મૂકી દીધી. કોઈ પણ ઉપાયે એ અમાનુષી તત્ત્વની સંપૂર્ણ તપાસ થવી જોઇએ. એના પર પ્રકાશ પાડનાર કોઈ પણ વ્યક્તિને જોઈતી તમામ સગવડ ઉપરાંત એક મિલિયન (દસ લાખ) ડૉલરનું ઈનામ જાહેર કર્યું. છાપાંઓએ પણ એ પ્રવૃત્તિનો પુરસ્કાર કરી લોકમત ઉશ્કેરવા માંડ્યો.

અને એ લોખંડી બરૂનું જંગલ તો વધવા જ માંડ્યું હતું. વધતું વધતું એ સો ફૂટની ઊંચાઇએ પહોંચી ગયું હતું. માત્ર ઊંચાઈમાં જ નહિ, પણ વિસ્તારમાં પણ એ પસરવા માંડ્યું હતું ને કિનારાથી ભૂમિના અંદરના ભાગ તરફ એનો ધસારો વધતો જતો હતો!

આ બાજુ પેલો વિજ્ઞાની ક્રાસ પણ પોતાનાં સઘળાં સાધનશક્તિવડે એ લોખંડી બરૂના જ સંશોધન પાછળ મંડ્યાં હતો. અને એણે જ એ દાનવી નિર્માણનું મૂળ પેલા ખરી પડેલા અગ્નિગોલમાં રહ્યું હોવાની જાહેરાત કરી. એમાંના કાચમણિના ટુકડાનું પૃથક્કરણ કરતાં પેલા શ્યામ કણો એને હાથ આવેલા અને એમનું વિશ્લેષણ કરતાં પાંદડાં જેવી જ નસો ને રેસાઓ તેમાં માલૂમ પડ્યાં હતાં.

એ કણોનું ગુણાવશેષ પૃથક્કરણ (qualitative analysis) કરતાં તેનું બંધારણ બહુ જટિલ માલૂમ પડ્યું. પ્રાણવાયુ, જળવાયુ, નત્રવાયુ, કાર્બન વગેરે સેન્દ્રિય (ઑર્ગેનિક) પદાર્થો છતાં તેમાં રેતીના દ્રવ્ય (silicon) જેવો પદાર્થ પણ એટલા મોટા પ્રમાણમાં જણાયો કે એને સજીવ તરીકે એકદમ ન નિરૂપી શકાય. એટલે વધુ નિશ્ચિત મત બહાર પાડવા માટે એણે કેટલાક કણો કૂંડામાંવાવી જોયા.

એને બહુ રાહ ન જોવી પડી. બીજે જ દિવસે માટીનું પડ ભેદી કૂંડામાંથી લાલ અંકુર ફૂટતા માલૂમ પડ્યા. અને પછી તો એનો વિકાસ એવો ઝડપી થવા લાગ્યો કે નરી આંખે પણ એ વિકાસની એકેએક હીલચાલ દેખાઈ આવતી હતી! રહસ્ય હાથ લાગવાના ઉન્માદમાં ક્રાસ સીધો એ સમાચાર બ્રૉડકાસ્ટ કરવા દોડ્યો. એણે જાહેર કર્યું કે આ નવું આવેલું તત્ત્વ આપણી પૃથ્વી ઉપરનું નહિ, પણ આકાશથી ઊતરી આવેલું કોઇ અપાર્થિવ તત્ત્વ હતું! પેલા અગ્નિગોલ સાથે જ એ પૃથ્વી પર ઊતરી આવ્યું હતું!

પરંતુ દુનિયાએ એની જાહેરાતને જોઇએ તેવો આવકાર ન આપ્યો. અગ્નિગોલમાં વળી બીજની ધારક-શક્તિ ક્યાંથી સંભવે? અને એમાંનું તત્ત્વ જો અપાર્થિવ હોય તો પછી પૃથ્વીની પાર્થિવ જમીન પર એનાં બીજ પોતાનો વિકાસ શી રીતે સાધી શકે? એની જાહેરાત સામે આવાઆવા પ્રશ્નો ઊઠવા લાગ્યા અને કેટલાક તો હાંસીની હદ સુધી પણ જવા લાગ્યા.

ક્રાસે આ બધી વિષમ પ્રશ્નાવલિ તથા મજાક શાંતિથી સહી લીધી. એનો તો આ જ જવાબ હતો: 'કોઈ બે જગતોની અથડામણથી, અથવા કોઇ એક જ જગતના જ્વાલામુખિક ઉત્પાતથી ઊડી પડેલા એ ટુકડામાં રહેલાં બીજમાં જો ઠંડી ગરમીની આત્યંતિકતા સહન કરવાની ખાસિયત રહેલી હોય તો પૃથ્વી પર સૂર્યપ્રકાશ, હવા ને મધ્યોષ્ણ (સમધારણ હવામાનવાળી) ભૂમિ મળતાં તે પર તે પોતાની મૂળ ભૂમિ જેટલી જ સરળતાથી ઊગી શકે.'

થોડા દિવસ રહીને એણે વળી બીજી એક વાત બહાર પાડી કે પુષ્પ છોડમાં દેખાતું લોખડીપણું તો તેમાં પાછળથી જ આવે છે. એના ફૂટી નીકળેલા કોંટાને એ સહેલાઈથી ભેદી શકયો હતો. એનું સંપૂર્ણ પૃથક્કરણ તો અશક્ય હતું, કારણ તે રેતીના સંયુક્ત દ્રવ્યનું બનેલું હતું. આપણી વનસ્પતિમાં, તેને લીલો રંગ આપતું જે રંજકદ્રવ્ય (ક્લૉરોફિલ–chlorophil) રહે છે તેને બદલે તેમાં લાલ રંજકદ્રવ્ય હતું. જ્યારે આપણી વનસ્પતિમાંના જીવતત્ત્વ (પ્રોટોપ્લાઝમ protoplasm) ને બદલે, તેમાં એ રેતીના દ્રવ્યની ખૂબ અટપટી આણુવિક રચના હતી.

ક્રાસની માન્યતા પ્રમાણે તેના આ સિદ્ધાંતો એ બરૂઓની સંપૂર્ણ રચના તો સમજાવી દેતા હતા. પણ તેમણે જમીન પર કરવા માંડેલા ભયંકર આક્રમણનું શું? ચાળીસ ચોરસ માઈલમાંથી વધીને ૮૦ ચોરસ માઈલ, પછી ૧૨૦ ચોરસ માઇલ અને પાંચસો ચોરસ માઇલ થઇ હવે તો એ હજાર ચોરસ માઈલ પર ફેલાઇ ગયા હતા!

અને આ બધી યે પરિવૃદ્ધિ અમુક અઠવાડિયાંનો જ ખેલ હતો! કોઇ કુશળમાં કુશળ સૈન્યે પણ આવું અનાહત આક્રમણ કદી નહિ

કર્યું હોય. વેરાનમાંથી આગળ વધતાં એણે ખેતરો, વાડીઓ અને ઉદ્યાનોને જ નહિ પણ ગામડાંને પણ હવે ગડપ કરવા માંડ્યાં હતાં. આગળ ....., આગળ ....., આગળ .... ખામોશીપૂર્વક એ માનવદ્રોહી દાનવી આક્રમણ વધતું જ રહ્યું હતું

છ મહિનામાં તો આખી દુનિયા એ આક્રમણથી ખેણાકળી બની ગઈ. પવનમાં ઊડતાં એનાં બારીક બી કોઈ મુસાફરોનાં શરીર કે સામાન પર ચોંટી રહ્યાં હોય એથી કે બીજા કોઈ અગમ્ય કારણે એણે યુરોપ, પછી એશિયા અને ત્યાંથી આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા પર પણ પોતાનો નિષ્ઠુર પંજો ફેલાવી દીધો. અને થોડા વખત બાદ તો દુનિયાનો સંસ્કૃત કે અસંસ્કૃત કોઈ ભાગ એનાથી વિમુક્ત ન રહ્યો; —બધા હવામાનને બધી જમીનને જાણે હંફાવતો હોય એમ.

એક તો યુદ્ધે દુનિયાના ઉત્પાદનમાં તંગી આણેલી, તેમાં આ નવા ખોફે ઉમેરો કરવા માંડ્યો. દાણાના ભાવ એટલા તો ચડી ગયા કે ગરીબ માણસો પેટપૂરતું ભોજન મેળવવા પણ લાચાર બની ગયા. ધનિકોના ગોળમટોળ પેટ હજી સહેલાઈથી ઠાંસી શકાતાં હતાં, એટલે એમના વર્ગમાં ઓછો સળવળાટ દેખાતો હતો, પણ ગરીબોનો તો જીવ જવા બેઠો હતો. શેરીએ શેરીએ એ પોકારતા, 'યુદ્ધ બંધ કરો, યુદ્ધ બંધ કરો'. પરંતુ યુદ્ધગ્રસ્ત રાજ્યો પાસે જોઇતો પુરવઠો રહે ત્યાં સુધી તેઓ એ બુમરાણ સાંભળવા તૈયાર ન હતાં. પરિણામે ચીન, હિંદ, રશિયા, ઇગ્લંડ, અમેરિકા વગેરેમાં લાખોની સંખ્યામાં ગરીબ વસતિ વગર યુદ્ધે મરી જવા લાગી.

આ કરુણાજનક બીના અને એનાં પરિણામોનો વધુ ઊહાપોહ કરવા કરતાં એટલું જ કહેવું ઠીક થશે કે આખરે માનવજાત હારીને પાછી વળી, અને પોતાનું સઘળું ધ્યાન પૃથ્વી પર ઊતરેલા આ અપાર્થિવ આક્રમણકાર ઉપર કેન્દ્રિત કર્યું. બધા રાગદ્વેષ ભૂલી દેશદેશના મહાજનો એકઠા થયા અને આંતરરાષ્ટ્રીય સહકાર તથા નાણાં વડે એક મંડળ ઊભું કરવામાં આવ્યું.

દેશદેશના વિજ્ઞાનીઓની ફોજ હવે એ આક્રમણના પ્રતિકાર અર્થે મથવા લાગી. પરંતુ બરૂનો મોરચો તો અપ્રતિહત આગેકદમ કરતો જ રહ્યો હતો. એ આગેકદમમાં કોણ જાણે કેટલીયે જિંદગીઓનો એ નાશ કરી નાખતો, ને નાશમાંથી બચનારને ગાંડા બનાવી નાખતો. એની ખુવારીના આંકડાની દરકાર એ વખતે કોઇ રાખે એમ ન હતું, છતાં અનુમાને માનવજાતના ⅘ ભાગનો તો એણે નાશ કરી જ નાખેલો.

આ સર્વનાશ ચાલુ હતો; આંતરરાષ્ટ્રીય મંડળ પોતાની નિરાશામાં ઉમેરો કરવા ને પર વધુ ને વધુ સંશોધન ચલાવતું હતું; એ વખતે, હિંદના પૂર્વ છેડે, હૂગલી નદીને કાંઠે આવેલી એક પ્રયોગશાળામાં હેમંતકુમાર ઘોષ નામનો એક તરુણ હિંદી પણ શોખનો માર્યો એ બરૂના પ્રતિકાર-પ્રયોગોમાં મંડ્યો હતો. એ પોતે મૂળ તો વિખ્યાત ડૉક્ટર હતો અને ખાનગી વખતમાં એ, અસાધ્ય ગણાતા કૅન્સર (નાસૂર)ના રોગનો ઈલાજ શોધવા 'કૅન્સર કલ્ચર'ની પોતાની શોધ પર પ્રયોગો કરી રહ્યો હતો. નાસૂરના જંતુઓને નળીમાં કૃત્રિમ રીતે પોષણ આપી એ તેમનું સૂક્ષ્માન્વેષણ કરી રહ્યો હતો. તેમાં આ પોલાદી બરૂની વાત સાંભળતાં તેનો ય કોઇ ઉપાય મળી આવે તો તે શોધવા એ અખતરા કરવા લાગ્યો

પરંતુ એને અખતરા કરવા ભારે પડ્યા. કંપાઉંડને છેડે નાના કંડામાં વાવેલા એ બરૂના ત્યાં પણ એવું ઝડપી આક્રમણ કરવા લાગ્યા કે થોડા દિવસમાં તો એ પોતાનું આખું મકાન હતું ન હતું કરી નાખશે એવો ભય હેમંતને લાગ્યો.

અને એ ભય સાચો પડ્યો. એ બરૂનું કોઇ વિનાશક તત્ત્વ ગોત શોધે તે પહેલાં તો પોતાની પ્રયોગશાળા જ એને છોડવી પડી. પરંતુ એ પ્રયોગશાળા જ એ ભેવફા દુશ્મન સામે એને ખરેખરી વફાદાર નીવડી. બરૂની સર્વભક્ષી શક્તિઓનો વિચાર કરતાંકરતાં એ પોતાની પ્રયોગશાળા છોડી ગયો એ વેળા, એણે 'કૅન્સર કલ્ચર'ની નળીઓ ને નળીઓ પ્રયોગશાળામાં ભરી રાખેલી તેનું એને ઓસાણ જ રહ્યું નહિ. આગળ વધતાં બરૂનાં ફળાંએ પોતાની પ્રચંડ અપાર્થિવ શક્તિ વડે ત્યાંની વસ્તુઓનો કચ્ચરઘાણ વાળવા માંડ્યો. તેમાં પેલી 'કૅન્સર કલ્ચર'ની કાચની નળીઓ પણ હતી. જાણે કાગળની બનેલી હોય તેમ એ બધી ફસડાઇ પડી.

પરંતુ એ છેલ્લા આક્રમણ પછી, કોઇને ભાગ્યે જ કલ્પના પણ આવે એવો બનાવ બન્યો. પોલાદ કે ડાઇનેમાઇટ પણ જેને નહિ ઉચ્છેદી શકેલા એવા એ બરૂઓ ચીમળાવા લાગ્યા અને એમના પર લીલો કાળો જખરો સોજો આવવા લાગ્યો. માનવીનાં માથાં જેવાં એનાં અંગો ધ્રૂજતાં ધ્રૂજતાં ફિક્કાં પીળાં પડવા લાગ્યાં. તેમાંથી કોઇ ખૂબ ધીમા અવાજે આવવા લાગ્યા ને એનાં ફળાં થરથરવા લાગ્યાં. કોઈ જીવંત પ્રાણીના મોત જેવું જ દૃશ્ય તે રજૂ કરતાં હતાં!

અને એ નિઃશંક એમનું મોત જ હતું. ચોવીસ કલાકમાં તો એનું સઘળું ચેતન નાબૂદ થઈ ગયું, અને એ ક્રૂર જલ્લાદ ચીમળાઇ કરમાઇને તદ્દન બેહાલ બની જમીન પર ઢગલો થઈ પડ્યાં.

હેમંત સાનંદાશ્ચર્યથી આ બધું જોઈ રહ્યો હતો. પહેલી નજરે તો એને કશો ઉકેલ શક્ય ન લાગ્યો, પણ પછી ધીમેધીમે સંભારતાં તેને ચાવી હાથ આવી ગઈ: 'કૅન્સર કલ્ચર!'

આ અજેયનો વિજય એને જ આભારી હતો.

તરત એને, પશ્ચિમના બધા ખંડોમાં વિજ્ઞાનીઓ સામે પોતાની આ શોધની જાહેરાત કરી જલદીજલદી કીર્તિ કમાઇ જવાની ઉત્કંઠા થઈ આવી. પરંતુ એની વૈજ્ઞાનિક તર્કસરણીએ એ ઉતાવળને હાંકી કાઢી. હજુ વધુ ચોક્કસ અખતરા થવા જોઇએ. એક નહિ પણ પચાસ વખત એ બરૂઓના માર્ગમાં કૅન્સર કલ્ચરનો અવરોધ ઊભો કરવો જોઇએ.

એણે સંપૂર્ણ ચોક્કસાઈથી અખતરા કરી જોયા, પણ એકેમાં એ નિષ્ફળ ન નીવડ્યો. એટલે એણે સાબૂત પાયા પર જગતના વિજ્ઞાનીઓ સમક્ષ આ વાત જાહેર કરી. જગત આખું દંગ થઈ ગયું. પ્રયોગશાળાઓ આ નવા પ્રયોગ વડે ધમધમી ઊઠી અને આશા છુટકારાનું મોજું આખી દુનિયા પર ફરી વળ્યું.

વિજ્ઞાનીઓએ ખુલાસો કર્યો કે એ બરૂની બહારની સપાટી પર શ્વાસકોષો આવેલા હશે ને શ્વાસકોષોમાંથી અંદર પ્રવેશેલા નાસુરના જંતુઓનો પ્રતિકાર કરવા તે અશક્ત નીવડતાં એનો નાશ થયો હતો.

આ ખુલાસો સંપૂર્ણ હોય કે અપૂર્ણ, પણ એથી હેમંતની શોધનું મહત્ત્વ લેશ પણ ઓછું થતું ન હતું. માનવજાતના આ નવા અજેય શત્રુને એવા જ એક જૂના અજીત શત્રુએ—કૅન્સરે—પરાજિત કર્યો હતો. એ વાતની ખાતરી થતાં જ વિમાનો મારફત શેલમાં ભરીભરીને 'કૅન્સર કલ્ચર' એ પોલાદી બરૂનાં પિશાચી જંગલો ઉપર ફેંકવામાં આવ્યું અને જોતજોતાંમાં એનો ઉચ્છેદ નીકળી ગયો.

અને એ તરુણ હિંદી વૈજ્ઞાનિક હેમંતકુમાર ઘોષ પર આખી દુનિયાની દુવાઓ વરસી રહી.

અશોક હર્ષ

મા (જમની વખતે ચીડાઇને): નટુ, તને બધી ચીજો હાથથી લેવાની બાહુ કુટેવ છે. મોંમાં જીભ નથી?

નટુ: છે; પણ હાથ તેના કરતાં વધારે લાંબા છે.

પરીનો પરિચય

[રવીન્દ્રનાથ ઠાકુર]



રાજપુત્રની ઉમર વીસ વર્ષ ઉપર થવા આવી છે. દેશવિદેશથી સગપણ માટે માગાં આવે છે.

ગોર મહારાજ કહે છે, 'વાહ્‌લિક રાજાની કુંવરી રૂપવતી છે; જાણે સફેદ ગુલાબની પુષ્પવૃષ્ટિ.'

રાજકુમાર મોઢું ફેરવી બેસી રહે છે; જવાબ દેતો નથી.

દૂત આવીને કહે છે, 'ગાંધારરાજની કુંવરીના તો અંગેઅંગમાંથી લાવણ્ય નીતરે છે; જાણે દ્રાક્ષની વેલમાં અંગૂરનું ઝુમખું.'

રાજકુમાર શિકારનું બહાનું કાઢી વનમાં ચાલ્યો જાય છે. દિવસ જાય છે, સપ્તાહ જાય છે; તો ય પાછો ફરતો નથી.

દૂત આવીને કહે છે, 'કાંબોજની રાજકુંવરીને જોઈ આવ્યો. સવારના પહોરની દિગંતરેખા જેવી તો વાંકી આંખોની પાંપણો છે; શિશિરથી સ્નિગ્ધ અને પ્રકાશથી ઉજ્જ્વલ.'

રાજકુમાર ભર્તૃહરિનું કાવ્ય વાંચવા લાગે છે; ગ્રંથમાંથી મોં જ ઊંચું કરતો નથી.

રાજાએ કહ્યુ, 'આનું કારણ ? મંત્રીના પુત્રને બોલાવો જોઇએ.'

મંત્રીનો પુત્ર આવ્યો. રાજાએ કહ્યું, 'તું તો મારા પુત્રનો મિત્ર છે. સાચું કહે, આનું વિવાહમાં મન કેમ નથી ?'

મંત્રીના પુત્રે કહ્યું, 'મહારાજ, જ્યારથી તમારા પુત્રે પરીના દેશની વાતો સાંભળી છે ત્યારથી તેની ઈચ્છા પરી જોડે વિવાહ કરવાની છે.'

૨

રાજાનો હુકમ છૂટયો કે પરીનો દેશ ક્યાં છે તેની ખબર મેળવો.

મોટામોટા પંડિતોને બોલાવવામાં આવ્યા. જ્યાંજ્યાં જેટલા ગ્રંથો હતા તે બધા યે તેમણે ખોલીને જોયા. માથાં હલાવીને કહ્યું, 'ગ્રંથના કોઇ પાનામાં પરીનો દેશ ક્યાં છે તેનો ઈશારો યે નથી.'

ત્યારે રાજસભામાં સોદાગરના નામની બૂમ પડી. તેઓએ કહ્યું, 'સમુદ્રપાર જઇને કેટલા ય બેટા ફરી આવ્યા છીએ,—એલચીદ્વીપ, મરીચદ્વીપ, ને લવંગલતાના દેશમાં. અમે મલયદ્વીપમાં ચંદન લેવા પણ જઈ આવ્યા છીએ; પણ ક્યાં યે પરીસ્થાનની કશી ભાળ મળી નથી.'

રાજાએ કહ્યું, 'બોલાવો મંત્રીના પુત્રને.'

મંત્રીનો પુત્ર આવ્યો. રાજાએ તેને પૂછ્યું, 'પરીના દેશની વાત રાજકુમારે કોની પાસેથી સાંભળી છે ?'

મંત્રીના પુત્રે કહ્યું, 'પેલો નવીન પાગલ છે ને ? વાંસળી હાથમાં લઇને વનવનમાં ભમ્યા કરે છે ? શિકાર કરવા જતી વખતે રાજકુમાર તેની પાસેથી પરીના દેશની વાતો સાંભળે છે.'

રાજાએ કહ્યું, 'ઠીક, ત્યારે બોલાવો તેને.'

નવીન પાગલ એક મૂઠી વનનાં ફૂલ ભેટ ધરીને રાજાની સામે ઊભો. રાજાએ તેને પૂછ્યું, 'પરીસ્થાનની ખબર તને ક્યાંથી મળી ?'

પાગલ બોલ્યો, 'ત્યાં તો મારી રોજની અવરજવર છે'

રાજાએ પૂછ્યું, 'ક્યાં છે તે જગ્યા ?'

પાગલે કહ્યું, 'તમારા રાજ્યને સીમાડે ચિત્રગિરિ પહાડની તળેટીમાં કામ્યક સરોવરને કાંઠે.'

રાજાએ પૂછ્યું, 'ત્યાં પરી દેખાય છે ?'

પાગલ કહે, 'દેખાય છે, પણ ઓળખાતી નથી. તે છૂપે વેશે રહે છે. ક્યારેક ક્યારેક જ્યારે ચાલી જાય છે ત્યારે પરિચય આપતી જાય છે. પણ પછી પકડવાનો કોઇ રસ્તો રહેતો નથી.'

રાજાએ પૂછ્યું, 'તું તેને ઓળખે છે શી રીતે ?'

પાગલે કહ્યું, 'ક્યારેક સૂર સાંભળીને, તો ક્યારેક કંઇક પ્રકાશ જોઇને.'

રાજાએ ચીડાઇને કહ્યું, 'આ તો બિલકુલ ગાંડો છે, કાઢી મૂકો એને.'

૩

પણ એ ગાંડાની વાત રાજકુમારના મનમાં વસી ગઈ.

ફાગણ માસમાં ત્યારે ડાળીએડાળીએ શાલ-પુષ્પોની ઠેલંઠેલા હતી, અને શિરીષફૂલોથી તો વનના છેડાઓ કંપી ઊઠ્યા હતા. રાજકુમાર એકલો વનમાં ચાલ્યો ગયો.

બધાએ પૂછ્યું, 'ક્યાં જાઓ છો ?'

તેણે કૈં જવાબ આપ્યો નહિ.

ગુફાની ભીતરથી એક ઝરણું વહેતું આવે છે; એ મળી જાય છે કામ્યક સરોવરમાં જઇને. ગામના લોકો તેને કહે છે 'ઉદાસ ઝરો.'

એ ઝરણાને કાંઠે એક ભાંગેલા મંદિરમાં રાજકુમારે વાસો કર્યો

એક માસ વહી ગયો. વૃક્ષે વૃક્ષે જે કાચાં પાન આવ્યાં હતાં તેનો રંગ ઘેરો થવા આવ્યો છે, અને ખરેલાં ફૂલોથી વનના રસ્તાઓ છવાઈ જાય છે. આવે સમયે એક દિવસ પરોઢમાં રાજકુમારને સ્વપ્નમાં એક વાંસળીનો સૂર કાને પડ્યો. જાગી ઊઠીને રાજકુમારે કહ્યું, 'આજે જોવા મળશે.'

૪

તરત જ ઘોડા પર ચડીને ઝરણને તીરેતીરે ચાલ્યો, ને પહોંચ્યો કામ્યક સરોવરને કાંઠે. જુએ છે તો ત્યાં પદ્મવનની ધારે એક પહાડી છોકરી બેઠી છે. ઘડો તેનો જળથી ભરેલો છે.

પણ ઘાટ ઉપરથી તે ઊઠતી નથી. એ કાળી છોકરીએ કાન પર કાળા વાળમાં શિરીષનું એક ફૂલ ખોસ્યું છે;—ગોધુલિ વખતનો જાણે પહેલો જ તારો!

રાજકુમારે ઘોડા પરથી ઊતરીને તેને કહ્યું—'તારું એ કાન પરનું શિરીષ ફૂલ મને દઈશ?'

જે હરિણી ભય નથી જાણતી તે જ જાણે આ હરિણી ન હોય! ડોક વાંકી કરીને એક વાર તેણે રાજકુમારના મોઢા સામું તાકીને જોયું. ત્યારે તેની કાળી આંખો ઉપર કશાકની છાયા વધુ ગાઢ બનીને ઊતરી આવી;—ઊંઘ ઉપર જાણે સ્વપ્ન, ક્ષિતિજ ઉપર જાણે પ્રથમ શ્રાવણનો સંચાર!

છોકરી કાનમાંથી ફૂલ કાઢીને રાજકુમારના હાથમાં દઈને બોલી, 'આ લે.'

રાજકુમારે તેને પૂછ્યું, 'તું કયી પરી છો? મને સાચું કહે.'

સાંભળતાં જ એકદમ મુખ ઉપર વિસ્મય દેખા દીધી; ત્યાર પછી તરત જ આશ્વિનના મેઘની ઓચિતી વૃષ્ટિની જેમ તેનું હાસ્ય ઉપરાછાપરી ઊભરાવા લાગ્યું; કેમે કર્યું રોકાય જ નહિ.

રાજપુત્રે મનમાં વિચાર કર્યો, 'સ્વપ્ન ફળ્યું લાગે છે;—આ હાસ્યનો સૂર પેલી વાંસળીના સૂરની સાથે મળતો આવે છે.'

રાજપુત્રે ઘોડા ઉપર ચડીને બે ય હાથ પસારીને કહ્યું, 'આવ.'

તે તેના હાથ ઝાલીને ઘોડા ઉપર ચડીને બેઠી. જરા યે વિચાર ન કર્યો. તેનો જળઘડો ઘાટ ઉપર પડી રહ્યો.

શિરીષની ડાળમાંથી કોકિલ ટહુકો ઊઠ્યો: કુહૂ... કુહૂ... કુહૂ... કુહૂ....

રાજકુમારે છોકરીના કાનમાં પૂછ્યું, 'તારું નામ શું?'

તે બોલી, 'મારું નામ કાજળી.'

ઉદાસ ઝરાને કાંઠે બેય જણા પેલા ભાંગેલા મંદિરમાં ગયાં. રાજકુમારે કહ્યું, 'હવે તારો છૂપો વેશ ફેંકી દે.'

તેણે કહ્યું, 'અમે તો વનનાં વાસી. અમે તો છૂપો વેશ જાણતાં નથી.'

રાજપુત્રે વિચાર્યું. 'આના હાસ્યનો સૂર આ ઝરણાના સૂરને મળતો છે, આ મારી આ ઝરણાની પરી.'

૫

રાજાને કાને વાત ગઇ: 'રાજકુમારનો પરી જોડે વિવાહ થયો છે.' રાજમહેલમાંથી ઘોડા આવ્યા, હાથી આવ્યા, પાલખી આવી.

કાજળીએ પૂછ્યું, 'આ બધું શાને?'

રાજપુત્રે કહ્યું, 'તારે રાજમહેલમાં આવવું પડશે.'

ત્યારે તેની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. તેને યાદ આવ્યું કે તેનો ઘડો તો પેલા સરોવરને કાંઠે પડ્યો રહ્યો છે; તેને યાદ આવ્યું કે ઘરના આંગણામાં સુકાવા માટે તે ઘાસનાં બી પાથરી આવી છે; તેને યાદ આવ્યું કે તેનો બાપ ને તેનો ભાઈ શિકાર કરવા ગયા હતા. તેમને પાછા ફરવાનો વખત થયો છે; અને તેને યાદ આવ્યું કે પોતે એક દિવસ પરણીને જશે ત્યારે કરિયાવરમાં દેવા માટે તેની મા ઝાડ નીચે બેસીને શાળ બાંધીને કાપડ વણે છે, અને ગીત ગણગણે છે.

તે બોલી, 'ના, હું નહિ આવું.'

પણ ઢોલનગારાં વાગી ઊઠ્યાં; બંસી અને કાંસાં અને દુંદુભી ગાજી ઊઠ્યાં; એના શબ્દો સંભળાયા નહિ.

પાલખીમાંથી કાજળી જ્યારે રાજમહેલમાં ઊતરી ત્યારે મહારાણીએ કપાળ કૂટીને કહ્યું, 'આ તે કેવી પરી!'

રાજકુમારીઓ બોલી, 'છિ: છિ:.'

મહારાણીની દાસી બોલી, 'પરીનો વેશ પણ કેવો છે!'

રાજકુમાર કહે, 'ચૂપ, તમારે ઘેર પરી છૂપે વેશે આવી છે.'

૬

દિવસો પર દિવસો જાય છે. રાજકુમાર જ્યોત્સ્નારાતે બિછાનામાં જાગી ઊઠીને ધારી ધારીને જુએ છે કે કાજળીનો છૂપો વેશ ક્યાં યે જરા ય ખસી પડ્યો છે કે નહિ. જુએ છે તો એ કાળી છોકરીના કાળા વાળ વિખરાઇને પડ્યા છે; અને તેની દેહલતા જાણે કાળા પત્થરમાંથી કોતરી કાઢેલી એક સર્વાંગ સુંદર પ્રતિમા ન હોય! રાજકુમાર ચુપચુપ બેસીને વિચારે છે. 'પરી ક્યાં સંતાઈ રહી છે?—પાછલી રાતના અંધકારની પાછળની ઉષાની જેમ.'

રાજકુમારને ઘરના લોકો આગળ શરમ આવી. એક દિવસ તો મનમાં જરાક ગુસ્સો પણ આવ્યો. કાજળી સવારના પહોરમાં બિછાનામાંથી ઊઠતી હતી ત્યારે રાજકુમારે તેના હાથ સખત રીતે પકડીને કહ્યું, 'આજ તને નહિ છોડું. તારું ખરું રૂપ પ્રગટ કર; મારે તે જોવું છે.'

આવી વાત સાંભળીને વનમાં જેમ હસી હતી તેવું હાસ્ય આ વખતે ન નીકળ્યું. જોતજોતાંમાં બે ય આંખો છલકાઈ ગઈ.

રાજકુમારે કહ્યું, 'તું શું મને હમેશાં ઠગ્યા કરીશ?'

તે બોલી, 'ના, હવે નહિ.'

રાજકુમારે કહ્યું, 'તો આ વખતે કાર્તિકી પૂર્ણિમાએ પરીને બધા જુએ એમ કર.'

૭

પૂનમનો ચંદ્ર માથે આવ્યો છે. રાજમહેલની નોબત મધરાતના સૂરે ઝીમઝીમ તાન લઈ રહી છે.

રાજકુમાર વરનો સાજ પહેરીને હાથમાં વરમાળા લઇને મહેલે પધાર્યા, પરી-વહુ જોડે આજ થશે એની શુભદૃષ્ટિ.[૧]

શયનઘરમાં બિછાના પર સફેદ ચાદર છે; તે પર ધોળા ડોલરનાં ફૂલોના ઢગ કરેલા છે; અને તેની પર બારીમાંથી ચાંદની પડે છે.

અને કાજળી?

તે તો ક્યાં યે નથી

ત્રીજા પહોરની બંસી વાગી. ચંદ્ર પશ્ચિમમાં નમ્યો છે. એકએક કરતાં કુટુમ્બીઓથી ખંડ ભરાઈ ગયો.

પરી ક્યાં?

રાજપુત્રે કહ્યું, 'ચાલી જઇને જ પરી પોતાનો પરિચય આપતી જાય છે, પછી તે હાથ આવતી નથી.' **વિનોદ કોઠારી**

('લિપિકા'માંના મૂળ બંગાળી પરથી)

[૧] લગ્ન વખતે વર અને કન્યાએ એકબીજાને જોવાની વિધિને બંગાળીમાં શુભ દૃષ્ટિ કહે છે.

ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ એવી ભૌગોલિક અને મૌલિક નવલકથાઓ લખનાર સ્વ. હરજીવન સોમૈયાના મિત્રો તથા આપ્તજનોએ તેમના અપ્રગટ ગ્રંથો 'સ્વ. હરજીવનદાસ સોમૈયા સ્મારકમાળા' તરીકે પ્રગટ કરવા ઠરાવેલું; તે મુજબ 'ભારતી સાહિત્ય સંઘે' તાજેતરમાં તેમના ત્રણ ગ્રંથો—પુનરાગમન ખંડ-૧ તથા ૨' અને 'કાંટાની વાડ' (હૉલ કેઇનના 'Barbed wire'નો અનુવાદ)—પ્રકટ કર્યા છે, અને બાકીના બે ગ્રંથો 'કાળાં કાજળ' અને 'પશાની તથા બીજી વાતો' ટૂંક સમયમાં પ્રગટ થશે. ગ્રંથોનો નફો તેમના કુટુંબને અપાનાર છે.

બાલકન-જી-બારી (અખિલ ભારત બાળક સંઘ) તરફથી બાળકો માટે ગુજરાતી ગેય ગીતોનો એક સંગ્રહ પ્રસિદ્ધ થવાનો છે તે માટે ગુજરાતભરના સર્વે બાલસાહિત્યના કવિઓને પોતાનાં ગીતો. ગીતોના ઢાળ કે રાગ, પોતાની ટૂંક પિછાન અને પૂરા સરનામા સાથે નીચેને ઠેકાણે મોકલવા વિનંતી છે ભાનુશંકર પંડ્યા, C/o 'દાદા', ગુલીસ્તાન, ખાર, (મુંબઇ–૨૧)

અક્ષરજ્ઞાનની સાથોસાથ જીવનબોધ શીખવતી

ચીનની ચિત્રલિપિ

આ લેખના મૂળ લેખક અમેરિકન પત્રકાર મૅન્યુઅલ કૉમ્રોફ છે. યુવાન વયે શાંગહાઇ (ચીન)ના અમેરિકન વર્તમાનપત્ર 'ચાઈના પ્રેસ'માં એ કામ કરતા ત્યારનો એને ચીની સંસ્કૃતિ ને ફિલસૂફીમાં રસ પડેલો. ન્યૂ યૉર્ક આવીને એણે માર્કોપોલોના તથા તેની પહેલાં ચીન જઈ ચડેલા યુરોપિયન પ્રવાસીઓના અનુભવોના ગ્રંથો લખ્યા. પણ ચીની લિપિ શીખ્યા વિના એ દિશામાં જીવ જેવું કાંઇ ન થઈ શકે એમ લાગવાથી એણે આ લેખમાં વર્ણવેલા લી-યુઁગ-ફૂ પાસે એ શીખવા માંડી. ઐતિહાસિક નવલોના એ નામી લેખક છે ને 'કાૅરાૅનેટ'નામની એમની નવલની તો દસલાખ નકલો ખપેલી.

મારા જીવનમાં મારી વિચારસરણી પર જો કોઈ વધુમાં વધુ અસર મૂકી ગયું હોય તો તે મારા એક વખતના વિદ્વાન શિક્ષક, એક જુવાન ટિએટન. મેં એમને રાખ્યા'તા તો ચીની લિપિ શીખવા, પણ એમની પાસેથી હું શીખ્યો આ સંસારની મોટામાં મોટી કળા: જીવન જોગવવાની કળા.

એમનું એક પ્રિય સૂત્ર હતું: 'આ તો માત્ર ક્ષણિક છે.' કોઇ પણ બનાવ બને કે એ ધીમેથી બોલી ઊઠે: 'This is only temporary—આ તો માત્ર ક્ષણિક છે.' એ વારંવાર કહેતા કે આ જગતમાં કશું સ્થાયી નથી; આ વખત પણ વીતી જશે.

અત્યારના આ ઘોર વિપદના કાળમાં જ્યારે જગત આખામાં સર્વત્ર કાળું ઘોર અંધારું જ દેખાય છે, એ વેળા હું જ્યારે જ્યારે મારા એ શિક્ષક લી-યુઁગ-ફૂ અને એમના એ પ્રિય સૂત્રને યાદ કરું છું ત્યારે તે જ ઘડીએ મારા મનમાંથી બધો વિષાદ ને નિરાશા નીતરી જાય છે.

મારા હાથમાં પીંછી દઇને મને ચીની લિપિનો પહેલો જ અક્ષર શીખવતી વેળા એમણે લગભગ આ જ શબ્દો કહેલા. મને ચીની સાહિત્ય અને ચીનના જીવન વિષે કાંઈક સાચી દૃષ્ટિ મળે એ વિચારે મેં તો માત્ર એમની પાસે ચીની લિપિ જ શીખવી શરૂ કરેલી; પણ લી-યુઁગ-ફૂએ તો, મને જેની સ્વપ્ને પણ કલ્પના નહોતી એવો જીવન-બોધનો રાજમાર્ગ મારી આગળ ખુલ્લો કરી દીધો.

મારે માટે ચીની બાળપોથી પોતે લાવ્યા હતા તે બતાવી હસીને મને કહે, 'જાણે તમે પાંચ વર્ષના કીકા હો એમ એકડે એકથી તમારે શરૂઆત કરવાની છે.'

ને અમે શરૂઆત કરી.—

પહેલો પ્રથમ ચિત્રાક્ષર અમે લીધો 'માણસ.' ઝપાટાબંધ પીંછીના બે ધસરકા મારી એમણે 'માણસ' અક્ષર આલેખ્યો. સાથે-સાથે એમણે મને શીખવ્યું કે 'માણસ' ચીતરાય છે તો બે લીટા વડે; પણ લખવા લખવામાં યે ફેર છે. જમીન પર બે પગ દૃઢતાથી ટેકવીને ઊભેલો કોઇ બહાદુર મરદ ઊભો હોય એવો 'માણસ' આપણે ચીતરવો જોઈએ. માણસની લાક્ષણિકતા એમાં પ્રકટ થવી જોઇએ.

પછી અમે આગળ વધ્યા.

'આ—હો ! હવે આ બીજો અક્ષર લઈએ. એ શું હશે તે કાંઈ કળાય છે ? "છોકરી" અને "છોકરો," એમ બે અક્ષરોને સાંકળીને એ રચેલો છે. એ શું હશે ? કહો જોઇએ.'

'તો તો નક્કી એનો અર્થ "બાળક" થતો હશે.' મેં કહ્યું.

'લગભગ સાચું.' કહી એ હસ્યા. 'એનો અર્થ થાય છે "સારૂં"—"શુભ". ચીના લોકો માને છે કે પોતાને જો એક છોકરો ને એક છોકરી હોય તો તે સારૂં—શુભ—મંગલ ચિહ્ન ગણાય.'

જેમ જેમ હું શીખતો ગયો તેમ તેમ ચીની લિપિનો પ્રત્યેક નવો અક્ષર મને એ લોકોના જીવનદર્શનનો કાંઇ ને કાંઇ બોધ કરતો જ ગયો. એમાં એકીસાથે બે કળા રહેલી હતી: માણસનો વિચાર દર્શાવનાર લેખનની, અને સાથેસાથે જીવન જોગવવાની કળા.


કેટલાક શબ્દો તો તદ્દન સહેલાઇથી સમજાય તેવા હતા. જેમકે 'માણસ'ના સૂચક અક્ષરની આજુબાજુ ચોકઠું ચીતરે (એટલેકે તેને ચોકઠામાં પૂરી દે) એટલે તેનો અર્થ 'કેદી' એમ થાય. પણ કેટલાક શબ્દોનો મર્મ તો અજાણ્યો કોઈ કળી જ ન શકે. દાખલા તરીકે 'ઘર'. 'ડુક્કર' નો અક્ષર ચીતરીને ઉપર 'છાપરૂં' આલેખે એટલે 'ઘર' થાય !

'અમે ચીની લોકો એનો અર્થ આમ ઘટાવીએ છીએ:' કહી લી-યુઁગ-ફૂ મને સમજાવવા લાગ્યા. 'જો તમારે ત્યાં ડુક્કર હશે તો તમારે નક્કી એને તમારી છાપરી નીચે રક્ષણ આપવું પડવાનું, અને તમારા રસોડામાંથી ને વાડીમાંથી ખોરાક પણ નીરવો પડવાનો. (ચીનમાં ડુક્કર એ ઘરઘરનું પાળેલું પ્રાણી છે અને કોઇપણ જનાવર કરતાં એ પ્રાણીની વસતિ આખા ચીનમાં વધુમાં વધુ છે.) એટલે જો તમારે રસોડું, વાડી અને રક્ષણ માટે છાપરૂં હોય તો, તમારી પાસે ઘરની આવશ્યક વસ્તુઓ આવી ગઈ. (જુઓ આ પાનાપર આપેલા ચિત્રાક્ષરો.)

હવે બીજો દાખલો. 'સ્ત્રી'ના સૂચક અક્ષર પર 'છાપરૂં' મૂકીએ છીએ એટલે તે અક્ષરનો અર્થ થાય છે 'શાન્તિ !' આજ ૨૦૦૦ વર્ષથી ચીની પ્રજા 'શાન્તિ' માટેનું એ સાદું ઘરગથ્થુ પ્રતીક વાપરતી આવી છે.

અને પછી તરત એમણે એથી યે વધુ અઘરા ચિત્રાક્ષરો મને શીખવવા માંડ્યા. 'છોકરી'ની સંજ્ઞાને પડખે 'વર' માટેની આકૃતિ ચીતરે એટલે 'પરીણિતા'—પરણેલી—સૌભાગ્યવતી સ્ત્રી એવો શબ્દ બને. 'છોકરી' અને 'જુવાની' એ બે શબ્દોને સાથોસાથ મૂકતાં તેનો અર્થ થાય 'સર્વોચ્ચ સુંદર'. 'ભાત' (ચોખા) ને 'મોઢું' એ બે ચિત્રાક્ષરોનું સંયોજન કરીએ એટલે થાય: 'એકતા'—'એકરાગ'; કેમકે જીવન-સંગ્રામથી ભરેલા એમના દેશમાં 'એકરાગ'—'સુમેળ' તો જ આવી શકે જો મોં ને ભાત ભેગાં થાય, એટલેકે સૌને પેટપુર ધાન મળી રહે.

એમાંનાં ઘણાં સંયોજનોનું ઔચિત્ય તો સચોટ હોય છે. 'માણસ' અને 'શબ્દ' એ બેને સાથે મૂકતાં તેનો અર્થ થાય છે 'સત્ય—સાચ'. અને ખરે જ, જે માણસ પોતાના શબ્દોને વફાદાર હોય, તે સત્યવાદી હોવો જ જોઈએ. અને માણસના મોમાંથી નીકળતો શબ્દ સત્ય



ભાષા લખવા માટે માણસે અક્ષરોની શોધ કરી. એ અક્ષરો એટલે અમુક અમુક ઉચ્ચાર માટે જુદીજુદી સંજ્ઞાઓ. આવી સંજ્ઞાઓ જુદીજુદી પ્રજાઓએ પોતપોતાની રીતે નિરનિરાળી યોજી. અમુક પ્રજાઓ આવી સંજ્ઞાઓ માટે પહેલાં ચિત્રો વાપરતી; અને તે અક્ષરો માટે નહિ, પણ આખા ને આખા શબ્દો માટે. ચીનની લિપિ એ આવાં ચિત્રોની બનેલી છે. એ કેમ ઉદ્ભવી તે જમણી બાજુએ ઊભા કૉલમમાં બતાવ્યું છે. શરૂઆતમાં, જે જે પદાર્થ દર્શાવવો હોય તેનાં સંજ્ઞાત્મક ઝડપી ચિત્રો આલેખાતાં. તે પછી એ ચિત્રો પીંછી વડે ઝડપથી લખાતાં લખાતાં કાલાનુક્રમે ફરતાં જઈ હાલની ચીની લિપિનું કેવું રૂપ પામ્યાં તે આની પડખેના પહેલા અને બીજા કૉલમમાં દર્શાવ્યું છે. ત્રીજા કૉલમમાં તેની સામે તે તે શબ્દોના અર્થ આપ્યા છે.





ઉપરના ચિત્રમાં ચીનની લિપિના થોડા શબ્દો આપેલા છે. અમુક શબ્દોને માટે તો મૂળ સ્વતંત્ર સંજ્ઞાઓ જ છે; અને બીજા શબ્દો એવી બેત્રણ સંજ્ઞાઓ ભેગી કરીને યોજાએલા છે. એની વિગત આ સાથેના લેખમાં રસભરી રીતે સમજાવી છે. ઉપલા ચિત્રમાં પણ એનાં ઉદાહરણ છે. દાખલા તરીકે 'ખેતર'ની સંજ્ઞાને પડખે 'માણસ' ચીતર્યો એટલે એ 'ખેડૂત' થયો. 'સૂર્ય' અને 'ચન્દ્ર' એ બંનેને સાથે ચીતર્યાં એટલે 'પ્રકાશ' શબ્દ બન્યો. 'બારણા' પાસે 'કાન'નું ચિત્ર મૂકીને 'સાંભળવું' શબ્દ યોજ્યો; અને બારણા પાસે 'મોં' ચીતરીને 'ભિખારી' કર્યો. 'મોં'માંથી 'હવા' નીકળતી બતાવીને 'શબ્દ' ઠરાવ્યો અને 'માણસ' તથા 'શબ્દ'નાં ચિત્રોને જોડાજોડ મૂકીને 'સત્ય' શબ્દ યોજ્યો,–એવું દર્શાવવા કે માણસના મોંમાંથી પડતો શબ્દ સત્ય જ હોવો જોઈએ. 'સ્ત્રી' અને 'બાળક'નાં ચિત્રો ભેગાં કરીને 'શુભ' શબ્દ યોજ્યો. 'છાપરા' તળે 'ડુક્કર' (ખોરાકનું સૂચક) ચીતરીને 'ઘર' ઠરાવ્યું; અને 'છાપરા' નીચે 'સ્ત્રી' તથા 'ડુક્કર' ચીતર્યાં એટલે 'લગ્ન' થયું. ઘરનું 'છાપરું' ને 'સ્ત્રી' એ બે મળે એટલે 'શાંતિ'. ચિનાઈ ભાષામાં આવાં કુલ ૪૩,૦૦૦ શબ્દચિત્રો છે. પણ સામાન્ય વપરાશમાં તો ૪,૦૦૦ જ છે; ૧૫૦૦થી પણ ચલાવાય છે.

જ હોવો જોઈએ. આ જ રીતે 'ગુલામ' અને 'હૃદય' એ બે સંજ્ઞાઓ જોડાઈને 'ક્રોધ' શબ્દ બને છે. ને સાચું જ છે કે ક્રોધી માણસ પોતાના હૃદયનો–આવેશનો ગુલામ જ હોય છે.

આપણી લિપિની માફક છૂટા અક્ષરોથી બનેલા શબ્દો કરતાં મૂળ શબ્દની પાછળનો હેતુ દર્શાવતું ચિત્ર કે ચિત્રાક્ષર આપણા મગજમાં સહેલાઈથી ચોંટી જાય છે. બે બાજુએ બે બારણાં ચીતરીને વચ્ચે એક 'મોં'ની નિશાની મૂકવાથી ચીની ભાષામાં 'જિજ્ઞાસા'–'પૃચ્છપરછ'–'સવાલ' એવો શબ્દ બને છે. વળી એ જ ચિત્રાક્ષરનો અર્થ 'ભિખારી' પણ થાય છે, કેમકે ભિક્ષુક પણ બારણે આવીને સવાલ નાખે છે ને?

પણ મને એમ કે ચીની ચિત્રાક્ષરો શીખવ્યા એ અક્ષરો કરતાં તો લી-યુંગ-કુ પોતે વધુ આકર્ષક હતા. એ એવું તો અજબ હસતા કે તેનો આખો ચહેરો પ્રકાશી ઊઠતો. તેની કાળી આંખોમાં કોઈ મોહક ચમકાર હતો જે સામાને વશ જ કરી લેતો. અમે બેસતા તે ઓરડાના પુસ્તકોથી ભરેલા ધ્રુજિયા ને આળગમતા વાતાવરણને એની હાજરી કોઈ હળવા ને આનંદી વાતાવરણમાં પલટી નાખતી, અને રાત્રે એ ભણાવીને ગયા પછી પણ કલાકો સુધી એની અસર રહ્યા કરતી.

પૃચ્છપરછ કરતાં મને એમ જણાવ્યું કે પોતે હજી તાજા જ અમેરિકા આવ્યા હતા ને ન્યૂ યૉર્કમાં આધુનિક ઇતિહાસ અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પોસ્ટ ગ્રૅજ્યુએટ (અનુસ્નાતક) શિક્ષણ લેતા હતા. કેમકે પોતાના દેશની સેવા કરવામાં લાગી જવાનું એનું જે ધ્યેય હતું તેમાં એ જ્ઞાન એને ઉપયોગી હતું. તે માટે ચીની સરકાર એને જરૂરી શિક્ષણફી તથા ઘરભાડા અને ખોરાક માટે થોડી નજીવી ભરથી આપતી. અભ્યાસ કરવા ઉપરાંત એ મને ભણાવતા. અને એ ઉપરાંત પણ બીજાં એવાંએવાં પરચુરણ કામ કરતા કે જે સાંભળીને આપણને નવાઈ લાગે. એક રશિયન બાઈને એ ચાઈનીઝ શીખવતા ને બદલામાં તેની પાસેથી રશિયન શીખતા. એક ન્યૂ યૉર્કના ને એક શાંઘાઈના ચીની અખબારમાં લેખો લખતા. વૉશિંગ્ટનમાં રહેતા ચીનના પરદેશમંત્રી માટે ખાસ અહેવાલો તૈયાર કરતા. તે ઉપરાંત નબળા ચીની વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ પણ કરતા, કેમકે એ કહેતા કે મારા દેશના વિદ્યાર્થીઓ અહીં પરદેશમાં આવીને અભ્યાસમાં સારા માર્ક ન મેળવે તો મારા દેશની આબરૂ જાય.

'પણ આટલાં બધાં કામ માટે તમે વખત કઈ રીતે કાઢો છો?' એક વાર મેં પૂછ્યું. મુક્ત હાસ્ય કરીને એમણે કહ્યું, 'દિવસના કલાકો ઘણા છે. ને મેં ગાંઠ વાળી છે કે મારે મળે એટલાં બધાં કામ કરવાં.'

'પણ તમારા ઘણાં યે કામ તો તમને પાઈની યે પેદાશ નથી કરાવતાં. તેનું શું?'

'એ બહુ મોટી વાત નથી. ઊલટું ઘણીવાર તો કમાણી ન આપતાં કામ જ આપણે વધુ સારાં કરીએ છીએ. અને તમારે એકાદ પણ કામ દીપી ઊઠે છે ત્યારે એ કામ પોતે જ તમારી શ્રેષ્ઠ કમાણી બની રહે છે.'

આમ મહીનાઓના મહીનાઓ રોજ સાંજે અમારી ગોઠી વાતો ચાલ્યા કરતી. અને એમાંથી હું જાણી શક્યો કે ચીની લિપિ લખવામાં જે કરામત, આવડત ને ચાવચેતી જોઈએ છે એમાં જ એ લોકોના જીવનની કલાનું મંડાણ થઈ જાય છે. કલમ વડે લખવું તો સહેલું છે, કેમકે એ અક્કડ હોવાથી કોઈને પણ લખવું ફાવે. પણ મુલાયમ પીંછી વડે લખવામાં હાથમાં જે લાઘવ સાધવું પડે છે એ સાધ-



જગતમાં સૌથી વધુ પ્રમાણમાં બોલાતી ભાષાઓ સૌ સૌની લિપિમાં. અનુક્રમે ડાબી બાજુથી: ચીની, અંગ્રેજી, રશિયન, જર્મન, સ્પૅનિશ અને હિંદી. દરેક ચોકઠું તે તે ભાષા બોલતી જનસંખ્યાના પ્રમાણમાં ચડઊતર કદનું બતાવેલું છે. ચીની બોલતી જનસંખ્યા જગતમાં સૌથી વધુ છે, અને હિંદી ભાષા બોલનારાનો ક્રમ છઠ્ઠો આવે છે.

મુશ્કેલ સાધના છે. જે ત્વરા, વેગ, સફાઈ ને સચોટતાથી ચીનાની પીંછી અક્ષરો માંડતી જાય છે એ જોઇને દંગ થઈ જવાય. એમાં આવતા નાના છરકા ને લાંબા લ્હેકા, શાહીનું સમ પ્રમાણ અને આખા અક્ષરનું સમતોલ મંડાણ સાચવતા જઇને એ અટપટા ચિત્રાક્ષરો વેગપૂર્વક પીંછીમાંથી ફૂટતા તમે જુઓ એટલે તમારી ખાતરી થઇ જાય કે એ લિપિકલા એ જ જાણે એ પ્રજાની જીવનકલાનું પ્રતીક છે. એમની જીવનકલા પણ એટલી જ ખૂબીભરી અને વિશિષ્ટ છે. એ નાનીસરખી પીંછીની જેમ ચીનાઓની નાનીનાની ચીજોમાં, ઝીણીઝીણી કરામતોના સર્જનમાં જે જુક્તિ રહેલી છે એવી જ જુક્તિથી એ પ્રજા પોતાનું જીવન જોગવે છે. અને જીવનનું આ ઝરણ માણસના અંતરમાંથી જ ફૂટે છે; એ બહારથી રેડી શકાતું નથી. માણસે ખરૂંશીખવાનું તે આ જ. ચીની ફિલસૂફીનું રહસ્ય પણ એ જ છે. અને એનો પાયો નમ્રતા પર રહેલો છે. એ આખી ફિલસૂફીમાં મુખ્ય વાત તે–નમ્રતા. આ વાત જે હું મારા આ મિત્ર પાસેથી અરધી જિંદગી વટાવ્યા બાદ શીખ્યો, તે એ તો પાંચ વર્ષની કુમળી વયે જ શીખ્યો હતો.

'તમારા જીવન પર સૌથી વધુ કોની અસર?' એક વાર મેં એને પૂછ્યું. એણે કહ્યું: 'મારા દાદાની. અમારા દેશની ફિલસૂફીથી મઢેલી જૂની કહેવતો અનુસાર જ એમનો રોજિંદો જીવનવ્યવહાર ચાલતો.' અને પછી લી-યુંગ-ફૂએ એના નાનપણની એક વાત મને કહી: 'હું લગભગ પાંચેક વર્ષનો હોઇશ ત્યારે એક વાર હું દાદા પાસે કંઈક જૂઠું બોલેલો. જોકે એ બહુ ભારે જુઠાણું તો નહોતું. પણ દાદાએ તો મને ત્યારથી જ પાઠ શીખવી દીધો. એમણે માળીને બોલાવીને કહ્યું, એક લાંબી નીસરણી લાવીને આપણા છાપરાને ટેકવીને મૂક. નીસરણી આવીને બરાબર બારણા આગળ ગોઠવાઈ ગઈ, એટલે એમણે માળીને કહ્યું, "આપણા આ ભાઇ ઘરના છાપરા પરથી ઠેકડો મારતાં શીખ્યા છે; એટલે આ મૂકી. હવે એને જ્યારે પણ એવું મન થઇ આવશે ત્યારે આ નીસરણીનો ઉપયોગ કરશે" એમના કહેવાનો ભાવાર્થ હું તરત સમજી ગયો; કારણકે અમારે ત્યાં કહેવત છે કે "જૂઠું બોલવું એટલે ઘરના છાપરા પરથી પડતું મૂકવું."

મને એકાંતે મનમાં ને મનમાં વિચાર આવવા લાગ્યા. ઘરના બારણા આગળ જ છાપરા સુધી પહોંચતી નીસરણી પડી રહે એ બેહૂદું લાગ્યું. અને મને ડર લાગ્યો કે આ બાબતમાં જો હું કંઇ જ નહિ કરૂં તો દાદા તેને ખસેડવાના પણ નહિ. એટલે થોડીવાર રહીને, દાદા કંઈક વાંચવામાં મશગુલ હતા ત્યારે મેં હળવે રહીને એમની પાસે જઇ મારૂં માથું એમના ખોળામાં ઢાળી દઇને કહ્યું, "દાદા, હવે આ નીસરણીની જરૂર નહિ પડે."

એમને આ સાંભળીને ખૂબ સુખ થયું હોય એમ લાગ્યું. તરત જ માળીને બોલાવી એમણે કહ્યું, "હમણાં ને હમણાં આ નીસરણી ઉપાડી લે. હવે આ ઘરના છાપરા પરથી નથી કુદવાનો." આ પ્રસંગ હું કદી નહિ ભૂલું.'

પોતાના નાનપણની આ વાત કહ્યા પછી એણે પીંછી ઉપાડીને 'જુઠાણું' શબ્દ આલેખ્યો. એ બે સાદા શબ્દોનો બનેલો ચિત્રાક્ષર હતો. "શબ્દ" (અથવા વાણી) અને "નિરંકુશ–જંગલી" એ બે શબ્દોનો એ બન્યો હતો. એનો અર્થ એ કે જૂઠ એટલે જંગલી–ઉન્મત્ત વાણી. અનૃતને દર્શાવવાની આ સંજ્ઞા મને બહુ ગમી.

એના દાદા વિષે એક બીજી વાત પણ એણે મને કહેલી, જે પરથી લાગ્યું કે એ ડોસા ખરેખર કોઇ વિચક્ષણ આદમી હશે.

'તારી પાસે એક જ વિષય ભણવાની બે ચોપડીઓ હોય, અને તેમાં એક જાડી તથા ટિપ્પણો અને સમજૂતીથી ભરપૂર હોય, ને બીજી સાવ નાની ને સંક્ષિપ્ત, તો એ બેમાંથી તને કઇ વધુ ગમે!' એક વાર દાદાએ પૂછ્યું.

'નાની' લી-યુંગ-ફૂએ કહ્યું.

'કહે જોઉં, શા માટે?'

'કારણકે એ વાંચવી સહેલી. વળી એમાં લખેલું સમજવા માટે આપમેળે વિચાર કરવો પડે; જ્યારે બીજી તો બધું જ વિવેચન કહી દેતી હોય, એટલે આપણે વિચાર કરવા માટે તો કંઇ જ બાકી ન રહે.'

'શાબાશ!' એમણે કહ્યું; ને પછી એમણે બે કવિતાઓ ગાઇ, ને પૂછ્યું: 'તને આ બેમાંથી કઇ વધુ ગમી?'

નાના લીને પોતે જે કવિતા પૂરી નહોતો સમજ્યો તે વધુ ગમી.

'વારૂ; હવે બોલ જોઉં, તને આ બેમાંથી કયું ચિત્ર સારૂં લાગે છે? આ દિવાલ પર ટાંગેલું "પાણીના છેયામાં બતકો તરે છે" એ, કે પેલી બાજુ ટાંગેલું "પહાડો અને વર્ષા" વાળું?' એમણે પૂછ્યું.

લીએ કહ્યું: 'વર્ષા વાળું.'

'શા માટે?'

'એ તો મને યે ખબર નથી.'

'ઓહ!' એ શાણા ડોસા બોલી ઊઠ્યા. 'કદાચ તું એ જાણે તો છે; માત્ર એ શબ્દોમાં બોલી કેમ બતાવવું એ જ તને નથી આવડતું. એમ ન હોત તો આ દરેક પ્રશ્નના ઉત્તરમાં તેં સારી વસ્તુની જ પસંદગી કેમ કરી? યાદ રાખવું કે કોઇ પણ વસ્તુ તો પોતે જે હોય છે તે જ હોય છે; પરંતુ એ પોતે હોય તે કરતાં કંઇક વધુ સૂચવી ન શકતી હોય તો એનું મહત્ત્વ કાંઈ નહિ. વસ્તુની મહત્તા કે ગુણ તો એનું નામ, કે પોતે જે કાંઇ હોય અગર દેખાતી હોય તે કરતાં વધુ સૂચવવાની શક્તિ ધરાવતી હોય. અને તેથી જ આપણને સુંદર ચિત્રો કાવ્યમય લાગે છે, ને સારી કવિતામાં ચિત્રદર્શન લાધે છે.'

એક આખું વર્ષ વીતી ગયું, ને એ દરમ્યાન લી-યુંગ-ફૂએ મને ચીની બાળપોથી પૂરી કરાવી દીધી. લગભગ હજારેક સાદા ચિત્રાક્ષરો હું શીખ્યો. જોકે ચીની અખબારો વાંચવા–સમજવા માટે તો ઓછામાં ઓછા ૫૦૦૦ ચિત્રાક્ષરોનો પરિચય જોઈએ, જે હું કદી શીખી શકીશ કે નહિ તે વિષે મને શંકા છે પણ એ સિવાય હું બીજી એવી વસ્તુઓ એની પાસેથી શીખ્યો છું કે જે હું કદી યે નહિ ભૂલું.

એણે મને તિબેટની ઘણીખરી ચાલુ કહેવતો કહી હતી. આજે એ અહીં ઉતારતી વેળા પણ, મેં એ પહેલવહેલી એને મોઢે સાંભળીને જે મજા માણી હતી તે ફરી અનુભવી રહ્યો છું. થોડી ઉતારૂં—

'જેમ ઓશીકું નાનું, એમ ઊંઘ વધારે સારી આવે.'

'ચાર કદી ઘંટડી નહિ ચોરવાનો.'

'ધાવવું હોય ત્યારે ઘેટાનું બચ્ચું ઘૂંટણી-એ પડી જાણે છે.'

'ખરી આબોહવા તો આપણા દેહમાં છે, બહાર નહિ.'

'ખરાબ કૂતરાને પણ એની પૂંછડી પટ-પટાવવી તો ગમે જ છે.'

'માણસ જ્યારે બીજાને કાંઇક સહાય કરતો હોય છે ત્યારે વાતાવરણમાં તાજગી આવી જ જાય છે.'

પીએચ. ડી.ની ડિગ્રી લઇ લી-યુંગ યુરોપ ચાલ્યા ગયા. એમની એ વિદાય મને બહુ દુઃખદ હતી, પણ એમણે તો હસતાંહસતાં મને ખાત્રી આપી કે 'આ યે સ્થાયી નથી!' (This is only temporary).

લગભગ વરસેક દિવસ પછી મને ચીનથી એના એક સરસ પત્ર મળ્યો. એણે એક લશ્કરી કમારાવનું મંત્રીપદ સંભાળ્યું હતું. 'પણ આ યે સ્થાયી નથી' એ સાથે જ જણા-વ્યું હતું. એ પછીને વર્ષે એ નાનકીંગના વિશ્વ-વિદ્યાલયમાં આંતરરાષ્ટ્રીય કાયદાના પ્રોફેસર નીમાયા. આજથી ત્રણ વર્ષ પહેલાં એણે મને બર્લિનના ચીની એલચીખાતામાંથી પત્ર લખ્યો હતો. અને હમણાં (૧૯૪૧ના પ્રારંભ-માં) સાંભળ્યું છે કે એ જનરલ ચયાંગ-કાઇ-શેકનું મંત્રીપદ સંભાળવા ચીન ગયા છે!

હું જાણું છું કે એ એકીસાથે ડઝનેક જેટલાં કામ સંભાળતા હોય છે; અને હું એ પણ જાણું છું કે એ બધાં સાંગોપાંગ પાર ઉતાર-વાની એનામાં તાકાત પણ છે.

એના સહવાસથી હું એ પણ શીખ્યો કે માણસ એ 'માણસ' ત્યારે જ કહેવાય કે એ પોતાના વ્યક્તિત્વની સચોટ છાપ કહાડી શકે, પછી એ જીવનની કોઈ પણ દિશામાં, જીવનગ્રંથના કોઈ પણ પાન ઉપર હોય;—કદાચ ઇતિહાસના કોઈક પાને પણ હોય. અને બીજું એ, કે માણસે જેમ 'નમ્ર' થવું જોઇએ, તેમ 'વીર' પણ થવું જોઇએ.

આજે ભલે ચીનના ટુકડે ટુકડા થતા દેખાતા હોય. રોજિંદાં વર્તમાનપત્રોમાં પ્રકટ થતા એ દેશના નકશા ઉપર આજે ભલે ગંદા આક્રમણના ડાઘા નજરે પડતા હોય. એ જોઉં છું ત્યારે મને લી-યુંગ-ફૂ અને એનું પેલું હાસ્ય જ યાદ આવે છે. કારણકે મને હવે ખાતરી છે કે 'આ પણ માત્ર ક્ષણિક જ છે.' This is only temporary.

રમણિક મેઘાણી

('રીડર્સ ડાઇજેસ્ટ' એપ્રિલ '૪૧ના અંકમાંથી)

કસોટી

બુદ્ધિને કસતા આ નીચેના પ્રશ્નોના ઉત્તરો પૃ. ૨૭ પર જોવા તો મળશે જ. પણ માત્ર કુતૂહલથી તે જોવાની ઉતાવળ કર્યા વિના તમારી મેળે તમે કેટલા ઉત્તર શોધી કાઢી શકો છો તે જુઓ, ને આ પરીક્ષામાંથી તમે કેટલા ટકાએ પાસ થાઓ છો તે તપાસો:

(૧) લાંબી મુસાફરી એડીને એક માણસ એક હૉટેલમાં ઊતરવા ગયો. એટલા દિવસ એણે સફરમાં ગાળેલા કે તે દિવસે કયો વાર હતો એ પોતે ભૂલી ગયો હતો. તેથી હૉટે-લના નોકરને તેણે પૂછ્યું 'આજે કયો વાર થયો?' નોકરે તેને આવો જવાબ આપ્યો: 'આવતી પરમ દિવસે જે દિવસ ગઈ કાલ બનશે, તે દિવસ રવિવારથી જેટલો દૂર હશે તેટલો જ દૂર, ગઈ પરમ દિવસે જે દિવસ આવતી કાલ બનશે તે દિવસ પણ હશે.' તો તે કયો વાર હશે?

(૨) મારી પાસે તોલમાં માત્ર ચાર શેરી છે, ને મારે ૩।। શેર ખાંડ તોળવી છે, તો શું કરવું?

(૩) ચારમાંથી એક જાય તો કેટલા રહે? તમે કહેશો કે ત્રણ પણ ના; પાંચ રહે. કેવી રીતે, તેનો વિચાર કરી જુઓ; નહિતર પછી રજમા પાના ઉપર જવાબ તો છે જ.

(૪) વીસ ફૂટ ઊંડા ખાડામાંથી એક બિલાડી બહાર નીકળવા મથે છે. રોજ તે ૩ ફૂટ ઊંચે ચડે છે, પણ પાછી બે ફૂટ નીચે સરતી જાય છે. તો એ હિસાબે તે ક્યારે બહાર નીકળી જશે?

(૫) હિંદી રાષ્ટ્રીય મહાસભાના સ્થાપક કોણ હતા? સુરેન્દ્રનાથ બૅનરજી? દાદાભાઈ નવરોજી? એ. ઓ. હ્યુમ? રાસબિહારી ઘોષ? વિલિયમ વેડરબર્ન?

(૬) આકાશમાં ઊડતી કુંજડીઓની હાર તમે રોજ જુઓ છો. તો કહો જોઇએ, કે ઓછામાં ઓછી કેટલી કુંજ નીચેની રચ-નામાં ઊડી શકે? બે કુંજડી એક કુંજડીની આગળ; બે કુંજ એક કુંજડીની પાછળ; અને એક કુંજ બે કુંજોની વચમાં.

(૭) બે મિનિટમાં મારે ટ્રેન પકડવી છે, ને મારા ઘરથી ટ્રેન બે માઈલ દૂર છે. હું કલાકના ૩૦ માઇલની ઝડપે પહેલો માઇલ તો કાપી નાખું છું; તો હવે બાકીનો માઈલ મારે કલાકના કેટલા માઈલની ઝડપે કાપવો જોઇએ, જેથી હું ટ્રેન પકડી શકું?

કુમાર કાર્યાલયને લિમિટેડ કરવાની યોજના

માટેની મધ્યસ્થ સરકારની મંજૂરી મળી ગઈ હોવાથી એ કામકાજ ફરી ચાલુ થઈ ગયું છે. તેમાં ભાગ લેવા રાહ જોઇ રહેલા 'કુમાર'પ્રેમીઓ હવે પોતાનો હિસ્સો પુરાવે.

પત્રવ્યવહાર કરનારાઓને

આટલાં બધાં વર્ષોમાં 'કુમાર'માં છપા-એલા સાહિત્ય ઉપરાંત અનેક વાચકો સાથે તંત્રીને પત્રવ્યવહાર કરવાના અનેક પ્રસંગો મળ્યા છે અને તેમાં ઘણો સમય ને શક્તિ ખર્ચાયાં છે. પોસ્ટેજની બાબતમાં પણ બન્યું ત્યાં સુધી ખમી લીધું છે. પરંતુ ઘણા પત્ર-લેખકો એટલું વિચારી શકતા નથી કે તેથી જવાબ આપનાર પર વખત અને ખર્ચનો બોજો વધે છે. સલાહ કે સૂચના માગનારા પણ તંત્રીની ફુરસદ કે સગવડનો વિચાર કરી શકતા નથી અને જવાબ માટે અધીરા બની ઘણીવાર ગમેતેવા આક્ષેપ કરતા કાગળો લખી નાખે છે. કળાનું શિક્ષણ લેવા ચાહતા હોય કે પોતાનાં ચિત્રો પર વિવેચન માગતા હોય તેવાઓને પણ આ સૂચનાઓ લાગુ પડશે.


(૧) તમારા પોતાના કામ કે સ્વાર્થ માટે પત્ર લખો તો જવાબ માટે સરનામાવાળું પૂરતા પોસ્ટેજ સાથેનું કાર્ડ કે કવર મોકલવા ચૂકશો નહિ. તૈયાર સરનામું હોય ત્યારે જવાબ લખતાં સમયનો બચાવ થાય છે.

(૨) ચિત્રો કે ફોટોગ્રાફો કે લેખો પાછાં જોઇતાં હોય તેમણે તે પૂરતું પોસ્ટેજ અને સરનામું અવશ્ય મોકલવું. ઉપરાંત, ચિત્રો અને ફોટો તથા લેખની પાછળ પોતાનું નામ અને સરનામું નોંધવું જેથી અટવાઈ જાય કે ગેરવલ્લે થાય નહિ.

(૩) ગુજરાત કલાસંઘ ચિત્રશાળા માટે જે કંઈ પત્રવ્યવહાર કરવો હોય તે નીચેને સરનામે કરવો: રવિશંકર મહાશંકર રાવળ, ગુજરાત કલાસંઘ ચિત્રશાળા, બ્રાહ્મણ મિત્ર-મંડળ સોસાઇટી, એલિસબ્રિજ, અમદાવાદ.

આ ચિત્રશાળામાં કળાના ઉચ્ચતર અ-ભ્યાસ માટે જ અવકાશ છે. પણ આજ-કાલની મોંઘવારી, ઘરભાડાંનો વધારો વગેરે જોતાં સમય બદલાય ત્યાં સુધી પરગામના વિદ્યાર્થીઓ ન આવે એ ઈચ્છવા જેવું છે.—ર.

ટિકિટ-સંગ્રહ કરવા વિષે ચાલુ લેખમાળા [૧]



કવર ઉપરથી ટિકિટ ઉખેડવાની રીત : ટિકિટને કદી કાગળ પરથી ખેંચવી નહિ, પણ ટિકિટને ઊંધી નાખી તેનો એક છેડો દબાવી રાખી કવરને ખેંચી ઉખેડવું. એથી ટિકિટ નહિ ફાટે.

આ વિભાગ ગયા વરસમાં થોડી પ્રાથમિક માહિતી સાથે શરૂ કર્યો હતો. રીતસરના ઉપયોગી મુદ્દા સાથે હવે આ હપતો શરૂ થાય છે.

ટિકિટ કેમ ઉખેડવી ?

ટિકિટો સંઘરવાનો શોખ કેળવનારે સૌ પહેલું તો ટિકિટને કવર કે કાગળ ઉપરથી કેમ ઉખેડવી એ શીખી લેવું જરૂરી છે. ટિકિટ-સંગ્રહના શોખવાળાએ એક ઘણો જ અગત્યનો અને પ્રાથમિક મુદ્દો એ જાણી લેવો જોઇએ કે કોઈપણ ટિકિટ ક્યાંયથી પણ જો લેશમાત્ર ખંડિત થએલી હોય તો તે કોડીના મૂલની પણ ગણાતી નથી; સિવાય કે માણસ માત્ર પોતાના આનંદ ખાતર તેને રાખે. ગમે તેવી અપ્રાપ્ય ટિકિટ પણ ખંડિત હોય તો તે વેચાણ કે બદલાની દૃષ્ટિએ નકામા જેવી ગણાઇ જાય છે.

એટલું જ નહિ, પણ ટિકિટ ફાટ્યા વિના ઉખડી હોય છતાં જો તેના કાગળનો થોડો ભાગ મૂળ કાગળને ચોંટી રહ્યો હોય અને એટલા પૂરતો તે ભાગમાંથી તેનો કાગળ જરાક પાતળો થઈ ગયો હોય તો એ પણ ટિકિટની એક ખામી ગણાય છે. આને ટિકિટ-સંગ્રહની ભાષામાં અંગ્રેજીમાં 'થિનિંગ' કહે છે. ટિકિટ ઉખેડતી વખતે આ 'થિનિંગ' પણ ન થવું જોઇએ. એટલે આ શોખ કેળવનારે સૌથી પહેલું જ્ઞાન તો કાગળ પરથી ટિકિટ કેમ ઉખેડવી એ મેળવવાનું છે.

કવર કે કાગળ ઉપર ચોંટેલી ટિકિટ ઉખેડવા માટે તેને પાણીથી ઢીલી કરવી જરૂરી છે. ચીતરવાની નરમ પીંછી કે રૂનું પૂમડું કોકરવરણા પાણી વાળું કરી તે વડે ધીમેથી ટિકિટને તથા તેની આજુબાજુના કાગળને ભીંજવવાં. થોડી વાર રહીને ચપ્પુનો છેડો તેના એક ખૂણા નીચે સરકાવી જોવો. જો તે હજી ચોંટેલી જ જણાય તો ફરી થોડું પાણી લગાડવું. પછી ચપ્પુના છેડા વડે એક ખૂણો ઉચકાઇને આંગળીના ટેરવાની પકડમાં આવે એટલો બહુ કાળજીથી ઉખેડવો.

પણ આટલેથી હરખાઇને ઉતાવળે ટિકિટને ખેંચીને ઉખેડી લેવી નહિ. ટિકિટ ઉખેડવાની ખરી યુક્તિ 'ટિકિટને કાગળ પરથી' નહિ પણ 'કાગળને ટિકિટ ઉપરથી' ઉખેડી લેવો એ છે. આને માટે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ટિકિટને ઊંધી નાખી તેનો ઊંચો કરેલો છેડો એક હાથની આંગળી વડે દબાવી રાખવો અને બીજા હાથ વડે કાગળને આસ્તેથી ઉખેડી લેવો. આ રીતે ટિકિટ આબાદ સલામત રહી જશે. જો કાંઈક ચોંટી રહેશે તો કાગળનો ભાગ ટિકિટને ચોંટી રહેશે તે ઉખેડી નાખવા માટે ફરી પીંછી કે પૂમડા વડે તે ભાગને થોડો ભીંજવી ઢીલો કરીને કપડા વડે ધીમેથી ઘસીને ઉપાડી લેવો.

આ રીતે ઉખેડેલી ટિકિટ ભીની હોય છે એટલે તેને તદ્દન કોરા બ્લૉટિંગ પેપર પર મૂકી, તે પર બીજો બ્લૉટિંગ રાખી, બે ચોપડીઓ વચ્ચે કે કોઈ વજન નીચે દબાણમાં થોડો વખત રાખવી; કોરી પડી જશે.

આ પદ્ધતિ તો સામાન્ય ચાલુ છાપવાળી (સ્ટીલ એન્ગ્રેવિંગની પદ્ધતિથી છાપેલી) ટિકિટો માટે ચાલે. પણ હમણાં હમણાં ઇંગ્લંડ, દક્ષિણ આફ્રિકા વગેરે કેટલાક દેશોની ટિકિટો આધુનિક ફોટોગ્રેવર પદ્ધતિથી છાપેલી હોય છે (મુંબાઈનું ઇલસ્ટ્રેટેડ વીકલી છપાય છે એ જાતની છાપપદ્ધતિથી). એવી ટિકિટોના રંગ જાણીજોઇને કાચા રાખેલા હોય છે; કેમકે ઘણા લોકો નહિ જેવી છાપવાળી ટિકિટોને સાફસુફ કરી ફરી વાપરતા હતા. એટલે આ કાચા રંગવાળી ટિકિટો પર પાણી લાગતાં તેનો રંગ રેળાઈ જાય છે

એવી ટિકિટોને ઉખેડવા માટે તેને મૂળ કાગળ સાથે જ કવર પરથી કાપી લેવી, અને પછી તેના ઉપરના ભાગને પાણી ન અડે એવી રીતે, એક રકાબીમાં ઠંડું પાણી ભરી તેમાં તે તરતી મૂકવી.

આમ કરવું ન ફાવે તો એક બીજો રસ્તો છે. ચોખ્ખા સફેદ બ્લૉટિંગ પેપરનો (શાહીના બીલકુલ ડાઘ વગરનો તદ્દન કોરો) કટકો લઈ, તેને પાણીથી સારી પેઠે ભીંજવી, તેના પર પેલી ટિકિટો મૂકીને તેની નીચેના કાગળને ઢીલો થવા દેવો, ને પછી હળવેથી ઉખેડી લેવો.

આ થઇ ચોંટેલી ટિકિટોની વાત. પણ સંગ્રહ કરનારાઓ પાસે તો ઘણી વાર બદલામાં કોરી ટિકિટો, અગર આલ્બમમાં ચોડેલી ટિકિટો પણ આવે છે. આવી ટિકિટોની પાછળ સહેજસાજ કચરો કે જૂના આલ્બમનો કાગળ ચોંટેલો હોય તો તે ઉપરની પદ્ધતિથી ઉખેડી સાફ કરી નાખવો.

ટિકિટોની બાબતમાં એક ત્રીજી વાત યાદ રાખવાની એ કે ટિકિટો જેમ ફાટેલી કે નુકસાનવાળી ન હોવી જોઇએ, અગર 'થિનિંગ' થઇને પાતળી પડી ગએલી ન હોવી જોઈએ, તેમ તેની પાછળનો ગુંદર પણ જેટલો બને તેટલો અખંડ રહેવો જોઈએ. કોરી ટિકિટોમાં આ ગુંદર જેટલો અખંડ તેટલું તેનું મૂલ્ય વધારે. એટલે કચરો ઉખેડતી વેળા કે નવેસરથી પોતાના આલ્બમમાં ચોડતી વેળા એ ગુંદરના ભાગને જેટલું ઓછું નુકસાન પહોંચે એટલું સારું.

કેટલીકવાર ભેજના કે એવા બીજા કારણે કોરી ટિકિટો આખી ને આખી સાદા કાગળ પર ચોંટી જાય છે. આને માટે એક બે નુસખા છે. એક તો ઉપર જણાવ્યા મુજબ છીછરી રકાબીમાં ઠંડા પાણી પર તેને ચત્તી મૂકવી ને કાગળ ઢીલો પડે ત્યારે ઉખેડી લેવી. એ ન ફાવે તો ભીંજવેલા બ્લૉટિંગ પર મૂકવી. અથવા તો ટેબલના એક ખાનામાં એક રકાબીમાં પાણીમાં ભીંજવેલી વાદળી તથા રકાબીને પડખે બહાર એ ચોંટેલી ટિકિટો બંનેને મૂકી લાંબા વખત સુધી ખાનું બંધ રાખવું. એથી પણ કાગળ ઢીલો થઈ ગુંદરને અખંડ રાખી ઊખડી આવશે.

ઉખેડેલી કે બદલામાં આવેલી ટિકિટોના ખૂણાને વળીને ઘેડ પડી ગઈ હોય તો ડાઘડૂઘ વગરના તદ્દન સફેદ બે કાર્ડના ટુકડા વચ્ચે તેને મૂકી તે પર સહેજસાજ (બહુ ગરમ નહિ) ઈસ્ત્રી ધીમેથી ફેરવવી. એથી ઘેડ ભાંગી જશે.

ટિકિટ પર મેલના કે એવા ડાઘ પડીને તે ગંદી થઈ ગઈ હોય તો દવાવાળાને ત્યાંથી કે કોઇ દાક્તર મિત્રને ત્યાંથી થોડું હાઇડ્રોજન પેરૉક્સાઇડ લાવી, પીંછીથી હળવે હળવે લગાડવાથી મેલ નીકળી આવશે ચિકાશવાળા ડાઘ, તેને તદ્દન ચોખ્ખા બેન્ઝાઈનમાં પલાળવાથી નીકળી જશે. આ બેન્ઝાઈન વાપરતી વખતે તેને ગરમી કે જ્વાળાથી દૂર રાખવું.

(ચાલુ)



પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું [૮]

અબજો વર્ષ પહેલાં આ પૃથ્વી એક સળગતો તારો હતી. તે ઠરીને ધીમેધીમે તેનું બંધારણ ઘટ્ટ થતું ગયું અને તે પછી તેના પર વાતાવરણ સરજાવા માડ્યું. એ વાતાવરણની વરાળ ઠરતાં તે પર પાણી ઉત્પન્ન થયું ને પછી એ પાણીમાં પહેલવહેલી જીવસૃષ્ટિ આજથી આશરે ત્રેસઠ કરોડ વર્ષ પર અસ્તિત્વમાં આવી એનો ધીમેધીમે જે ક્રમવિકાસ થતો ગયો તેના, એ જીવસૃષ્ટિના પ્રકાર ઉપરથી, વૈજ્ઞાનિકોએ જુદાજુદા યુગ પાડ્યા છે. એ જીવસૃષ્ટિ સૌપ્રથમ છીછરા પાણીમાં એક કોષવાળા છોડ ને જલ-જીવ રૂપે પ્રકટી વખત વીતતો ગયો તેમ વાદળી બનાવનારાં જીવડાં, જેલી-ફિશ નામની પોચી માછલી, પરવાળાંનાં જીવડાં અને ટ્રાઇલોબાઇટ તથા ગેસ્ટ્રોપોડ નામના, શરીર બહાર હાડકાંનાં કડાણ કોટલાંવાળા જીવ તેમાં સરજાયા. આ જીવ-સૃષ્ટિની સાથે વનસ્પતિ-સૃષ્ટિ પણ પાંગરી. દરિયાઇ ઘાસ, છોડ્યા વગેરે પાણીમાં થયાં અને ઘોડાપુચ્છ જેવી વનસ્પતિ તથા શેવાળ વગેરે જમીનકિનારા આગળ પ્રગટવા લાગ્યાં. આ યુગને વૈજ્ઞાનિકોએ કેમ્બ્રિયન અને ઑર્ડોવીસિયન યુગ કહ્યો છે.

તે પછી સિલુરિયન યુગ, ડેવોનિયન યુગ, કાર્બોનિફેરસ યુગ, પર્મિયન યુગ, ટ્રિયાસિક યુગ, જ્યુરાસિક યુગ, ઇઓસીન યુગ અને માયોસીન યુગ, એમ જુદાજુદા આઠ યુગ વીતી ગયા. એમાંનો દરેક યુગ લગભગ પંદર વીસ લાખ વરસને અંતરે પલટાતો ગયો અને તેમાં ધીમેધીમે, મોટી માછલીઓ, કરોડવાળાં પ્રાણીઓ, ગરોળીઓ જેવા જીવ, મોટા મગરો અને તે બધાને પેટે ચાલતાં અને પગે ચાલતાં મહાકાય રાક્ષસી પ્રાણીઓ વિકસતાં ગયાં. તેમાંથી ટૂંકા સૂંઢના હાથી, કૂતરા જેવડા ઘોડા, ડુક્કર, વાઘ, વાનર, હરણ આદિના મિશ્રણવાળાં પ્રાણીઓ, એમ, આજનાં પ્રાણીઓના ચિત્રવિચિત્ર વડલા ઉત્પન્ન થયા.

બીજી બાજુએ વનસ્પતિ પણ વિકસતી ગઈ પહેલાં દરિયાઈ વનસ્પતિ ને પછી કિનારા ઉપરની વનસ્પતિઓ ફાલવા લાગી, અને તે વધીને જંગી ફર્ન-હંસરાજ વગેરે મોટાં ઝાડનું રૂપ લેતી ગઈ, અને આજે જે આપણને કોલસાના સ્વરૂપમાં મળે છે તે જંગલવર ઝાડો-નાં જંગલો ફાલતાં ગયાં. કાળે કરીને એ જંગલો નાશ પામી જમીન દોસ્ત થયાં ને ધરતીના થર પર થર ચડતા ગયા તેની વચ્ચે દટાઈને એ કોલસાનું રૂપ પામ્યાં. એવા કોલસાના તથા એ કાળનાં પત્થરો વગેરે ધરતીના થર ઉપર, 'ફૉસિલ' રૂપે દટાઈદટાઈ ને તેમના જે આકાર છપાએલા મળી આવે છે તેના આધારે આ આકૃતિઓ આલેખાઈ છે. એ બધાંનો પરિચય આપણે ગયા વરસ-માં કરી ગયા છીએ. હવે આ ચિત્રમાળામાં આવતા છેલ્લા યુગો, પ્લાયોસીન અને પ્લાઇસ્ટોસીન યુગનો પરિચય આપણે આ સાથેના ચિત્રમાં કરીએ છીએ.

આ ચિત્રનો સમય આજથી માત્ર આઠ લાખ વરસ ઉપરનો જ છે. આ યુગમાં એક નવું લક્ષણ પૃથ્વી પર ઉમેરાયું, અને તે પૃથ્વી ઉપર થએલો ઠંડીનો પ્રવેશ. જે આજથી ત્રણ કરોડ વરસ પર સળગતા તારાના રૂપમાંથી ઠરીને જીવસૃષ્ટિની જન્મદાત્રી બની, તેના પર ઉત્તર ભાગમાં હવે (પ્લાઇસ્ટોસીન યુગની શરૂઆતમાં) આકરી ઠંડી વરસાવતો હિમ-યુગ બેઠો અને તેથી જ ઉપલા ચિત્રમાં આપણે હાથી અને ગેંડાના વડવાના ડીલે લાંબા વાળ જોઈએ છીએ. લગભગ આખો યુરોપ ખંડ બરફથી છવાઇ ગયો. બધાં પ્રા-ણીઓ ઉત્તર પ્રદેશો છોડી હવે દક્ષિણ તરફ ચાલ્યાં ગયાં અને રૂંછાંવાળો હાથી આજની બેહરિંગની સામુદ્રધુની પર એ કાળે આવેલા જમીનના પટ્ટા પર થઈ ઉત્તર અમેરિકામાં જઈ વસ્યો. ઉપલા જમણા ખૂણામાં દર્શા-વેલાં આજના સાબર અને હરણ જેવાં મેગેસીરોસ નામનાં પ્રાણીઓ, વાળવાળા ગેંડા જેવા ગ્લાઇપ્ટોડૉન્ટ પ્રાણીઓ, અને શરીરે બખ્તરવાળું આર્માડિલો જેવું પ્રાણી એ આ યુગોમાં નવાં ઉત્પન્ન થયાં; તે આ ચિત્રમાં જણાય છે. નીચલા ડાબા ખૂણા-માં દેખાતો હિપ્પારિયન નામનો જે રણુ-નો ઘોડો એ કાળે થએલો તેના અવશેષો આજે દક્ષિણ અમેરિકામાંથી મળી આવે છે. અને, એ બધાની વચ્ચે, દુનિયામાં સૌથી છેલ્લા પ્રકટેલા જીવ, 'માનવી'નાં દર્શન આ-પણે આ છેલ્લા યુગમાં કરીએ છીએ. (સંપૂર્ણ)

(COURTESY : WORLD OF WONDER)


આ અંકના મુખચિત્રના સર્જક

કલાકાર

શ્યાવક્ષ ચાવડા

આ અંકના મુખચિત્ર તરીકે રજૂ થ-એલા 'વિદાય' નામના પૂર્ણરંગી ચિત્ર-ના સર્જક પારસી કલાકાર ભાઈ શ્યા-વક્ષ ચાવડાને પહેલી જ વાર ગુજરાત-માં જાહેર આવકાર આપતાં અમને બહુ આનંદ થાય છે. કલાકારે આ ચિ-ત્રમાં લોકજીવનનાં પાત્રોને તેમના સ્વાભાવિક વસ્ત્રપરિધાન સાથે રંગો અને ચિત્રણાની એક લાક્ષણિક ભભક સાથે ઉતારી ગુજરાતની કળામાં એક નવો ચીલો પાડ્યો છે. જૂનાં રાજ-સ્થાની ચિત્રોની પેઠે તેમણે રંગમાં વાતાવરણની સુંદર ભાત ઉઠાવી, પાત્રો જે પોષાકો અને અલંકારો દ્વારા જીવન-ની કળા માણી રહ્યા છે તેને વફાદાર રહી, તેમના મરોડ અને સંયોજના જ-ળવ્યાં છે. સુઘટ રેખાવ્યૂહ અને વિચા-રનું નવું રૂપવિધાન ભાઈ ચાવડાની વિશેષતા ગણાશે.

ભાઈ શ્યાવક્ષ ધનજીભાઈ ચાવડા હજી તો સાવ તરુણ છે. નવસારીના ઠાવકા પારસી કુટુંબના તે નબીરા છે અને ટૂંક વખતમાં તેમણે પોતાની કળાકાર તરીકેની કારકિર્દીમાં વિજય-વંત કદમ ઠેરાવ્યાં છે. ઈ૧૯૩૦થી ૩૫ સુધી તેમણે મુંબાઈની સર જે.જે. સ્કૂલ ઑવ આર્ટમાં તાલીમ લીધી તે દર-મિયાન તે યુરોપી શાસ્ત્રીયતાથી ચીત-રનારા એક બાહોશ વિદ્યાર્થી ગણાયા હતા. તેમનું એક ચિત્ર વાઈસરૉયને ભેટ થયું હતું. અને સ્થાનિક પ્રદર્શનો-માં પણ તેમના સ્કેચ દેખાતા હતા. ૧૯૩૬માં તેમને સર રતન તાતા ચૅરિટી ટ્રસ્ટની સ્કૉલરશિપ અને યુરોપમાં અ-ભ્યાસ કરવાને બીજે ફેરો મળ્યાં, એટલે પ્રથમ ઇંગ્લંડ જઇ તે ત્યાંની પ્રખ્યાત સ્લેડ આર્ટ સ્કૂલમાં જોડાયા. તેમની પ્રવીણતા જોઈ ત્યાંના અધ્યક્ષે ત્રણ વર્ષ-ને બદલે બેજ વર્ષમાં તેમને ડિપ્લોમા લેવા દીધી. એક હિંદી વિદ્યાર્થી માટે આ પહેલો જ દાખલો છે. ત્યાર પછી થોડો વખત પારીસમાં શુમીર (Chaumiere)ની મોટી ઍકેડેમીમાં અ-ભ્યાસ કર્યો. ઉપરાંત ઇંગ્લંડમાં પહેલવહેલું આધુનિક નેપથ્યવિધાન દાખલ કરનાર પ્રખ્યાત રશિયન કલાકાર વ્લાડીમીર પોલુનીનના હાથ નીચે મુરલ (Mural) ચિત્રામણ અને રંગભૂમિની ચિતરણા શીખ્યા.



કલાકાર શ્યાવક્ષ ચાવડાએ અમદાવાદની એક શાળાની ભીંતો માટે કરેલાં ભીંતચિત્રો. ઉપરથી અનુક્રમે: (૧) ગ્રામશાળા; (૨) શહેરની શાળા; (૩) વિદ્યાર્થીઓનો ઉપવનવિનોદ (ઉજાણી); (૪) પ્રાચીન કલાધામની મુલાકાતે વિદ્યાર્થીઓ; (૫) પ્રાણીસંગ્રહની મુલાકાતે વિદ્યાર્થીઓ.

શ્રી ચાવડાએ તે ઉપરાંત દુકાનશોભન (window display) અને તૈલચિત્રોનું સમારકામ (restoration)ની તાલીમ મેળવી છે, અને વ્યાપાર સહાયક કળા (commercial art) માં તો તે ભેક્કા છે. તે સાથે લીથોગ્રાફીનું સારું જ્ઞાન પણ તેમણે મેળવી લીધું છે

અને તેથી આજે પોતાના સંસ્કારી જીવનમાં કોઈપણ કલાત્મક પ્રવૃત્તિ યથાશાસ્ત્રવર્તિત પાર પાડી શકે છે. તસ્વીરકળા, શોભનકળા કે ભીંત પરનાં ચિત્રશિલ્પોમાં તેમણે પોતાની પ્રવીણતા સિદ્ધ કરી છે. યુરોપનો કળાવિસ્તાર નીરખી લીધા પછી તેમને નવું ભાન થયું છે કે ભારતીય કળાના આદર્શો વધુ સમુજ્જ્વલ અને મહાન છે, તેથી સ્વતંત્રપણે તેનું ધ્યેય સ્વીકારી તેમણે ભારતીય ચિત્રકારની અદાથી ધ્યાનસહિત ચિત્રો દોરવા માંડ્યાં છે. તેમાંનું એક આ અંકના મુખચિત્ર તરીકે આપ્યું છે. તેમના પ્રત્યેક ચિત્રમાં નવી દૃષ્ટિ ને નવી રંગસૃષ્ટિના ચમકારા ઝબકે છે. પોતાની કલાભાવના વ્યક્ત કરવા પૂરતો ભાષા અને સાહિત્યનો પણ અખંડ અભ્યાસ તેઓ સેવે છે અને ભારતીય કલાનાં ઈતર સ્વરૂપોનો પણ પાકો અભ્યાસ કરવા પ્રયત્ન કરે છે. ભારતીય સંગીતના મૌલિક અને વાદ્યગત પ્રયોગોમાં તો તેમણે બધા ક્રમોની પરીક્ષા ઉત્તીર્ણ કરી છે. એમની દૃઢ માન્યતા છે કે ભારતની ચિત્રશાળાઓમાં ભારતીય કલાશિક્ષણનું સ્થાન પ્રથમ રહેવું જોઈએ. ઈતર દેશોની કલાને તો એક ઉપાંગ તરીકે અભ્યાસક્રમમાં રાખવી જોઈએ અને હવે અનુકરણશીલ કલાથી મુક્ત થવું જોઈએ. **ર. મ. રા.**

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર: શ્રી ચન્દ્રકાન્ત હ. સંઘવી, મણિનિવાસ, માટુંગા રોડ, (બી બી.) પોસ્ટ માહીમ

Stuart Crooks
Ithaka, Michigan (U. S. A.)
Nov. 27, 1940

પ્રિય ચન્દ્રકાન્ત,

સૌ પહેલાં તો હું એ જાણી લઉં કે તમે કાંઇ જંગલી, અસંસ્કારી કે પછાત નથી એ હું સારીપેઠે જાણું છું. આ જાણી લેવાનું કારણ એટલું કે હું તમારી રોજિંદી રહેણીકરણી પર પ્રશ્નોનો મારો ચલાવ્યા કરું છું. (તેથી તમને કદાચ એવું લાગી જાય.) ગમે તેમ પણ તમે અમેરિકા વિષે જાણો છો તેના કરતાં હું હિંદ વિષે ઘણું ઓછું જાણું છું.

ત્યારે મુંબાઈ શહેરમાં બે રેલવેઓ છે, ખરું ને ? પણ અમારા અમેરિકાના એકલા એક ન્યૂ યૉર્ક શહેરને જ ૧૦૦ ઉપરાંત રેલવેઓ છે. ત્યાં એટલી બધી ગાડીઓ દોડે છે કે તેમાંની શહેરની વચ્ચે દોડતી ઘણી ગાડીના પાટા તો ઊંચા પૂલ બાંધીને અદ્ધર હવામાં રાખવા પડ્યા છે, ને ઘણીના પાટા ભૂતળમાં-જમીનના પેટાળમાં નાખવા પડ્યા છે, જેને અમે 'સબ-વે' કહીએ છીએ. ન્યૂ યૉર્કનું મુખ્ય રેલવે સ્ટેશન જે 'ગ્રાન્ડ સેન્ટ્રલ સ્ટેશન' કહેવાય છે એ તો એટલું મોટું છે કે મારું ગામ આખું તેના મકાનમાં જ સમાઈ જાય ! ખરે જ, તે ઘણું મોટું છે. અમારા યુનાઈટેડ સ્ટેટ્સના પશ્ચિમ ભાગમાં દુનિયાનો મોટામાં મોટો 'પાર્ક' (ઉપવન) આવેલો છે. તેમાં ગરમ પાણીના ઊડતા ફુવારા છે. દર ૬૦ મિનિટ (કલાકે) તેમાંથી ૧૦૦ ફૂટ ઊંચો પાણીનો ફુવારો છૂટે છે, અને એનું પાણી દુનિયામાં ગરમમાં ગરમ છે. આ ઉપવનની નજદીકમાં જ એક રણ આવેલું છે. (રણ કોને કહેવાય એ તો તમને ખબર હશે.) એ રણ 'રંગીન રણ' કહેવાય છે કેમકે તેમાં જુદાજુદા અનેક રંગની રેતી છે: લાલ, લીલા, વાદળી ને પીળા રંગથી માંડીને લગભગ એકેએક રંગ સુધીની. દૂરથી જોતાં તે અત્યંત સુંદર લાગે છે.

કૅલિફૉર્નિયાના પાટનગર સાન્ફ્રાન્સિસ્કો શહેરમાં પાણીના એક અગાધ વિસ્તાર ઉપર એક મહાકાય પૂલ બાંધેલો છે. તેને 'ગોલ્ડન ગેઈટ' (સુવર્ણદ્વાર) કહે છે, કેમકે સૂર્યાસ્ત વખતે પાણીમાં પડતો સૂર્યનો પ્રકાશ પરાવર્તન પામીને તેના પર પડે છે ત્યારે તે આખો જાણે સોને રસી લીધો હોય એવો દેખાય છે.

દુનિયાની સાત અજાયબીઓમાંની એક ગણાતી 'મૅમથ કેઈવ' નામની વિરાટ ગુફા અમારા યુનાઈટેડ સ્ટેટ્સના પૂર્વ ભાગમાં આવેલી છે. પૃથ્વીના પેટાળમાં પાણીના સતત ઘસારાથી પડેલું એ એક મહામોટું પોલાણ છે. એમાં પાણી ચાલુ ટપક્યા કરવાથી લાખો મોટા સ્તંભ બની ગયા છે. એ અત્યંત સુંદર છે અને માઇલોના માઇલો સુધી લાંબી છે.

અમારા યુનાઈટેડ સ્ટેટ્સમાં ઘણી સુંદર ઈમારતો પણ છે. આરસ અને ગ્રેનાઈટ (અટાદિયા) પથ્થરની અમારે ત્યાં એટલી તો અસંખ્ય ઇમારતો છે કે અમે તે પૂરી વાપરી પણ શકતા નથી. અમારા વિવિધ 'ડિપાર્ટમેન્ટ સ્ટોર' (ઘરવખરીની ચીજો વેચનારી દુકાનો) પણ સુંદર સુંદર ઈમારતોમાં હોય છે. તો પછી અમારી પૉસ્ટ ઑફિસો અને બૅંકોના મકાનો તો કેવાં યે હશે એ તમે કલ્પી શકશો.

ન્યૂ યૉર્ક આજે દુનિયાનું મોટામાં મોટું શહેર ગણાય છે; અને હું રહું છું ત્યાંથી સોએક માઈલને અંતરે દુનિયાની મોટામાં મોટી ફૅક્ટરી આવેલી છે.

અહીં યુનાઈટેડ સ્ટેટ્સમાં મુસાફરીનાં સાધનો છેલ્લામાં છેલ્લી ઢબનાં છે. અમારી કેટલીક મોટરો તો કલાકના ૧૦૦ માઇલના વેગથી દોડે છે. અને વિમાન વડે અમે ૨૦ કરતાં યે ઓછા કલાકમાં તો આખો યુનાઈટેડ સ્ટેટ્સ દેશ પાર કરી શકીએ છીએ. અમારી ટ્રેઈનો કલાકના ૧૦૦ કે તેથી યે વધુ માઈલની ઝડપે દોડતી હોય છે.

વીજળીના ગોળા સળગે છે ત્યારે કેટલા ગરમ થઈ જાય છે એ તો તમે જોયું છે ને ? પણ અમારે ત્યાં હવે એવા ગોળા શોધાયા છે જે ઠંડા જ રહે. . . . .

તમે કુશળ હશો. અમે આનંદમાં છીએ.

તમારો પરદેશી કલમમિત્ર
સ્ટુઅર્ટ ક્રુક્સ

નવા પત્રમિત્ર

શ્રી રતિલાલ પી. ચંદારિયા (પો. ઑ. નં. ૫૦, જામનગર) કોઈપણ હિંદી પત્રમિત્ર સાથે પત્રવ્યવહાર કરવા ઈચ્છે છે. જીવનનો લગભગ બધો ભાગ તેમણે આફ્રિકા (નારોબી) માં જ ગાળેલો હોઈ કેળવણી પણ ત્યાં જ લીધી છે, એટલે હિંદી મિત્રો પાસેથી અવનવી બાબતો જાણવા અને આપલે કરવા ઉત્સુક છે.

મેંદીનાં પાન

જેમ કેટલાંક ઝાડને કાપો તેમ વધે છે; તેમ ક્ષત્રિયો મરે તેમ તેનાં સંતાન શૂરાં થાય છે.

જ્ઞાન અને કળાઓ તો અગ્નિહોત્રના અગ્નિ પેઠે વંશપરંપરા અખંડ જાગતી રાખવાનાં છે.

મનની મોટાઈ કઠિનતામાં નથી, પણ કોમળ હોવા છતાં સંસારના ઘા સહવામાં છે. મન મોટું તેમ તેની રસજ્ઞતા વધારે હોય છે અને તેના મર્મ કોમળ થાય છે. મોટાં મન 'નઘરોળ' કે 'નઠોર' નથી હોતાં. માત્ર તેની સ્થિતિસ્થાપકતા વધારે હોય છે.—ગોવર્ધનરામ



માધુકરી

અસલનેરનાં નૂર
(લાવણી)

ગર્જવિયે ગાઇ ઉચ્છલત ઊર, અગારા અસલનેરનાં નૂર.
હિન્દુ જિન મહમ્મદી પારસી કરી જુદાઇ ડૂલ;
બને જ્યાં એક દૂધ મનુકુલ—અગારા૦ ગર્જ૦
નથી જ્યાં દોલત કેરા છાક, નથી જ્યાં સત્તામદ નાપાક;
નથી જ્યાં રંક નર્યાં હેવાન, નથી જ્યાં દુર્બળ કેવળ બાન;
વિદ્યા તપ આતમબળને જ્યાં પૂજે રાજા રંક;
ભિલ્લ ધાતકી બન્યા મહર્ષિ, મ્હાર બન્યા જ્યાં સન્ત,
પળાયા જેહ તણા ઉપદેશ, વેદના દ્રષ્ટાથી ય વિશેષ: ગર્જ૦

—બ. ક. ઠાકોર


મહામહોપાધ્યાય ડૉ. સર ગંગાનાથ ઝા

જે મિથિલામાં રાજર્ષિ વિદેહ જનક મહારાજે વિરક્તભાવે ગાયું હતું કે 'मिथिलायां दह्यमानायां न मे दह्यति किंचन' (મિથિલા સળગતી હોય ત્યારે મારૂં કશું દગ્ધ થતું નથી) તે મિથિલાની પુણ્યભૂમિ પ્રાચીનકાળથી જ વીણાપાણિ ભગવતી ભારતીની લીલાસ્થલી રહી છે. જ્યાં કર્મકાંડના પ્રકાંડ પંડિત મંડનમિશ્રે વૈદિક યજ્ઞાગ્નિને અખંડ રાખ્યો હતો, જ્યાં કાવ્યકાનન કોકિલ વિદ્યાપતિએ પોતાની કાવ્ય-માધુરી છાંટી હતી અને જે વિદ્યાભૂમિમાં સર્વતંત્રસ્વતંત્ર વાચસ્પતિ મિશ્ર અને નવ્યન્યાયશાસ્ત્રના આદિ પ્રયોક્તા ગંગેશ ઉપાધ્યાય જેવા ધુરંધર શાસ્ત્રાચાર્યો થઇ ગયા. તે મિથિલાની સસ્યશ્યામલા અને આમ્રરાજિવિરાજિત મનોરમ ભૂમિમાં, આજથી ૭૩ વર્ષ પૂર્વે, ત્રિખંડ પંડિત સર ગંગાનાથ ઝાનો, ૧૮૭૨ના એપ્રિલની ૨૫મી તારીખે, દરભંગા જીલ્લાના 'સરસિત' ગામમાં જન્મ થયો.

આ ગામનું પૌરાણિક નામ 'અમરાવતી' હતું અને પ્રાચીન મિથિલામાં એ 'સરસ્વતી વિદ્યાપીઠ'ના નામથી વિખ્યાત હતું (જેનો અપભ્રંશ 'સરસિત' થઈ ગયો). શિક્ષાર્થીઓ દૂરદૂરથી આવીને અહીંના સુપ્રતિષ્ઠિત આચાર્યો પાસે વિદ્યાભ્યાસ કરતા શ્રી ગંગાનાથના પિતાનું નામ તીર્થરામ ઝા હતું. વિદ્યાનુરાગી દરભંગાનરેશની રાજકીય હાઇસ્કૂલમાં બાલક ગંગાનાથની પ્રારંભિક કેળવણી સંપન્ન થઈ અને ત્યાંથી જ સન ૧૮૮૬માં એમણે મૅટ્રિક્યુલેશન પરીક્ષા પાસ કરી. ત્યાર બાદ એ બનારસની ક્વીન્સ કૉલેજમાં પ્રવિષ્ટ થયા અને ૧૮૮૮માં કલકત્તા યુનિવર્સિટીની ઇન્ટર આર્ટ્સની પરીક્ષા પસાર કરી. ત્યાર પછી અલ્લાહાબાદ યુનિવર્સિટીની સ્થાપના થતાં ત્યાં જઈ ૧૮૯૨માં સંસ્કૃતસાહિત્યનો વિષય લઇ તરતજ ગંગાનાથ યશસ્વી રીતે બી. એ. બન્યા. એ પ્રયાગવિશ્વવિદ્યાલય (અલ્લાહાબાદ યુનિવર્સિટી)ના ઇતિહાસમાં સંસ્કૃત સાહિત્યને ઐચ્છિક વિષય તરીકે લઇ એમ. એ. થનાર એઓ પ્રથમ છે.

એમ. એ. થયા પછી એ બનારસ ગયા અને ત્યાં મહામહોપાધ્યાય શિવકુમારશાસ્ત્રી, મ૦ ગંગાધર શાસ્ત્રી મ૦ કૈલાસચંદ્ર શિરોમણિ અને મ૦ જયદેવ મિશ્ર વગેરે દિગ્ગજ પંડિતો તથા આચાર્યો પાસે રહીને પ્રાચીન પરિપાટી પ્રમાણે દર્શનશાસ્ત્ર અને સંસ્કૃત સાહિત્યનું અધ્યયન અને અનુશીલન કરતા રહ્યા થોડા વખત પછી દરભંગા નરેશ સર લક્ષ્મીશ્વરસિંહે એમને કાશીથી બોલાવી પોતાના રાજકીય ગ્રંથાલયમાં અધ્યક્ષ તરીકે રાખ્યા. અહીં કેટલેક વર્ષ સુધી એમને વિવિધ વિષયો પર સંસ્કૃત ભાષાની પ્રાચીન હસ્તલિખિત અને મુદ્રિત પોથીઓનાં અનુશીલનનો સુંદર અવસર મળી રહ્યો. આ શાસ્ત્રાવલોકન અને વિદ્યાવ્યાસંગના પરિણામરૂપે એમણે કેટલાક સુવિહિત

જમણી બાજુ:
મહામહોપાધ્યાય, ડૉ. સર ગંગાનાથ
એમ. એ., ડિ. લિટ., એલએલ. ડી.
નીચે:
એમના સુપુત્ર
ડૉ. અમરનાથ ઝા
એમ. એ., ડિ. લિટ.





સંસ્કૃત ગ્રંથોના એવા તો પ્રામાણિક અંગ્રેજી તરજૂમા તૈયાર કર્યા કે એમનો યશસૌરભ વિદ્વન્મંડળીઓમાં પ્રસરવા લાગ્યો. ભારતીય સંશોધકોમાં શ્રી ગંગાનાથ ઝા જ પહેલા વિદ્વાન છે, જેમણે આપણાં પ્રાચીન ષડ્દર્શનોનાં પ્રામાણિક અને સુબોધ અંગ્રેજી ભાષાન્તરોનો પ્રારંભ કર્યો. આ દિશામાં એમના જેવું જ યશસ્વી કાર્ય કરનાર મહામહોપાધ્યાય શ્રી ગોપીનાથ કવિરાજ એમ. એ. (પ્રાચીન શાસ્ત્રોના પ્રકાંડ પંડિત અને બનારસ સંસ્કૃત કૉલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ) સિવાય બીજા અન્ય કોઈ ભારતીય વિદ્વાન થયા નથી. ષડ્શાસ્ત્રોના ભાષાન્તરનું એ વિકટ કાર્ય પોતાના અવસાન પહેલાં જ સર ગંગાનાથ સંપૂર્ણ રીતે પાર પાડી શક્યા હતા. આમ શાસ્ત્રસેવા અને સંશોધનવિદ્યાની આવી કર્મસિદ્ધિનો પૂરેપૂરો પરિતોષ પોતાની હયાતીમાં જ માણી જનાર યશસ્વી મનીષીઓ ઘણા જ ઓછા જોવામાં આવે છે. આ ભગીરથ કાર્યમાં એમને ડૉક્ટર થીબો પાસેથી ઠીકઠીક પ્રેરણા અને સહાય મળી હતી. ડૉક્ટર થીબો મૂળ જર્મનીના હાઈડલબર્ગ ગામના વતની હતા અને તે વખતે પ્રયાગ વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષ હતા. વેદાન્તશાસ્ત્રના તરજૂમા તો ડૉક્ટર થીબોએ પોતે જ કર્યા હતા, અને ત્યાર પછી શેષ શાસ્ત્રોના ભાષાન્તર રૂપી મહોદધિને પાર કરવાનું કાર્ય શ્રી ગંગાનાથ ઝાએ એકલા હાથે કર્યું.

ઈ. ૧૯૦૨માં અલ્લાહાબાદની મ્યૂર કૉલેજના સંસ્કૃત વિભાગના વિદ્વાન પ્રોફેસર મહામહોપાધ્યાય પંડિત આદિત્યરામ ભટ્ટાચાર્ય (મહામના મદનમોહન માલવીયજીના ગુરુજી) અધ્યાપનકાર્યથી નિવૃત્ત થયા, અને એમની જગ્યા પર ડૉક્ટર થીબોના આગ્રહથી પંડિત ગંગાનાથ ઝા નિમાયા. પ્રયાગ આવ્યા પછી એમનું શાસ્ત્રાનુશીલન બમણા વેગથી ચાલ્યું. ૧૯૦૯માં એમણે 'પૂર્વમીમાંસા'ની 'પ્રભાકર શાખા' (Prabhakar-School of Purva Mimansa) વિષે વિદ્વત્તાપૂર્ણ મહાનિબંધ (થીસિસ) લખ્યો, જેને માટે પ્રયાગ વિશ્વવિદ્યાલય તરફથી એમને ડી. લિટ્. (ડૉક્ટર ઑવ લેટર્સ)ની ઉપાધિ એનાયત કરવામાં આવી. ૧૯૧૦માં સરકારે એમની પ્રતિભા ને વિદ્યાસેવાનો સત્કાર કરીને એમને મહામહોપાધ્યાયના ઈલ્કાબથી વિભૂષિત કર્યા. આમ, પ્રયાગ વિશ્વવિદ્યાલયમાં તેઓ છેક ૧૯૧૮ સુધી અધ્યયન-અધ્યાપનનું કાર્ય કરતા રહ્યા.

ઈ. ૧૯૧૮માં બનારસની ભારતવિશ્રુત સંસ્કૃત કૉલેજના પ્રિન્સિપાલપદેથી ડૉક્ટર વેનિસ નિવૃત્ત થયા અને તેમની જગ્યાએ એ ગૌરવવંતા પદ ઉપર ડૉ. ગંગાનાથ ઝાની વરણી થઈ. એમની શાન્તિ, યોગ્યતા, ક્ષમતા અને વ્યક્તિત્વે એમને ખૂબ લોકપ્રિય બનાવી દીધા હતા. બનારસ સંસ્કૃત કૉલેજનું પ્રિન્સિપાલપદ મેળવનાર એ પહેલા હિંદીવાન હતા. તે પહેલાં એ પદ યુરોપિયનોને જ અપાતું. ૧૯૨૧માં હિંદી સરકારે એમને ઇન્ડિયન સિવિલ સર્વિસમાં પણ લઈ લીધા.

૧૯૧૦માં કલકત્તા વિશ્વવિદ્યાલયના આગ્રહથી એમણે 'માનવધર્મશાસ્ત્ર' (मनुस्मृति) પર આચાર્ય મેધાતિથિએ કરેલા સંસ્કૃત ભાષ્યના અંગ્રેજી તરજૂમા તૈયાર કર્યા, જે કલકત્તા વિશ્વવિદ્યાલયે મોટામોટા પાંચ ખંડો (૨૫૦૦ પાના અને કિંમત પાંસઠ રૂપિયા)માં પ્રસિદ્ધ કર્યા છે. એ 'મનુસ્મૃતિ'ના જ અનુસંધાનમાં એમણે બીજી જ એક વિપુલ પોથી 'Notes on Manusmriti' પણ લખી છે, જે ત્રણ ખંડો (આઠો હજાર પાના- કિંમત બત્રીસ રૂપિયા)માં કલકત્તા વિદ્યાપીઠે બહાર પાડી છે. હિંદુ કાયદાશાસ્ત્ર વિષેનું એમનું જ્ઞાન અને પાંડિત્ય ચૂડાંત હતું અને તે વિષે એમનો અભિપ્રાય અતિશય પ્રમાણભૂત મનાતો હતો. Hindu Law and its sources (હિંદુ કાયદાશાસ્ત્ર ને તેનાં ઉદ્ગમસ્થલો) એ પણ એમની એક જાણીતી કૃતિ છે.

આદ્ય શંકરાચાર્ય ભગવાનના ગુરુ સમા આચાર્ય કુમારિલભટ્ટની પ્રગાઢ વિદ્વત્તામાંથી નીકળેલા બે બૃહદ્ ગ્રંથ **श्लोकवार्तिक** (૫૫૦ પાનાં) અને **तंत्रवार्तिक** (૧૭૨૨ પાનાં)નાં પણ એમણે પ્રામાણિક અંગ્રેજી ભાષાંતરો કર્યાં છે, જે હિંદની પ્રખ્યાત સંશોધનસંસ્થા 'બંગાળ એશિયાટિક સોસાઈટી'એ પ્રસિદ્ધ કર્યાં છે.

૧૯૨૮માં કલકત્તા યુનિવર્સિટીએ એમને પોતાની 'કમલા વ્યાખ્યાનમાલા' માટે આમંત્રણ આપ્યું. તેમાં એમણે **दार्शनिक अनुशासन** (Philosophical Discipline) ઉપર પાંડિત્યપૂર્ણ સુંદર વ્યાખ્યાનો આપ્યાં, જે કલકત્તા વિશ્વવિદ્યાલયે પ્રકટ કર્યાં છે. એમની પહેલાં એ વ્યાખ્યાનમાળામાં ડૉ. ઍની બેસંટ અને મહામના શ્રીનિવાસ શાસ્ત્રીનાં વ્યાખ્યાનો થઈ ચૂક્યાં હતાં અને ત્રીજા વ્યાખ્યાતા તરીકે એમની પસંદગી કરવામાં આવી હતી.

ભારતીય તત્ત્વજ્ઞાનમાં **मीमांसादर्शन** સૌથી વધારે ક્લિષ્ટ અને શુષ્ક શાસ્ત્ર મનાય છે. મીમાંસાશાસ્ત્ર વિષે અધ્યયન અને અનુશીલન પણ ઘણું ઓછું થયું છે, કેમકે એમાં શુદ્ધ કર્મકાંડની વિધાનો વિચાર કરવામાં આવ્યો છે. એ શાસ્ત્ર ઉપર શબર સ્વામીનું ભાષ્ય સૌથી પ્રમાણભૂત અને પાંડિત્યપૂર્ણ મનાય છે. એ અતિ કઠિન મનાતા શબર ભાષ્યનું ડૉક્ટર ગંગાનાથ ઝાએ પ્રામાણિક અંગ્રેજી ભાષાંતર મોટામોટા ત્રણ ખંડો (અઢી હજાર પાનાં અને કિંમત ૪૮ રૂપિયા)માં કર્યું છે, જે 'વડોદરાની ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝ' તરફથી છપાવામાં આવ્યું છે. તે સિવાય '**तर्कभाषा**' અને **काव्यालंकार सूत्रवृत्ति**ના એમના અંગ્રેજી અનુવાદો 'પૂના ઓરીએન્ટલ સીરીઝ' તરફથી બહાર પડ્યા છે.

૧૯૨૩માં સર્વસમ્મતિથી એમની નિમણૂક પ્રયાગ વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સેલર તરીકે કરવામાં આવી અને ત્યાર પછી પણ ત્રણ વાર ત્યાંના ઉપકુલનાયક તરીકે એમનું જ નિર્વાચન થતું રહ્યું. કેળવણીકાર તરીકે એમના જીવનના ગૌરવનું એ સર્વોચ્ચ શિખર હતું. આ સંમાનનીય હોદ્દા પર એ લાગટ નવ વર્ષ સુધી રહ્યા.

વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં તેઓ એકસરખા લોકપ્રિય બની ગયા હતા. પોતાના અધિકારનો એમને જરા યે ગર્વ ન હતો. એમની આસપાસ સરલતા, સાધુતા અને સાદાઈનું જ વાતાવરણ જામેલું રહેતું. કોઈ પણ વિદ્યાર્થી એમની પાસે જઈ પોતાની મુશ્કેલી રજૂ કરીને તેનું નિરાકરણ અને સમાધાન મેળવી આવી શકતો. ઈ. ૧૯૨૭માં પ્રયાગ વિશ્વવિદ્યાલય તરફથી પણ એમને એલએલ. ડી.ની માનદ ઉપાધિ આપવામાં આવી. યુક્ત પ્રાંત (યુ. પી.)ની વિદ્વાન સંસ્થા 'હિંદુસ્તાની ઍકેડેમી'એ ૧૯૨૯માં એમને વ્યાખ્યાન માટે આમંત્રણ આપ્યું. જેમાં એમણે 'કવિ અને કાવ્ય' એ વિષય લઈને જે સરસ અને સારવાન વ્યાખ્યાનો આપ્યાં તે 'કવિરહસ્ય' નામથી બહાર પડ્યાં છે. લંડનની 'રૉયલ એશિયાટિક સોસાઈટી'એ પણ એમને પોતાના ફેલો તરીકે સ્વીકાર્યા હતા. પટણા યુનિવર્સિટી તરફથી ઓનરરી રામદીન રીડરશિપ વ્યાખ્યાનમાળા માટે પણ એમને વ્યાખ્યાનદાતાનું માન અપાયું હતું, અને 'એશિયાટિક સોસાઈટી-બંગાળ'ની મુંબઈ શાખા તરફથી એમને 'કૅમ્પબૅલ ચંદ્રક' આપવામાં આવ્યો હતો.

અલ્લાહાબાદ-નિવાસ દરમ્યાન એમણે 'Indian Thought' નામક સામયિક પત્રનું અગિયાર વર્ષ સુધી સંપાદન કર્યું હતું અને પોતે જ્યારે બનારસ સંસ્કૃત કૉલેજના આચાર્ય હતા ત્યારે **सरस्वती**

ભવન ગ્રંથમાલા પણ એમના જ તંત્રીપણા અને તત્ત્વાવધાનમાં નીકળતી હતી. પોતાની માતૃભાષા મૈથિલીમાં પણ પંડિતજીએ ગ્રંથરચનાઓ કરી છે. બધા મળીને એમણે સાત ગ્રંથો સંસ્કૃત ભાષામાં, ચાર પુસ્તકો હિંદી ભાષામાં અને ઓગણીસ સંસ્કૃત બૃહદ્ ગ્રંથો તથા ભાષ્યોનાં અંગ્રેજી પ્રામાણિક ભાષાન્તરો તૈયાર કર્યાં છે. ભારતીય વિશ્વવિદ્યાલયો અને પરદેશી વિદ્યાપીઠોમાં આજે પૂર્વીય તત્ત્વજ્ઞાન તરફ પ્રવૃત્ત થવાની જે લોકપ્રિયતા અને આકર્ષકતા જાગ્રત થઈ છે તે મોટે ભાગે ડૉકટર ઝાનાં આ સરલ, સુબોધ ને પ્રમાણભૂત ભાષાંતરોને જ આભારી છે. આપણાં પ્રાચ્ય શાસ્ત્રોની અતિ આવશ્યક અને વિખ્યાત પરંતુ કલિષ્ટ ગણાતી રચનાઓનું મંથન કરીને જે નવનીત એમણે પ્રસ્તુત કર્યું છે તેથી આજના તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓ, વિદ્યાર્થીઓ અને સ્કૉલરોનો માર્ગ અતિશય સરલ બની ગયો છે શાસ્ત્રીય વિષયોને સહજરીતે પાઠકોને હૃદયંગમ કરાવવાની એમનામાં અજબ શક્તિ હતી. એમની લેખનશૈલી અને ભાષા સુંદર, સ્વચ્છ, પરિષ્કૃત અને હૃદયગ્રાહિણી છે. હિંદી ભાષાના પણ તેઓ એક બહુશ્રુત અને બહુદર્શી સુલેખક હતા.

૧૯૩૨ની ૨૫મી સપ્ટેમ્બરે એમની **'षष्टपूर्ति'** (સાઠમી વર્ષગાંઠ) ના શુભ પ્રસંગે એમના શિષ્યો, મિત્રો, પ્રશંસકો અને સહકર્મકર વિદ્વાનોએ મળી એમના સન્માનાર્થે એમને **'गंगानाथ झा स्मृति-ग्रंथ'** અર્પણ કરવા માટે એક સુંદર ઉત્સવની યોજના કરી હતી. ઉક્ત સ્મૃતિગ્રંથમાં ભારતવર્ષના તેમજ ભારત બહારના પચાસથી ઉપર શાસ્ત્રસંપન્ન વિદ્વાનો અને વિશ્રુત સ્કૉલરોએ ખાસ લખી મોકલેલા દર્શનશાસ્ત્ર, ઇતિહાસ, પુરાતત્ત્વ, સંસ્કૃત સાહિત્ય, ઈંડૉલૉજી તથા અરબી અને ફારસી વાઙ્મય વિષે ઉત્તમોત્તમ મૌલિક લેખો અને નિબંધોનો સંચય કરવામાં આવ્યો છે. પાંચસો પાનાનો (અને પંદર રૂપિયાની કિંમતનો) એ સુંદર ગ્રંથ દરેક પ્રાચ્યવિદ્યાપ્રેમી અને ઇતિહાસરસિકે વસાવવા જેવો છે. પૂનાની ઓરીએન્ટલ બુક એજન્સીએ તે પ્રસિદ્ધ કરીને આ જ્ઞાનયોગીનું સાચું વાઙ્મય શ્રાદ્ધ કર્યું છે.

૧૯૩૭માં બનારસની હિંદુ યુનિવર્સિટીએ પણ પંડિતજીની પ્રખર વિદ્વત્તા અને સેવાની કદર કરવા માટે ડિ. લિટ્.ની (ડૉકટરેટની) માનદ પદવી એમને આપી. અનેક એતદ્દેશીય અને પરદેશી વિદ્વત્ સભાઓ અને સારસ્વત સંસ્થાઓએ એમને પોતાના માનદ સદસ્ય બનાવ્યા હતા. બ્રિટિશ ઍકેડેમીનું સભ્યપદ આજ સુધી માત્ર બે જ ભારતપુત્રોને મળી શક્યું છે: એક ડૉકટર સર્વપલ્લી રાધાકૃષ્ણનને અને બીજું આપણા ચરિત્રનાયક શ્રદ્ધેય ગંગાનાથ ઝાને.

જાહેર પ્રવૃત્તિઓ અને રાજદ્વારી જીવનમાં પડવાનું એમને જરાયે ગમતું નહિ. એમને તો શાંતપણે વિદ્યાદેવીની ઉપાસના કરવાનું જ પ્રિય હતું. છતાં 'કાઉન્સિલ ઑવ સ્ટેટ'ના એમને સભ્ય બનાવવામાં આવ્યા હતા. (હિંદનાં બે મહાન ગણાતાં વિદ્વત્સંમેલનો) બીજી ફિલૉસૉફિકલ કૉંગ્રેસ અને ત્રીજી ઓરીએન્ટલ કૉન્ફરન્સના પ્રમુખ તરીકે પણ એમને ચૂંટવામાં આવ્યા હતા. ભારત સમસ્તની સારસ્વત પ્રવૃત્તિઓ (academical activities)માં એમનું પ્રતિનિધિત્વ અનિવાર્ય હતું.

૧૯૩૨થી શ્રદ્ધેય પંડિતજીએ નિવૃત્તિનિવાસ ગ્રહણ કરી પુણ્યક્ષેત્ર શ્રી કાશીમાં રહી શાંતિપૂર્વક જીવન ગાળવાનું શરૂ કર્યું હતું. તથાપિ સરસ્વતીદેવીની સેવાથી તો પોતે તદ્દન વિરક્ત થયા જ નહિ. રાત અને દિવસ કંઈ ને કંઈ લખતા તો ખરા જ. સ્વાધ્યાય અને ગ્રંથપ્રણયનમાં જ એમના જીવનની ક્ષણેક્ષણ ખર્ચાતી.

અશ્રાન્ત શ્રમ અને અધ્યવસાયને પરિણામે માનવી કેવી રીતે સાફલ્યની ટોચે પહોંચી જાય છે એ વાતના ઉજ્જ્વલ દૃષ્ટાંતરૂપ એમનું જીવન છે. સાદગીના તો એ અવતાર હતા. સ્વભાવ એમનો અતિ વિનમ્ર, મૃદુલ અને મધુર હતો. આડંબર અને ક્રોધથી એ પર હતા. પાશ્ચાત્ય શિક્ષણના વાતાવરણમાં રહ્યા છતાં એ કદી પણ ભારતીય સંસ્કારિતાથી વિમુખ નહિ થએલા. અગાધ વિદ્વત્તાથી વિભૂષિત થઇને પણ નિરભિમાન રહી એમણે ઋષિજીવનની મર્યાદાને જીવન્ત બતાવી આપી હતી. તેથી જ વિવિધ સંમાન્ય પદવીઓ અને કીર્તિશાલિની પ્રતિષ્ઠાઓ આપોઆપ એમની સેવામાં આવી પડતી હતી.

૧૯૪૧ના જૂન મહિનામાં ભારત સરકારે એમને નાઇટહુડ આપી ('સર' બનાવી) સન્માન્યા. તે જ વર્ષના નવેમ્બરની નવમી તારીખે એઓ અક્ષરધામવાસી થયા અને ભારતીય મનીષીમંડળીનો એ અમૂલ્ય હીરો લુંટાઇ ગયો.

શ્રદ્ધેય ગંગાનાથજી એક સાંસ્કૃતિક આત્મા હતા. દેશવિદેશના અનેક વિદ્વાનોએ એમની સાથે આત્મીયતા અને સખ્યભાવ જાળવી રાખ્યો હતો. આવી ઉત્કટ વિદ્યાનુરાગિતા સાથે એમના જેવી ઉદાત્ત સરળતા, સાધુતા, અને અભિમાનશૂન્યતાનો સુભગ સંગમ જવલ્લે જ જોવામાં આવે છે.

પ્રસન્નતા અને પરિતોષનો વિષય તો એ છે કે તેઓ પોતાની પાછળ પોતાના જેવા જ સંસ્કારી, વિદ્યાનુરાગી અને મનીષી પુત્ર શ્રી પંડિત અમરનાથ ઝા (અલ્લાહાબાદ યુનિવર્સિટીના સાંપ્રત વાઇસ ચાન્સેલર)ને મૂકી ગયા છે, જેમને જોતાંત જ કવિકુલકુમુદ કલાધર કાલિદાસનું સુવચન 'सत्पुत्र एव कुल सद्मति कोपि दीप:' યાદ આવી જાય છે. એમના વિષે પણ આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ તેમ છીએ કે તેઓ પોતાના જ્ઞાનયોગી પિતાના લૌકિકની રક્ષા કરશે, કેમકે પોતાના પુણ્યશાલી પિતૃદેવના લગભગ બધા જ સદ્ગુણો શ્રીયુત્ અમરનાથ ઝામાં અવતરેલા છે. સમાનગુણધર્મી અને યશસ્વી આ પિતાપુત્રની જોડીનું સ્મરણ કરતાં કવિગુરુ કાલિદાસનો આ શ્લોક હઠાત્ સ્મરણમાં તરી આવે છે:

रूपं तदोजस्वि तदेव वीर्यम् तदेव नैसर्गिकमुन्नतत्त्वम् ।
न कारणात् स्वाद् बिभिदे कुमारः प्रवर्तितो दीप इव प्रदीपात् ॥


—શંકરદેવ વિદ્યાલંકાર

ત્રાવણકોર–દક્ષિણનું કાશ્મીર

દક્ષિણનો કેરળનો પ્રદેશ ત્રણ વિભાગોમાં વહેંચાએલો છે. બ્રિટિશ મલબાર, કોચીન અને ત્રાવણકોર. એ ત્રણે વિભાગ જુદાજુદા ગણાય છે, છતાં ખરે જોતાં ત્રણેની પ્રજા, તેમની ભાષા, રીતરિવાજો, હવામાન અને પ્રકૃતિ એક જ છે.

એમાં પણ કોચીન અને ત્રાવણકોર તો પ્રકૃતિસૌન્દર્યનો એક વિશિષ્ટ પ્રદેશ જ બની રહે છે. ત્રાવણકોરની રાજધાની ત્રિવેન્દ્રમ મદ્રાસથી સીધા રેલ રસ્તે જઇ શકાય છે. શેનકોટાહથી ત્રાવણકોરની હદ શરૂ થાય છે અને ત્યાંથી જ આસપાસના પ્રદેશથી નિરાળું એનું સૃષ્ટિસૌન્દર્ય પ્રત્યક્ષ થાય છે. ઉત્તર હિંદનાં સૌન્દર્યસ્થાનોનો જેટલો મહિમા છે એટલો દક્ષિણ હિંદનાંનો નથી, પરંતુ ખરું જોતાં શેનકોટાહથી શરૂ થતું સૃષ્ટિસૌન્દર્ય અપ્રતિમ છે.

ત્યાંનું નભઃસૌન્દર્ય પણ ઓર છે. ત્યાંના જેટલું સ્વચ્છ આકાશ હિંદુસ્તાનના કોઈ ભાગમાં નથી દેખાતું. વર્ષાનો જો સાચો રાસ જામતો હોય તો તે પણ અહીં જ. મશીનગનોને પણ પોતાની અશક્તિ માટે શરમ ઊપજે એવી ગર્જના સાથે વીજળી જોડે તાળી દેતી વર્ષા અહીં સ્વચ્છંદે ઊતરી પડે છે—દેવોના ઉત્સવની વધામણીથી જાણે પૃથ્વીનું સૌભાગ્ય વધારતી ન હોય!



મદ્રાસથી બીજે રસ્તે પણ ત્રાવણકોર આવી શકાય છે. મદ્રાસથી શોરાનૂર ઊતરી, ત્યાંથી કોચીનની રાજધાની અર્નાકુલમ ટ્રેનમાં પહોંચાય છે. રસ્તામાં આવતું ત્રિચુર પણ એક સૌન્દર્યધામ છે. મલયાલી લોકો તમામ લોકોમાં સ્વચ્છ લેખાય છે, અને તેમાં યે ત્રિચૂર અને ત્યાંની લોકવસતિ તો સ્વચ્છતમ છે. અર્નાકુલમથી સામી બાજુએ બ્રિટિશ કોચીનમાં ઊતરીને સ્ટીમબોટમાં અલેપ્પી જવાય છે અને ત્યાંથી પાછું મછવામાં જ ક્વીલોન પહોંચાય છે. ક્વીલોનથી બસ કે ટ્રેન ગમે તે દ્વારા ત્રિવેન્દ્રમ પહોંચાય છે. એ આખો યે માર્ગ નિસર્ગનો પૂર્ણ કૃપાપાત્ર બની રહ્યો છે અને એનાં દર્શન નયનાભિરામ હોય છે. કાશ્મીરને બાદ કરતાં આવું પ્રકૃતિસૌન્દર્ય હિંદમાં કદાચ અન્યત્ર ક્યાં યે નહિ હોય.

ત્રિવેન્દ્રમ એ ત્રાવણકોરની રાજધાની છે. બીજાં નગરોથી એ જુદું જ છે, કારણ કે સામાન્ય નગરો કરતાં તે સ્વચ્છ છે, સુંદર છે તેમ નીરોગી છે. વળી શહેર અને ગામડાંનો એમાં સુંદર સમાસ છે. શહેરનો અંત આવીને ગામડાનો ક્યાંથી પ્રારંભ થયો એ કહેવું મુશ્કેલ બની જાય છે.

ત્રિવેન્દ્રમની નગરરચના સમથલ નથી, પણ ઊંચાણનીચાણમાં આવેલી છે. શહેરની માફક એના 'પાર્ક'ને પણ આ ઊંચાણનીચાણથી વિશિષ્ટ સૌન્દર્ય પ્રાપ્ત થાય છે, કારણ કે તેનું પ્રમાણ યોજનાપુરઃસર રહેલું છે. ત્યાંના મ્યૂઝિયમમાં જુદીજુદી જાતના સાપોનો જબરો સંગ્રહ કરેલો છે. પદ્મનાભનું મંદિર એ ત્યાંનું મુખ્ય મંદિર છે.

હિંદની ભૂમિના છેડારૂપ કન્યાકુમારીની ભૂશિર(કેપ કોમોરીન) ત્રાવણકોર રાજ્યમાં જ આવેલી છે. સીમલા, મસૂરી કે નૈનીતાલની ટેકરીઓ પર ન અનુભવી શકાય તેવું ગૌરવ ને દર્શનધન્યતા અહીંની શુભ્રતમ રેણુમાં અનુભવી શકાય છે.

(શ્રી સી. એલ. આર શાસ્ત્રીના એક લેખનો સારાંશ) —અ.

વર્ષગણના

કાલગણનાની પ્રવૃત્તિ મનુષ્યે પોતાની પ્રાથમિક દશાથી જ શરૂ કરેલી. સૌ પહેલા એણે પાડેલાં કાલખંડો દિવસ અને રાતના હતા. ત્યાર બાદ હવામાનના ફેરફારોને અનુલક્ષીને જુદીજુદી ઋતુઓના રૂપમાં એણે કાલગણના કરવા માંડી. તે પછી ચંદ્રની ક્ષયવૃદ્ધિએ તેનું લક્ષ ખેંચતાં મહિનાઓની ગણતરી શરૂ થઈ; અને તે પછી બાર ચાન્દ્ર માસની વર્ષગણનાનો પ્રારંભ થયો.

ત્યાર પછી ખગોળના જ્ઞાને વિશેષ વિકાસ સાધતાં સૂર્યગતિ અનુસાર વર્ષગણના શરૂ થઈ. પરંતુ સૌર(સૂર્યના) અને ચાન્દ્ર(ચન્દ્રની ગણત્રી મુજબના) વર્ષ વચ્ચે તફાવત રહેવા લાગ્યો. ૩૫૪ દિવસના ચાન્દ્ર માસ અને ૩૬૫ દિવસના સૌર વર્ષ વચ્ચે કશો મેળ બેસતો નહોતો. વળી સૌર વર્ષ પણ વાસ્તવિક રીતે તો ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ અને ૪૬ સેકંડનું રહેતું હોઇને ૩૬૫ દિવસની જ ગણતરી પ્રમાણે દર ૨૦ વર્ષે ૪ દિવસનો ફેર પડતો.

ઈજિપ્શિયન લોકોએ તો ચાન્દ્ર ગણતરી પડતી જ મૂકેલી; પરંતુ ગ્રીક લોકોએ પોતાના ચાન્દ્ર માસ કાયમ રાખીને સૌર ગણતરીને બંધબેસતા થવા માટે દર આઠ વર્ષે ત્રણ અધિક માસ વર્ષમાં ઉમેરવા માંડ્યા. રોમન લોકોએ ૩૬૬ દિવસની વર્ષગણના કરવા માંડી; પરંતુ એને પરિણામે અવારનવાર એમને વર્ષમાંથી એકાદ દિવસ ઓછો કરી નાખવો પડતો.

આજથી બે હજાર વર્ષ પર જુલિયસ સીઝર સત્તા પર આવ્યો ત્યારે રોમન કૅલેન્ડર ત્રણ મહિના આગળ હતું. નિષ્ણાતોની સલાહ લઇને એણે એ સુધાર્યું, અને વર્ષના ૩૬૫ દિવસ નક્કી કરીને દર ચાર વર્ષે એક દિવસ વર્ષમાં ઉમેરવાની પ્રથા પાડી. પશ્ચિમમાં હવે સર્વત્ર એ જ વર્ષગણના પ્રચલિત છે.

ઑગસ્ટ મહિનાના એ વખતે ૩૦ દિવસ હતા, જ્યારે જુલાઇના ૩૧. ઑગસ્ટસ સીઝરને લાગ્યું કે જુલિયસ સીઝર પરથી નામકરણ પામેલા જુલાઈમાં ૩૧ દિવસ હોય, તો પોતાના નામ પરના ઑગસ્ટ મહિનામાં શા માટે નહિ? એટલે ઑગસ્ટના એણે ૩૧ દિવસ નક્કી કર્યા અને એને બદલે ફેબ્રુઆરીના ૧ દિવસ ઓછો કર્યો. દરેક મહિનાના પ્રથમ દિવસે રોમના કૅપિટોલમાંથી નવા માસની જાહેરાત થતી.

પરંતુ 'જુલિયન કૅલેન્ડર' વડે પણ વર્ષનું ચોક્કસ માપ નહોતું આવી રહેતું. દર ૧૨૮ વર્ષે એક દિવસ એમાં વધી જતો. આને લઇને ઈ. ૧૫૮૨માં પોપ ગ્રેગરી ૧૩માએ વર્ષમાંથી દસ દિવસ કાઢી નાખીને સૌર ગણત્રીને બંધબેસતું વર્ષ બનાવ્યું, અને દર ચારસો વર્ષે 'લીપ ઇયર'નો એક દિવસ ઉડાવી દેવાનો નિર્ણય સંભળાવ્યો. જોકે આમ છતાં વાસ્તવિક વર્ષ કરતાં કૅલેન્ડરની વર્ષગણના ૨૬ સેકંડ આગળ રહે છે; જેનો અર્થ એ થયો કે ૩૩૨૩ વર્ષે કૅલેન્ડરમાંથી એક દિવસ ઉડાવી દેવો પડશે. આ વર્ષગણના આજે યુરોપમાં ચાલે છે અને તે 'ગ્રેગરિયન કૅલેન્ડર'ને નામે ઓળખાય છે.

પોપ ગ્રેગરીના નિર્ણયને સ્વીકારવાને પશ્ચિમનાં પ્રોટેસ્ટંટ રાષ્ટ્રો તૈયાર નહોતાં, પરંતુ ૧૭૫૨માં બધા એ કૅલેન્ડર સાથે સંમત થયાં. જોકે પાર્લમેન્ટે એક ધારો પસાર કરીને સપ્ટેમ્બરની ૨ જી તારીખને સપ્ટેમ્બરની ૧૪ મી જાહેર કરી ત્યારે પ્રજા ખૂબ અસ્વસ્થ બની ગએલી અને 'અમને અમારા અગિયાર દિવસ પાછા આપો' એવો પોકાર કરવા માંડેલી!

લગભગ ઇ. ૬૦૦માં સઘળાં ખ્રિસ્તી રાજ્યોએ ઇસુના જન્મવર્ષથી સંવતગણના કરવાનું શરૂ કર્યું. મુસલમાનો, મહમ્મદ પેગંબરે મક્કાથી મદિના કરેલી હિજરતના સમયથી પોતાનો સંવત ગણે છે, જ્યારે યહૂદી લોકો ઈ. પૂ. ૩૭૬૦થી પોતાનો સંવત ગણે છે. એમના કહેવા પ્રમાણે સૃષ્ટિની ઉત્પત્તિથી એ સંવત ચાલે છે. વળી એમનો દિવસ પણ મધરાતથી નહિ, પણ સૂર્યાસ્તથી શરૂ થતો ગણાય છે. –'પ્રકર્ષ'

કડું અને કરિયાતું

'કડવાણી પાયા વગર આ તાવ નહિ જાય.' ડોશીમાએ દર્દીના પેટ ઉપર હાથ ફેરવતાં કહ્યું. વાત સાચી હતી. દરરોજ થોડો તાવ

આવી જતો હતો. શરીર પીળું થઈ ગયું હતું. એવી માન્યતા છે કે પીળાશ પિત્તથી આવે; અને પિત્ત કડવાણી લેવાથી જ મટે. એ માન્યતા ખોટી પણ નથી. પરંતુ એ કડવાણીના ભેદ સમજવા જેવા છે.

કડવાણી એટલે સામાન્ય રીતે કડુ–કરિયાતું ગણાય છે ઘણા ભૂલથી કડુ અને કરિયાતું એ બંનેને એક ગણે છે અને કડુ–કરિયાતું બોલે છે. પરંતુ કડુ અને કરિયાતું બંને જુદી જ વસ્તુઓ છે અને બંનેના ગુણ જુદાજુદા છે.

કડુ પિત્તનો રેચ લગાડે છે; પેટ સાફ લાવે છે; પિત્તાશયમાંથી પિત્ત બહાર ધકેલે છે. તેથી લિવર (કલેજા)ના રોગમાં તે વપરાય છે. પિત્તસારક હોવાથી તે તાવની ગરમી ઓછી કરે છે. વૈદ્યો કડુને શેકીને 'ભર્જિત' નામથી વાપરે છે.

કરિયાતું પિત્તશામક અને શક્તિપ્રદ છે. તાવ પછીની નબળાઇમાં કરિયાતું બહુ સારું કામ આપે છે. લિવરને તે શક્તિ આપતું હોવાથી પિત્તની મોસમમાં તાવ આવવા દેતું નથી. ખોટી ગરમી ઓછી કરે છે.

બંનેના આવા જુદાજુદા ઉપયોગી ગુણને લીધે બંનેનો સાથે કરેલો ઉકાળો તાવમાં ખૂબ ગુણકારી નીવડે છે

કરિયાતાનો અર્ક પરદેશથી મોટા જથ્થામાં અહીં આવે છે. આપણે ત્યાં આ બંને વનસ્પતિઓ ઊભે વગડે થાય છે, પરંતુ ફક્ત રૂપાળી બનાવટના જ પૈસા આપણે ખરચતા હોઇએ છીએ. કોઇને શંકા રહેતી હોય તો મેડિકલ સ્ટોરમાં જઇને ટિંચર જેન્શયન અથવા ઍક્સ્ટ્રૅક્ટ જેન્શયનના ભાવ પૂછી આવજો! —(દાંડિયો)

કીડીનો વેપાર

સાંભળીને તમને આશ્ચર્ય થશે કે કેટલીક જગ્યાએ કીડીઓના પણ વેપાર થાય છે

પ્રથમ દૃષ્ટિએ જોતાં તો કીડીઓ મનુષ્યના કશા જ ખપમાં આવી શકતી લાગતી નથી, પરંતુ આપણે એ હકીકત ભૂલી જઇએ છીએ, કે કુદરતે કોઈ પણ ચીજ નિરૂપયોગી બનાવી નથી. અને માનવી પણ બુદ્ધિ વડે કુદરતના એકેએક સર્જનનો ઉપયોગ કરી શકે છે. કૅલીફૉર્નિયા (અમેરિકા)માં એક પ્રકારના કીડા થાય છે, જે વૃક્ષોનાં ફળો તથા પાંદડાંઓનું સત્યાનાશ વાળી નાખે છે. પણ કીડીઓ આ કીડાઓની કટ્ટર દુશ્મન માલૂમ પડી છે. એટલે કૅલીફૉર્નિયાના બાગબાનો આ કીડીઓને ખરીદી, તેમને પોતાના વૃક્ષો ઉપર મૂકી દે છે અને એ રીતે પેલા કીડાઓથી પોતાનાં કિંમતી વૃક્ષોને રક્ષે છે

અમેરિકાના ટેક્સાસ પરગણાનો એક શખ્સ કીડીઓના આ વેપારથી માલદાર થઈ ગયો છે. આ શખ્સ દર વર્ષે વિપુલ પ્રમાણમાં કીડીઓ કૅલિફૉર્નિયા મોકલે છે અને મોટો નફો કરે છે.

કીડીઓ મોકલવાની પદ્ધતિ પણ ખૂબ વિચિત્ર છે. વાદળીના મોટામોટા ટુકડા લઇ તેને મધ અથવા ખાંડની ચાસણી વડે તરબોળ કરી જ્યાં કીડીઓ મોટા પ્રમાણમાં હોય છે ત્યાં મૂકી દેવામાં આવે છે. એ ગળપણ ખાવા માટે કીડીઓ વાદળી પર આવે છે, અને પુષ્કળ ગળપણ જોતાં ત્યાં જ રહી વાદળીનાં કાણાંમાં જ ઇંડાં મૂકવા લાગે છે. મિઠાશ પૂરી થઇ ગયા બાદ એ કીડીઓ તો ઇંડાં છોડી ખોરાકની શોધમાં ચાલી નીકળે છે; પણ પાછળ રહેલાં ઇંડાંવાળી વાદળીઓને વધુ મધ લગાડી પેટીઓમાં બંધ કરી દેવામાં આવે છે, અને વહાણોમાં એ પેટીઓને ચડાવી દેવાય છે. નિયુક્ત સ્થળે પહોંચતાંપહોંચતાં ઇંડાંઓમાંથી બચ્ચાં નીકળી આવે છે, જેને લોકો ખરીદી લે છે.

(રૂડું રૂપરથી) —ઇ. સ. દ.

ફોટોગ્રાફી

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલાં બે ઇનામ મોકૂફ: ત્રીજું ઇનામ: 'બંદરમાં આરામ'–ડી.બી. ખોના (કોચીન). નોંધપાત્ર: (૧) 'વહાણનો આધાર'–ડી.બી. ખોના (કોચીન); (૨) 'મફત વાચનાલય'–એચ. લાલ (સુરત); (૩) નામ વિનાનું–ધીરજબહેન હી. કોટક (કચ્છ કોટડી).

ચિત્રોની જૂજ સંખ્યા અને સારી પંક્તિના નમૂનાનો અભાવ દિવસે દિવસે વખતને અનુસરીને વધારે જણાય છે. જે નમૂના આવ્યા છે તેમાંથી દરિયાકિનારા આગળનાં ભાઇ ડી બી. ખોનાનાં ચિત્રો કંઈક સારા દેખાય છે, અને 'બંદરમાં આરામ'નું એમનું ચિત્ર ત્રીજું ઇનામ લઈ જાય છે. વહાણના સઢ વીંટાળી દેવામાં આવેલા છે તેમજ પાણીની સપાટી પણ શાંત સ્થિર દેખાય છે, તે ઉપરથી ચિત્રનો હેતુ સમજાઈ આવે છે. વહાણના જથ્થાનું મિશ્રણ થઈ જાય છે તે જો જરા છુટાં હોત તો મુખ્ય વસ્તુ બહાર તરી આવત અને સંયોજના વધારે અનુકૂળ બનત. ફોકસિંગની ખામીને લીધે ચિત્રમાં તીવ્રતા જોઇએ તેવી નથી. ઈંગ્લંડના જાણીતા ફોટોગ્રાફર મી. એફ. જે. મૉર્ટિમરે દરિયાના દેખાવોનાં ચિત્રોમાં દુનિયાભરમાં પ્રશંસા મેળવી છે. તે ચિત્રો કોઈપણ ફોટોગ્રાફિક વાર્ષિક અંકમાંથી જોવાથી ઘણું શીખવાનું અને જાણવાનું મળશે. ભાઇ ખોનાનું બીજું ચિત્ર 'વહાણનો આધાર' જે નોંધપાત્ર ઠરે છે તે નવીન કોણ દેખાડે છે. આ ચિત્રમાં ડાબી બાજુથી ત્રણ ઇંચ કાપી નાખવામાં આવે તો ચિત્રની સંયોજના સુધારી શકાય. આવા ચિત્રમાં પાત્રો અને તેમની ક્રિયાની જરૂર જણાઇ આવે છે. દૂરની ક્ષિતિજરેખા આંખને ખૂંચે છે, જે ડિફરેન્શયલ ફોકસિંગથી દૂર થઈ શકે. અથવા આવાં ચિત્રોમાં ફિલ્ટર ન વાપરવામાં આવે તો દૂરની વાતાવરણની છાયા વધારે સારી લાવી શકાય અને તેના લીધે સન્મુખ પડેલી વસ્તુ વધારે ઉઠાવમાં આવે. ભાઈ એચ. લાલના 'મફત વાચનાલય'નો વિષય સારો છે પણ જે જગ્યા ઉપરથી ચિત્ર લેવાયું છે તેની પસંદગી બરોબર નથી. નીચા કૅમેરા ઍન્ગલથી અને વધારે નજીકથી ચિત્ર લેવાએલું હોઇ ખોટો પર્સ્પૅક્ટિવ દેખાડે છે. મુખ્ય વસ્તુની રેખા અસ્પષ્ટ જણાય છે તે ફોકસિંગની ખામી સૂચવે છે. એને ઊંચા દૃષ્ટિકોણથી લઈ સંયોજના સુધારી શકાય. ધીરજબહેન ચિત્રને નામ આપવાનું જ ભૂલી ગયાં છે, જે હરીફાઇના નિયમ વિરુદ્ધ છે. પરોઢિયામાં અથવા સૂર્યાસ્ત વખતે જ આવા દેખાવો ઝડપી શકાય. જમણી બાજુથી ¾ ઇંચ, ડાબી બાજુથી ¾, ઉપરથી ½ અને નીચેથી ¾ ઇંચ ટ્રિમ કરી મોટું ચિત્ર બનાવવામાં આવે તો સુંદર ચિત્ર બની રહે.

હરીફાઇ અને પ્રદર્શન માટે રજૂ કરવામાં આવતાં ચિત્રોના ગુણદોષ ખાસ જોવામાં આવે છે. તેમાં કરવામાં આવતાં વિવેચનો ધ્યાનમાં રાખી તે અનુસાર એક સંપૂર્ણ ચિત્ર બનાવવા તમારા ચિત્રની સંયોજના માટે વધારે વખતનું રોકાણ કરો. તમે શા કારણસર અમુક ચિત્ર પાડવા માગો છો તેનો પૂરતો ખ્યાલ કરી તમારામાં કંઈક નવીનતા હોય તે દેખાડવાનો યત્ન કરી ચાંપ દબાવો તો તમે જરૂર સફળતા મેળવશો. હાલના બારીક સમયમાં ફિલ્મનો બચાવ કરવામાં પણ આ વાત લક્ષમાં રાખવા જેવી છે.

બી. બી. ફનીબંદા

આ માસ ઈતિહાસમાં

જાન્યુઆરી

તા. ૧ વિક્ટોરિયાને હિંદની મહારાણી જાહેર કરતો દિલ્હીનો ઢંઢેરો, ૧૮૭૭.

તા. ૩ હિંદના એક અગ્રણી મુસ્લિમ રાજનીતિજ્ઞ સર અકબર હૈદરીનું અવસાન, ૧૯૪૨. હૈદરાબાદ (દક્ખણ)ના એ દીવાન હતા અને છેલ્લાં વર્ષોમાં શ્રી અરવિંદની ફિલસૂફી પ્રત્યે એમનું વલણ થયું હતું.

તા. ૭ હિંદના ઇતિહાસમાં એક અગત્યનો તબક્કો નક્કી કરતું પાણીપતનું ત્રીજું યુદ્ધ, જેમાં અહમદશાહ અબ્દલ્લી દુરાની સામે મરાઠાઓએ સજ્જડ હાર ખાધી, ૧૭૬૧.

તા. ૯ અંગ્રેજી સાહિત્યમાં વિશિષ્ટ પ્રકારની ટૂંકી વાર્તાઓ લખીને નામના કાઢનાર અત્યંત સંવેદનશીલ લેખિકા કૅથૅરીન મૅન્સફીલ્ડનું અવસાન, ૧૯૨૯. (જન્મ: ઑક્ટો. ૧૪, ૧૮૮૮) જાણીતા અંગ્રેજ વિવેચક ને તત્ત્વચિંતક જૉન મિડલટન મરીની તે પત્ની.

તા. ૧૨ મદ્રાસના પીઢ અને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય દૈનિક પત્ર 'હિંદુ'ના શક્તિશાળી તંત્રી એસ. કસ્તુરીરંગા આયરનું અવસાન, ૧૯૨૩.

તા. ૧૪ વડોદરાના રેસીડેન્ટ કર્નલ ફેર અને પોલિટિકલ એજન્ટને ઝેર આપવાના આરોપસર વડોદરાના ગાયકવાડ મલ્હારરાવની ધરપકડ, ૧૮૭૪.

તા. ૨૦ બાબરે ચંદેરી પર હલ્લો કરી તેને કબજે કર્યું, ૧૫૨૮.

તા. ૨૪ કલકત્તા વિદ્યાપીઠ સ્થપાઈ, ૧૮૫૭.

તા. ૨૮ ઍડૉલ્ફ હિટલર પ્રકાશમાં આવીને જર્મનીનો ચાન્સેલર થયો, ૧૯૩૩.

આ માસનો પ્રસંગવિશેષ

દક્ષિણ હિંદમાં બે સૈકાની ઉત્કૃષ્ટ જાહોજલાલી ભોગવનાર અને ભારતના ઇતિહાસગ્રંથનું એક સુવર્ણપૃષ્ઠ બની રહેનાર વિજયનગરના સમૃદ્ધ હિંદુ મહારાજ્ય (ઈ.૧૩૩૬થી ૧૫૬૫)નો આ માસમાં ધ્વંસ થયો. સવા બસો વર્ષ સુધી મુસલમાનો સામે ટક્કર ઝીલીને દક્ષિણ હિંદમાં છેક રામેશ્વર સુધી પોતાની સરહદ ફેલાવનાર અને સત્તા તથા સમૃદ્ધિની ટોચે પહોંચનાર એ રાજ્યે, સામ્રાજ્યના મદમાં પોતાના બધા પડોશીઓ જોડે તોછડાઈ રાખવાથી શત્રુઓ છેવટે એક થયા અને ઈ. ૧૫૬૫ના જાન્યુઆરીની ૨૩મી તારીખે તાલીકોટ પાસે લડાએલા ઇતિહાસપ્રસિદ્ધ યુદ્ધમાં અહમદનગર, બીજાપુર, ગોલકોંડા આદિ પાંચ મુસલમાન રાજ્યોના એકત્ર બળ સામે તેણે એવી હાર ખાધી કે એ આખા સામ્રાજ્યનો ધ્વંસ થઈ ગયો.




આ માસની વ્યક્તિવિશેષ

કવિ (લૉર્ડ) બાયરન

કલ્પના અને પ્રસાદથી ભરપૂર પોતાની રંગદર્શી કવિતાઓથી ઇંગ્લંડ કરતાં યે યુરોપના દેશોમાં વધારે ખ્યાત થનાર ઇંગ્લંડનો આ પ્રતિભાશાળી કવિ, જ્યૉર્જ ગૉર્ડન બાયરન, ૧૭૮૮ના જાન્યુઆરીની ૨૨મીએ જન્મ્યો હતો. પિતાથી લડીને જુદી થએલી કર્કશ ને ઉગ્ર સ્વભાવની માતાના હાથ નીચે તેનું બાળપણ બહુ દુઃખમાં વીત્યું; અને એક પગે નાનપણમાં આવેલી ખોડ તેના આ દુઃખમાં વધારો કરતી. ૧૮૦૮માં ૨૦ વરસની ઉંમરે તેને કાકાના મૃત્યુથી ઉમરાવગીરીનો વારસો મળ્યો તે પહેલાં તેણે હૅરો અને કૅમ્બ્રિજમાં ઉચ્ચ શિક્ષણ લીધેલું, સાહિત્યનો સંપર્ક પામેલો ને ૧૮૦૭માં 'અવર્સ ઑવ આઈડલનેસ' નામથી પોતાનો પહેલો કાવ્યસંગ્રહ પ્રકટ કરેલો. ઉમરાવપદે આવ્યા પછી ૧૮૦૯ થી ૧૮૧૧ સુધી તેણે યુરોપ અને એશિયામાઇનોરમાં સફરો કરી. તેને પરિણામે તેનું પ્રખ્યાત 'ચાઈલ્ડ હૅરૉલ્ડની યાત્રા' નામનું કાવ્ય જન્મ્યું (૧૮૧૨), જે એની કીર્તિદા બન્યું અને એક વરસમાં તેની સાત આવૃત્તિ ખપી ગઈ એ ઘણેભાગે આત્મકથન રૂપ છે. ચારિત્ર્યદોષના લોકાપવાદના માર્યા ફરી એણે ૧૮૧૬માં ઇંગ્લંડ છોડયું અને યુરોપખંડ ઉપર ઘૂમ્યો, જેમાં મોટો ભાગ તેણે કવિ શેલી જોડે સ્વિટ્ઝર્લૅંડમાં ગાળ્યો. ઈટાલીમાં ચાર વર્ષ ગાળ્યા બાદ ત્યાં તેનું છેલ્લું અને સૌથી શ્રેષ્ઠ કાવ્ય 'ડૉન જુઆન' લખાયું જે દુર્ભાગ્યે અધૂરું રહ્યું. ઉપરાંત 'શિલૉન દુર્ગનો કેદી', 'હિબ્રુ મેલડીઝ' વગેરે ખ્યાત કૃતિઓ પણ રચાઈ. એવામાં ૧૮૨૩માં ગ્રીક પ્રજાએ સ્વાતંત્ર્યયુદ્ધ માંડયું તેમાં તે જોડાયો અને ૧૮૨૪ના એપ્રિલની ૧૯મીએ ત્યાં મિસૉલૉન્ઘી ખાતે તાવથી મરણ પામ્યો. કાવ્યો ઉપરાંત તેણે આઠ નાટકો પણ લખ્યાં છે. દેખાવે નમણો, ફૂટડો, મજબૂત બાંધાનો ને પગે ખોડ છતાં એ કુસ્તીબાજ ને તરવૈયો હતો. અંગ્રેજી સાહિત્યમાં અગત્યનો આંક મૂકી જનાર એ રંગદર્શી કવિનાં કાવ્યોના, યુરોપની દસદસ ભાષાઓમાં અનુવાદ થયા છે.

કસોટીના ઉત્તરો

(૧) રવિવાર (૨) પહેલાં ૪ શેર તોળવી. પછી તેને અરધી કરી નાખીને બશેર કાઢી લેવી. બાકીની બશેરને પણ અરધી કરીને બીજી ૧ શેર તારવી લેવી; ને બાકી વધેલી શેરને અરધે ભાગે તોળી ૦॥ શેર કાઢી લેવી એટલે ૩॥ શેર તમારી પાસે આવી ગઈ.



(૩) કોઈ પણ ચોરસના ચાર ખૂણામાંથી એક કાપી નાખો તો પાંચ ખૂણા રહે. (૪) ૨૮મે દહાડે. રોજના એક ફૂટને હિસાબે ૨૭મે દહાડે તે ૨૭ ફૂટ તો ચડી જ હશે, ને ૨૮મે દહાડે ત્રણ ફૂટ ચડવાથી તે તદ્દન બહાર આવી જશે. (૫) એ. ઓ. હ્યૂમ (૬) ત્રણ ફૂટ. (૭) રામરામ કરો, મહેરબાન! તમે ટ્રેન ચૂકી ગયા. પહેલો માઇલ કાપવામાં જ બધો વખત વીતી ચૂક્યો.

વિકસતું વિજ્ઞાન

અમેરિકામાં હવે 'ઍર-કન્ડીશન્ડ' બિસ્તરા શોધાયા છે જે ઠંડીની ઋતુમાં ગરમ અને ગરમીની ઋતુમાં ઠંડા રહી શકે છે. આ બિસ્તરાને એક છેડે એક 'ડાયલ' ગોઠવવામાં આવેલું હોય છે, જેને ફેરવવાથી જરૂર મુજબ બિછાનામાં શરદી અથવા ગરમી ઉત્પન્ન થઇ શકે છે.

એક વૈજ્ઞાનિકે હાલમાં જ એક એવા યંત્રની શોધ કરી છે, જેને દૂરબીન જોડે સાંકળી દેવાથી તેની દૂરદર્શક શક્તિમાં એક લાખ ગણો વધારો થઈ જવા પામે છે. દાખલા તરીકે જો કોઇ દૂરબીન સાથે આ યંત્ર જોડી દઇ, સામાન્ય પ્રકારના ફૂટ-બૉલને જોવામાં આવે તો તેનો વ્યાસ સાડા ચાર માઇલ જેટલો દૃષ્ટિગોચર થાય! —ઇ. સ. દ.

આપ બળે એકલ ખૂણે ધૂપ બધે પસરંત
જગમાં એવાં જનમિયાં અગરબત્તી ને સંત

— તનસુખ ભટ્ટ

અમદાવાદમાં ગુજરાત સભાને પુનર્જિવિત કરવાની યોજના ચર્ચાતી હતી. તેમાં ગાંધીજીને મંત્રી અને સર ચીનુભાઇને પ્રમુખ નીમવાની વાત આવતાં કોઇકે કહ્યું: 'સર ચીનુભાઈ ગાંધીજીના ઉપરી થવા યોગ્ય છે?'

ગાંધીજીએ બોલનારને તરત જ રોક્યા: 'તમે મારૂં અપમાન કરો છો. તમે શું એમ કહેવા માગો છો કે હું સર ચીનુભાઇના તાબામાં રહી કામ ન કરી શકું?'

અનેકાર્થી શબ્દ: **રાગ**=(૧) ગાવાની રીત; (૨) અવાજ કે સૂર; (૩) મોહ, મમતા કે આસક્તિ; (૪) પરસ્પરના મેળ બનત; (૫) ક્રોધ અથવા ગુસ્સો; (૬) લાલ રંગ.

કહેવતોનાં મૂળ: 'સસ્સેકા તીન પાંઉ'—કોઈ વાત જાણતા છતાં તે બાબતમાં ફરી બેસીને મૂળમાંથી નામુક્કર જવા માટે વપરાતી આ કહેવત વિષે વાત છે કે બે શિકારીઓએ એક સસલાનો શિકાર કર્યો અને તેમાંનો એક પાસેના વહેળામાં નહાવા ગયો. તે દરમ્યાન, બીજો બહુ ભૂખ્યો થયો હશે તે સસલાનો એક પગ કાપીને ખાઈ ગયો. પેલાએ પાછા આવીને સસલાના ત્રણ જ પગ જોઈ તે વિષે પૂછતાં પહેલાએ જવાબ આપ્યો કે 'યે સસ્સે કો તીન જ પાંઉ થે; ચોથા પાંઉ હી નહિ થા!'

ગણિતગમ્મત

તમારા મિત્રને કોઇ પણ રકમ ધારવાનું કહો. પછી તેના આંકડાનો સરવાળો કરાવો, તે જ્યાં સુધી એક અંક આવે ત્યાં સુધી. એ એકાંકી સરવાળો મૂળ રકમમાંથી બાદ કરાવો. હવે જે બાદબાકી આવે તેનો કોઇ પણ એક આંકડો છુપાવી રાખવાનું કહો, અને બાકીના આંકડાઓનો એકાંકી સરવાળો તેને પૂછી જુઓ. એ જે આંકડો કહે તે આંકડા પછીના આંકડાને તમે હવે તમારા મનમાં નવ વડે ગુણી લો. તેમ કરતાં જે રકમ આવશે તેમાં એક આંકડો તો તમને કહેલો આંકડો હશે. તે પડતો મૂકી બાકીનો આંકડો તે તમારા મિત્રે છુપાવી રાખેલો આંકડો!

આ અંકના માધુકરી વિભાગમાં જેમનું ચરિત્ર આપ્યું છે તે ડૉ. સર ગંગાનાથ ઝાની અટકનો શબ્દ 'ઝા' તે મૂળ 'ઉપાધ્યાય' પરથી આવેલો છે. 'ઉપાધ્યાય' પરથી થયો ઉપાઝ્ઝા, તે પરથી થયો 'ઓઝા' અને છેવટે થયો 'ઝા'.

એક કલાકમાં!

એક કલાકમાં તો જગતમાં કેટકેટલી અજબ વસ્તુઓ બની જાય છે તે જાણો છો?

દર કલાકે જગતમાં ૫,૪૪૦ માણસો જન્મે છે ને ૪,૬૩૦ મરે છે. (અલબત્ત, લડાઇના વખત સિવાય!)

ખાંડની ઉત્પન્ન દર કલાકે ૯૯,૬૦૦ ટન થાય છે એવી ઇંગ્લંડમાં ગણત્રી નીકળી છે; ને ૮૫ લાખ રતલ માંસ, પાંચ કરોડ રતલ બટાટા, ૨૫ લાખ ઈંડાં ને સાત કરોડ રતલ રોટી દર કલાકે આ દુનિયામાં ખોરાક તરીકે વપરાય છે.

દર કલાકે ટપાલમાં પસાર થતા કાગળો વગેરેની સંખ્યા એક અબજ ને ચાર કરોડની થવા જાય છે અને તેના પર સાડા સાત કરોડ રૂપિયાની ટિકિટો ચોડેલી હોય છે!

જગતમાં નીકળતાં વર્તમાનપત્રોની દર કલાકે છપાતી સંખ્યા સાઠલાખની થવા જાય છે.

ગીતાનું ભાષાન્તર

ફૈઝીએ-ફારસીમાં કર્યું છે
અબુસુલેહે-અરબીમાં
સ્લેગને લેટિનમાં
ડીમિટ્રિયસે-ગ્રીકમાં
બર્નુફે-ફ્રેન્ચમાં
લૉરિંજરે-જર્મનમાં
સ્તાનીસલસગેરિએ-ઈટાલીમાં
ડેવિસે-અંગ્રેજીમાં (મ. જોષી)

આર્ય ધર્મના મહાન પ્રચારક આદ્ય શંકરાચાર્ય જાતે દ્રવિડ હતા!

આપણા જૂના વૈદકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના ગ્રંથોમાં તમાકુનું નામ મળતું નથી. એ અમેરિકાથી ઇંગ્લંડ ગઈ; પણ ચાહીં?



મૅનેજર: કેમ બાબુ, હમણાં તમને હજામત કરવાનો વખત નથી મળતો?

બાબુ: સાહેબ, મેં હમણાં દાઢી વધારવા માંડી છે.

મૅનેજર: દાઢી વધારવી હોય તો તે કામ તમારે ઘેર કરવું; ઑફિસનો વખત બગાડવાનો નથી!

જાપાની ભાષામાં 'લ' ઉચ્ચારનો કોઈ અક્ષર જ નથી; અને બર્મી ભાષામાં 'ર' ઉચ્ચારનો કોઇ અક્ષર નથી. એટલે 'રાવળ'ને જાપાનીઓ 'રાવર' કહે અને બર્મી લોકો 'લાવલ' કહે!

દસ હજારની કિંમતની પોલાદી લાટમાંથી ૩૦ હજાર રૂપિયાની કિંમતની ઘડિયાળની કમાનો તૈયાર થાય છે.

અમેરિકામાં ભવિષ્યભાખીને રળી ખાનારાની સંખ્યા પાંચ લાખની છે હિંદમાં?

યુદ્ધ શરૂ થયું ત્યાર પછીના તરતના ચાર જ મહિનામાં હિંદુસ્તાનમાં ૧૩,૧૧,૦૦૦ નકશાનું વેચાણ થએલું.

પોતાની બહાર પડતી આંખોને લઇને જિરાફ એકી સાથે ચારે દિશાઓમાં જોઇ શકે છે.





ડાબી બાજુ: આકૃતિ અ
ઉપર: આકૃતિ બ

બાર ઇંચ લાંબા ને છ ઇંચ પહોળા એક ના ઇંચ જાડા પાટિયાના કટકામાંથી, લગભગ છ ફૂટ લાંબા તારની મદદ વડે, સાબૂ વગેરે રાખવાની જાળીવાળા નાના અલમારી બનાવી શકાશે. આ સામેની આકૃતિ અ માં પાટિયમાંથી કેવા માપના ને કેવા આકારના ટુકડા કાપવા તે દર્શાવ્યું છે, ને આકૃતિ બ માં દર્શાવેલો તૈયાર નમૂનો જોતાં, એ કટકાને તારની મદદ વડે કેમ ઉપયોગમાં લઇને આખો અલમારી થાય તે કલ્પી શકાશે. પાટિયાંના સાંધા જોડવા માટે એક ઇંચ લાંબા છ સ્ક્રૂની જરૂર પડશે. (પુ પ્રા. સંપત્તી)